ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર

'ગુજરાત ટુડે'

દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily)

AHMEDABAD ••• SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૦ |
| પાઉન્ડ | ૧૧૦.૨૬ |
| યુરો | ૯૨.૮૮ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૩,૭૫૦ |
| ચાંદી (૧ કિલો) | ૯૧,૦૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૩૬ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### 'બુલડોઝર જસ્ટિસ' કાર્યવાહી પર ભડકી ઉઠી સુપ્રીમ કોર્ટ

# જો વ્યક્તિ દોષિત ઠરે તો પણ ડિમોલિશન થવું જોઈએ નહીં

## સર્વોચ્ચ અદાલતે પ્રશ્ન કર્યો હતો કે કોઈ વ્યક્તિને આરોપી અથવા દોષિત ઠેરવવામાં આવે છે તેના કારણે તેના ઘરને કેવી રીતે તોડી શકાય ?

(એજન્સી) તા.૨

સુપ્રીમ કોર્ટે વિવિધ કેસોમાં આરોપીઓ સામે બુલડોઝરની કાર્યવાહીને પડકારતી અરજી પર સુનાવણી કરતી વખતે અવલોકન કર્યું હતું કે કોઈપણ વ્યક્તિ દોષિત ઠરે તો પણ તેનું ઘર તોડી શકાય નહીં. ન્યાયાધીશ બીઆર ગવઈએ આ અરજીની સુનાવણી કરતી વખતે ટિપ્પણી કરી હતી કે, માત્ર તે આરોપી હોવાને કારણે મકાન કેવી રીતે તોડી શકાય? જો તે દોષિત હોય તો પણ મકાન તોડી શકાય નહીં. અમારી સૂચના છતાં અમને વલણમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી.

ઉલ્લેખનીય છે કે મુસ્લિમ વિદ્વાનોની સંસ્થા, જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા આ અરજી દાખલ કરવામાં આવી છે. જસ્ટિસ કે.વી. વિશ્વનાથને ઉલ્લેખ કર્યો છે કે કોઈએ પણ કોઈ ખામીઓનો લાભ ન લેવો જોઈએ, કોઈ પિતાનો અવિચારી પુત્ર હોઈ શકે છે, પરંતુ તેના પુત્ર માટે તેઓનું ઘર તોડી પાડવામાં આવે તો એ યોગ્ય માર્ગ નથી. કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી કે જ્યારે કાયદાનું ઉલ્લંઘન થાય છે ત્યારે જ મકાનો તોડી પાડવામાં આવે છે. મ્યુનિસિપલ કાયદાનું ઉલ્લંઘન થાય તો જ અમે કાર્યવાહી કરીએ છીએ. તેના જવાબમાં, બેન્ચે નોંધ્યું હતું કે, પરંતુ આ ફરિયાદોને જોતા, અમને લાગે છે કે ત્યાં કોઈ ઉલ્લંઘન થયું નથી. જસ્ટિસ ગવઈએ કહ્યું કે, જો બાંધકામ અનધિકૃત છે, તો "કાયદા અનુસાર" તોડી પાડવું જોઈએ. જસ્ટિસ વિશ્વનાથને રાજ્યભરમાં લાગુ કરવા માટે અનધિકૃત ઈમારતોને તોડી પાડવા માટેની માર્ગદર્શિકાની જરૂરિયાત અંગે પણ વાત કરી હતી. જસ્ટિસ ગવઈએ કહ્યું કે સૂચનો આવશે પછી અમે સમગ્ર ભારત માટે આ ધોરણ માર્ગદર્શિકા જારી કરીશું. સ્થાવર મિલકતોને માત્ર પ્રક્રિયાના આધારે તોડી શકાય છે. અમે અખંડ ભારતના ધોરણે અમુક દિશાનિર્દેશોની દરખાસ્ત કરીએ છીએ જેથી આવા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ અંગેની ચિંતાઓનું સમાધાન થઈ શકે. સુપ્રીમ કોર્ટ ૧૭ સપ્ટેમ્બરે આ કેસમાં સુનાવણી કરશે. ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ વ્યક્તિઓ સાથે કથિત રીતે જોડાયેલી મિલકતોને તોડી પાડવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવાની પ્રથાને લગતા અનેક કેસો ઉપર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરી રહી છે. આ અન્યાયી ક્રિયાને "બુલડોઝર ન્યાય" તરીકે ઓળખવામાં આવે છે, તે નોંધપાત્ર રીતે વિવાદ અને કાનૂની પડકારોનો વિષય રહ્યો છે.

**સુપ્રીમ કોર્ટ હવે ૧૭ સપ્ટેમ્બરે ફરીથી આ બાબત સુનાવણી કરશે, આ મુદ્દાને હલ કરવા માટે સૂચનો મંગાવ્યા**



**કેન્દ્ર સરકાર : માત્ર એટલા માટે કે આરોપી ફોજદારી ગુનામાં સંડોવાયેલો હોય તે આધારે કોઈ સ્થાવર મિલકત તોડી શકાતી નથી, જો માળખું ગેરકાયદેસર હોય તો જ તે તોડી શકાય છે**

**સર્વોચ્ચ અદાલત : જો તમે આ સ્વીકારો છો, તો અમે આના આધારે માર્ગદર્શિકા જારી કરીશું. તે એક આરોપી અથવા તો દોષિત હોવાને કારણે તોડી પાડવા કેવી રીતે હોઈ શકે," જસ્ટિસ ગવઈએ કહ્યું**

**સુપ્રીમના નિરીક્ષણને આવકાર આપતાં જમિયતે ઉલમાના પ્રમુખ મૌલાના અરશદ મદની**

### તા.૨૪ ઓગસ્ટ ૨૦૨૪ શનિવાર

**ન્યુઝ GT પોઈન્ટ**

આજે લોકોમાં અને ખાસ કરીને લઘુમતી સમાજમાં ખૂબ જ અસંતોષ અને ડરની લાગણી ઊભી થઈ છે. શું સરકાર અને સુપ્રીમ કોર્ટ એમ કહે છે કે, મુસ્લિમ આરોપી હોય તો આખા કુટુંબને તેની સજા આપવી અને એ પણ કોર્ટમાં કેસ ચાલે, સાક્ષીઓની જુબાની લેવાય અને કેસ પુરવાર થાય એ પહેલાં બનાવના ૨-૪ દિવસમાં જ આરોપીનું મકાન તોડી પાડવું ! જો કે, સુપ્રીમ કોર્ટમાં 'બુલડોઝર' અન્યાયની અરજીઓ/અપીલો પેન્ડિંગ છે પરંતુ નોટબંધીની જેમ ૮ વર્ષે 'બુલડોઝર' અન્યાયવાળી અપીલો સાંભળે તો શું ફાયદો ? ત્યાં સુધી કેટલાય નિર્દોષ અને ખાસ કરીને મુસ્લિમ સમાજના આરોપીના આખા કુટુંબ બરબાદ થઈ જશે ? બળાત્કાર કરનાર આરોપી તો ગુનેગાર છે જ પરંતુ બળાત્કાર થતી વખતે દરવાજા પાસે શાંતિથી ઊભો રહેનાર કે જે ભોગ બનનારને બચાવી શકતો હોય પરંતુ બચાવવાના પ્રયત્ન ન કરે તો આવો માણસ પણ ગુનેગાર જ કહેવાય તો શું સુપ્રીમ કોર્ટ નામની વ્યક્તિ શાંતિથી જોયા જ કરશે ?

ભોપાલમાં અદનાન મન્સુરી નામના ૧૮ વર્ષના છોકરા ઉપર ખોટો આરોપ મૂક્યો કે, તે એક હિન્દુ સરઘસ ઉપર થૂંક્યો અને આટલી બાબતમાં તો ત્રણ માળનું મકાન તોડી પાડ્યું ! બનાવના પાંચ મહિના બાદ અદનાન મન્સુરી નિર્દોષ જાહેર થયો તો આ ત્રણ માળનું મકાન કોણ બનાવી આપશે ?

ઉદયપુરમાં એક વિદ્યાર્થીએ તેની જ ક્લાસના એક વિદ્યાર્થીને ચાકુ મારી દીધું અને તે મૃત્યુ પામ્યો એટલે સરકારે ઘર ખાલી કરવા ત્રણ દિવસની નોટિસ આપી પરંતુ નોટિસ સવારે આપી અને એ જ દિવસે બપોરે આખું મકાન તોડી પાડ્યું આ આરોપી તો ફક્ત એક ભાડૂઆતનો દીકરો હતો અને મકાનમાલિક રશીદ ખાનનું આખું મકાન જ તોડી પાડ્યું !

હદીસ તો કહે છે કે, તમારે હંમેશ એક લીડર/નેતાને જ ટેકો આપવો અને તેના કહ્યા પ્રમાણે સંગઠિત થઈ એક સંપથી ન્યાય માટે સંઘર્ષ કરવો પરંતુ હાલ સમાજ પાસે કોઈ લીડર કે નેતા છે જ ક્યાં કે જે નીડરતાપૂર્વક પોતે ફક્ત 'બુલડોઝર' અન્યાયની જેટલી મેટરો હાલ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે એ મેટરો ચલાવવા વિનંતી કરવા પગપાળે દિલ્હી ન્યાય યાત્રા કાઢે!! બધા ફિલ્મી હીરોની જેમ ફોટા પડાવવામાં પડ્યા છે અને સેવામાંય સૌથી સહેલી અને સસ્તી સેવા હાથ ધરી લે ! આટલી બધી કમિટીઓ અને સંસ્થાઓ અને સિનિયર લીડરો છે પરંતુ બુલડોઝરના અન્યાય અંગે કોઈને પડી નથી !

શું કોલકાતા હોસ્પિટલ કે મહારાષ્ટ્ર બદલાપુર કેસના આરોપીઓના મકાનો તોડી પાડ્યા ? જે માર્ગ ઉપર પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબે ચાલીને બતાવ્યું અને કાયદાનો ભંગ કર્યા સિવાય ન્યાય માટે સંઘર્ષ કર્યો એ માર્ગે જ મોટા 'ઈદારાઓ' કે સંસ્થાઓ અને વારંવાર અખબારોમાં તેમજ સોશિયલ મીડિયામાં ચમકતા લીડરો કેમ ન ચાલી શકે ?

# બુલડોઝર ન્યાય આપતું નથી પણ તે ન્યાયને નષ્ટ કરે છે : મૌલાના મહમૂદ મદની

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

જમિયત ઉલેમા-એ-હિંદ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી નં.૨૯૫/૨૦૨૨ પર આજે એક મહત્ત્વપૂર્ણ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, ત્વરિત ન્યાય આપવા માટે 'બુલડોઝર સિસ્ટમ'નો ઉપયોગ કરી શકાતો નથી. કોર્ટે તેની પ્રારંભિક ટિપ્પણીમાં કહ્યું કે, આરોપીના ઘરની તો વાત જ નથી, કોઈ ગુનેગારનું ઘર પણ તોડી શકાય નહીં. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી હતી કે, તે ગેરકાયદેસર બાંધકામોનું તે રક્ષણ કરશે નહીં અને તેણે આવી ક્રિયાઓનું નિયમન કરવા માટે સ્પષ્ટ માર્ગદર્શિકા સ્થાપિત કરવાની જરૂરિયાતને માન્યતા આપી હતી.

આજની કાર્યવાહી પર ટિપ્પણી કરતા જમિયત ઉલેમા-એ-હિંદના પ્રમુખ અને કેસમાં મુખ્ય પક્ષકાર મૌલાના મહમૂદ અસદ મદનીએ જણાવ્યું હતું કે, બુલડોઝર કોઈને ન્યાય આપતા નથી; તેઓ ન્યાયને નષ્ટ કરે છે. બુલડોઝરનો ઉપયોગ વ્યક્તિઓને બદલે સમગ્ર સમુદાયને સજા કરે છે. જ્યારે એક ઘર તોડી પાડવામાં આવે છે, ત્યારે માત્ર આરોપીને જ નહીં પણ સમગ્ર પરિવારને નુકસાન થાય છે. અમે મહિલાઓને સુરક્ષિત રાખવાની વાત કેવી રીતે કરી શકીએ જ્યારે તાજેતરના વર્ષોમાં ૧,૫૦,૦૦૦ મકાનો એક સાથે તોડી પાડવામાં આવ્યા છે, જેમાં મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને સૌથી વધુ પીડાય છે. મૌલાના મદનીએ કહ્યું કે, આ લોકો જેમણે કંઈ ખોટું કર્યું નથી, તેઓ બેઘર થઈ ગયા છે અને ભટકી રહ્યા છે. આ કેવી ન્યાય વ્યવસ્થા છે ? તેમણે આશા વ્યક્ત કરી કે કોર્ટ આ અન્યાયી પ્રથાઓ સામે કડક વલણ અપનાવશે. મૌલાના મદનીએ જણાવ્યું હતું કે, માત્ર મુસ્લિમો જ નહીં પરંતુ આ દેશમાં દરેક ન્યાય-પ્રેમી વ્યક્તિ આ વલણથી ખૂબ જ પરેશાન છે. તેમણે આશ્વાસન આપ્યું કે, જમિયત ઉલેમા-એ-હિંદ ન્યાય માટે તેનો સંઘર્ષ ચાલુ રાખશે.

**સુપ્રીમ કોર્ટે જમિયત ઉલેમા-એ-હિંદની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે, કોઈના ઘરોને માત્ર એટલા માટે તોડી શકાય નહીં કારણ કે, કોઈ વ્યક્તિ આરોપી છે**

સુપ્રીમ કોર્ટની બેન્ચમાં જસ્ટિસ બી.આર. ગવઈ અને કે.વી. વિશ્વનાથને વિવિધ રાજ્યોમાં 'બુલડોઝર કાર્યવાહી' સામેની વિવિધ અરજીઓમાં સામેલ તમામ પક્ષોને ૧૩ સપ્ટેમ્બર સુધીમાં ડ્રાફ્ટ દરખાસ્તો સબમિટ કરવા સૂચના આપી હતી. આ દરખાસ્તો વરિષ્ઠ વકીલ નચિકેતા જોશી એકત્રિત કરશે, જેઓ તેનું સંકલન કરીને કોર્ટમાં રજૂ કરશે. આ કેસની આગામી સુનાવણી ૧૭ સપ્ટેમ્બરે થવાની છે. જમિયત ઉલેમા-એ-હિંદનું પ્રતિનિધિત્વ વરિષ્ઠ એડવોકેટ દુષ્યંત દવે અને એમ.આર. શમશાદ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં ફારૂખ રશીદ એડવોકેટ ઓન રેકોર્ડ હતા. આ અરજી શરૂઆતમાં ૨૦૨૨માં દિલ્હીના જહાંગીરપુરીમાં બુલડોઝરની કાર્યવાહીના જવાબમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં જમિયતે સફળતાપૂર્વક કામગીરી અટકાવી હતી. જો કે, દેશભરમાં આવી કાર્યવાહીના વલણને જોતા જમિયતે હવે ત્રણ રાજ્યો સામે વિશેષ અરજી દાખલ કરી છે. વરિષ્ઠ વકીલ દુષ્યંત દવેએ ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને દિલ્હી જેવા રાજ્યોમાંથી તાજેતરની ઘટનાઓની માહિતી રજૂ કરી હતી. પિતા અને પુત્ર સાથે સંકળાયેલા કેસ અંગે ન્યાયમૂર્તિ વિશ્વનાથને નોંધ્યું કે, કોઈ પિતાનો અવજ્ઞાકારી પુત્ર હોઈ શકે છે, પરંતુ તેના કારણે પિતાના ઘરને તોડવું એ યોગ્ય અભિગમ નથી. ભારતના સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ડિમોલિશનનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો અને એવી દલીલ કરી કે, આ ગેરકાયદે બાંધકામો હતા અને તે સંબંધિત મ્યુનિસિપલ કાયદાઓ હેઠળ બુલડોઝ કરવામાં આવ્યા હતા. જો કે, દુષ્યંત દવેએ રાજ્ય સરકારો દ્વારા ઘરો તોડી પાડવાના વધતા જતા વલણ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું ઘરનો અધિકાર એ બંધારણની કલમ ૨૧ હેઠળ જીવનના અધિકારનો અભિન્ન ભાગ છે. તેમણે જયપુરમાં એક મકાનને તોડી પાડવા જેવા ગંભીર ઉદાહરણો ટાંકીને તોડી પાડવામાં આવેલા મકાનોના પુનઃ નિર્માણનો આદેશ આપવા કોર્ટને વિનંતી કરી હતી. ઉત્તરપ્રદેશના કન્નૌજમાં અન્ય એક ઉદાહરણમાં એક ગરીબ વાળંદની દુકાન તોડી પાડવામાં આવી હતી કારણ કે, એક એવો વીડિયો સામે આવ્યો હતો જેમાં તે ગ્રાહકના માથામાં માલિશ કરતી વખતે તેની લાળનો ઉપયોગ કરતો હતો. તેમણે પૂછ્યું કે, આ ક્યાંનો ન્યાય છે ? મ્યુનિસિપલ કાયદા હેઠળ તેને કાયદેસર ગણી શકાય ?

CELEBRATING EXCELLENCE 34 years GT

**ક્યા બાત હૈ ?!**

**અમારો વાળેય વાંકો નહીં થાય ! આસારામે જે વકીલ રોકયો છે એ જ વકીલ અમે રોકીશું !**



- જામી

# ઉત્તરાખંડમાં મુસ્લિમ નર્સ પર પાશવી બળાત્કાર અને હત્યાના કેસમાં ઉચ્ચકક્ષાની તપાસ માંગતી જમાત-એ-ઈસ્લામી હિન્દ : પીડિત નર્સના પરિવારજનો સાથે જમાતના ડેલિગેશનની મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

ઉત્તરાખંડમાં થોડા સપ્તાહ પહેલા ૩૫ વર્ષની એક મુસ્લિમ નર્સ પર જંગલી રીતે પાશવી બળાત્કાર ગુજારી તેની હત્યા કરવામાં આવી હતી. એ બનાવને પગલે જમાત-એ-ઈસ્લામી હિન્દના રાષ્ટ્રીય સેક્રેટરી શફી મદની અને મોહમ્મદ અહેમદની આગેવાની નીચે જમાતનું એક ડેલીગેશન પીડિત નર્સના પરિવારને મળ્યું હતું અને દિલ સોજી પાઠવી હતી. આ ગુના પાછળના ખરેખર અપરાધીઓને ઓળખી કાઢવા અને પકડવા માટે ઉચ્ચકક્ષાની તપાસ કરવા જમાત-એ-ઈસ્લામી હિન્દે માગણી કરી છે અને તમામ પ્રકારની કાનૂની અને નાણાકીય સહાય આપવાની પરિવારજનોને ખાતરી આપી છે. જમાતના ઉત્તરાખંડના હોદ્દેદારોની સાથે ડેલિગેશનને રૂદ્રપુરના ગદરપુર ખાતે આવેલા તસ્લીમ જહાંના નિવાસ સ્થાનની મુલાકાત લીધી હતી અને પીડિત યુવતીના પિતા તેમજ ભાઈ અને બહેન અને તેમની ૧૧ વર્ષની દીકરીની પણ મુલાકાત લીધી હતી. જનાબ મદનીએ જણાવ્યું હતું કે અમે પરિવારજનોને કેટલીક પ્રારંભિક નાણાકીય સહાય કરી છે અને એમને ઝડપી ન્યાય મળે એ માટે તમામ પ્રકારની કાનૂની અને અન્ય સહાય કરવા માટેની હૈયા ધારણા આપી છે. આ ઘટના અંગે ડેલીગેશને જણાવ્યા મુજબ તલાકશુદા તસ્લીમ રૂદ્રપુર ખાતેની એક હોસ્પિટલમાં ઘણા વર્ષોથી કામ કરી રહી હતી અને ૩૦મી જુલાઈના રોજ ગુમ થઈ ગઈ હતી. તસ્લીમ ઘરે ના આવતા પરિવારે પોલીસને જાણ કરી હતી. આઠમી ઓગસ્ટે તસ્લીમના ઘર પાસેથી એક ખુલ્લી જમીન પરથી તેનો ખરાબ રીતે કોહવાઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો અને તેના ઘણા બધા અવયવો ગુમ દેખાયા હતા. જમાત જણાવે છે કે આવી ઘણી બધી હકીકતોનો પોસ્ટ મોર્ટમ રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને ૧૪ ઓગસ્ટના રોજ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. પોલીસનો દાવો છે કે તસ્લીમ ઘરે પરત ફરી રહી હતી ત્યારે નશાની હાલતમાં પાસેના બાંધકામ સાઈટના એક બાંધકામ મજૂરે જેનું નામ ધર્મેન્દ્રકુમાર અપાયું છે તેણે તસ્લીમ પર હુમલો કર્યો હતો અને એ તસ્લીમને ખેંચીને અને ઢસડીને એક અવાવરૂં જગ્યા પર લઈ ગયો હતો ત્યાં તેના પર બળાત્કાર કર્યો હતો અને ગળું દબાવીને તેની હત્યા કરી નાખી હતી અને તેની પાસેની ચીજ વસ્તુઓ ચોરીને નાસી ગયો હતો અને રાજસ્થાન ભાગી ગયો હતો. પોલીસ કહે છે કે ધર્મેન્દ્ર કુમારે ગુનો કબૂલી લીધો છે. એક અખબારી મુલાકાતમાં મદની એ જણાવ્યું હતું કે પરિવારજનો અને સામાજિક કાર્યકરો કહે છે એ મુજબ કોઈ એક વ્યક્તિ અને એ પણ નશાની હાલતમાં હોય એ આટલો ગંભીર ગુનો કરી ન શકે. ભરચક વસ્તીવાળા વિસ્તારમાંથી કોઈ એક વ્યક્તિ યુવતીને ઢસડીને લઈ જાય અને તેના પર બળાત્કાર કરે અને તેના શરીરને વિકૃત કરી નાખે તેવી ઈજા પહોંચાડે અને તેના અવયવોને કાઢી નાખે અને લઈ જાય એ એક વ્યક્તિ કરી ન શકે. કોઈનું તો ધ્યાન પડી જ જાય. તેમણે કહ્યું હતું કે પોલીસે ધર્મેન્દ્રની ઝડપથી ધરપકડ કરી અને તેની રિમાન્ડ લીધા વિના અને પૂછપરછ કર્યા વિના તથા ઘટનાની સઘન ઊંડી તપાસ કર્યા વિના તેને જેલમાં નાખી દીધો હતો. એક વસ્તીવાળા વિસ્તારમાં દસ દિવસ સુધી મૃતદેહ પડ્યો રહે અને ધ્યાન કોઈ ન જાય એ મુદ્દા પર જમાતે -એ-ઈસ્લામીએ સવાલો ઊભા કર્યા છે. લતાવાસીઓને કોઈ પ્રકારની ગંધ ન આવે એ મુદ્દા ઉપર પણ ડેલિગેશનને ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો છે કે પોલીસે ઊંડી અને વ્યાપક તપાસ કરી નથી. આ વિશે પીડિતાના પરિવાર કે પીડિતાની દીકરીની પણ પોલીસે પૂછપરછ કરીને માહિતી લીધી નથી અને આરોપીની પણ પૂછપરછ કરવામાં આવી નથી. ધરપકડ ઉતાવળે થઈ છે અને પૂરી તપાસ પણ થઈ નથી. કેસને દલીલ કરી હતી કે જયાં લાંબો સમય સુધી કામ કર્યું એ હોસ્પિટલ દ્વારા કેમ કોઈ તપાસ કરવામાં આવી નથી હોસ્પિટલના સ્ટાફને તેના રોજિંદા ક્રમ અને તેના આવવા જવાના માર્ગ અને પ્રવૃત્તિઓની પણ જાણકારી હતી. ડેલિગેશને એવી માહિતી આપી હતી કે નર્સનો પરિવાર ગરીબ છે તેનો એકમાત્ર ભાઈ ચાનો સ્ટોલ ચલાવે છે અને પિતા વૃદ્ધ હાલતમાં છે. તસ્લીમની કેટલીક બહેનો પણ છે જેમાંની કેટલીક અભ્યાસ કરી રહી છે. તસ્લીમના ૧૧ વર્ષ પહેલા તલાક થઈ ગયા હતા અને તેની ૧૧ વર્ષની દીકરી છે એ તેના પરિવાર માટે જ હોસ્પિટલમાં કામ કરતી હતી. જમાતના સેક્રેટરી મદનીએ એવું પણ જણાવ્યું હતું કે ૨૮મી ઓગસ્ટના રોજ તસ્લીમની દીકરી અને બહેને એડવોકેટ સુગંધા આનંદ મારફત સુપ્રીમ કોર્ટમાં રીત અરજી દાખલ કરી હતી અને સઘન તપાસની માગણી કરી હતી. ઉત્તરાખંડ જમાતે ઉલમા-એ-હિન્દના પ્રમુખ દ્વારા પણ રીટ અરજી દાખલ કરવા મદદ કરવામાં આવી હતી. પોલીસના કથનને તમામ વિરોધ પક્ષો તથા સામાજિક કાર્યકરો અને એનજીઓ દ્વારા તથા પરિવારજનોએ પણ નકારી કાઢ્યું છે અને સઘન ઊંડી તપાસ કરીને દીકરી માટે ન્યાય માગ્યો છે. ઉતરાખંડની નર્સના બળાત્કાર અને હત્યાની ઘટનાથી સમાજમાં ભારે રોષ છે પરંતુ દેશના અને રાજયના મુખ્ય મીડિયા દ્વારા આખી ઘટનાની અવગણના કરવામાં આવી છે. જે રીતે કોલકાતાની ડોક્ટરની ઘટના પર ભારે હોબાળો આ મીડિયાએ મચાવી દીધો હતો. એવું આમાં થયું નથી અને ભાગ્યે જ આ ઘટના પર કશું લખવામાં આવ્યું છે. પીડિતાની ઓળખના આધારે આવા ભયાનક અને ક્રૂર અપરાધ વિશે પીડિતાની ઓળખને આધારે અલગ વલણ અપનાવવામાં આવે એ ખૂબ જ ચિંતાજનક મુદ્દો છે. ડેલિગેશને અને પરિવારે પોલીસની તપાસ અંગે અને તેની ગંભીર ચિંતાઓ વ્યક્ત કરી છે અને સવાલો ઉઠાવ્યા છે અને આ ઘટનામાં ખરેખર અપરાધીઓને સજા થાય એ માટે નિષ્પક્ષ અને ઊંડી સઘન તપાસ કરવાની માંગણી કરી છે.

# મેજિસ્ટ્રેટ ટ્રાયબલ કેસોમાં પણ લોકોને જામીન મેળવવા માટે સુપ્રીમ કોર્ટમાં આવવું પડે છે તે દુર્ભાગ્યપૂર્ણ છે : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) તા.૨

સુપ્રીમ કોર્ટે બનાવટી અને છેતરપિંડીના આરોપી વ્યક્તિને જામીન આપ્યા હતા, જે ૪ મે, ૨૦૨૩થી કસ્ટડીમાં હતો. કોર્ટે કહ્યું કે હજુ સુધી આરોપો ઘડવામાં આવ્યા નથી અને ચૌદમાંથી નવ કેસમાં તેને કાં તો નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે અથવા તો તેની સામેનો કેસ રદ કરવામાં આવ્યો છે. આ જામીન આદેશ આપ્યા બાદ કોર્ટે મૌખિક રીતે ટિપ્પણી કરી કે, તે દુર્ભાગ્યપૂર્ણ છે કે હવે લોકોને મેજિસ્ટ્રેટ ટ્રાયબલ કેસમાં પણ જામીન મળી રહ્યા નથી, તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે લોકોએ આ માટે પણ સુપ્રીમ કોર્ટમાં આવવું પડે છે. ગુજરાત હાઈકોર્ટે આઈપીસીની કલમ ૪૦૬, ૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ હેઠળના ગુના માટે સાબરકાંઠા જિલ્લાના જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસમાં અરજદાર દ્વારા દાખલ કરાયેલી જામીનની અરજીને ફગાવી દીધી હતી. તેણે હાલની અપીલ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. જસ્ટિસ અભય ઓક અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની ડિવિઝન બેન્ચે આ અપીલ સ્વીકારતા કહ્યું કે, ૨૨ નવેમ્બર, ૨૦૨૩ પછી ટ્રાયલમાં કોઈ પ્રગતિ થઈ નથી, આરોપો પણ ઘડવામાં આવ્યા નથી. અપીલકર્તાનો અગાઉનો રેકોર્ડ ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. તેને ૧૪માંથી ૯ કેસમાં તેને નિર્દોષ જાહેર કરવામાં આવ્યો હતો અથવા તો ગુનો રદ કરવામાં આવ્યો હતો. તેમાં



કોઈ વિવાદ નથી કે આ કેસ મેજિસ્ટ્રેટ સમક્ષ ટ્રાયબલ છે. અમારા મતે હાઈકોર્ટે જામીન આપવા જોઈએ. સુનાવણી દરમિયાન, અપીલકર્તાના વકીલે રજૂઆત કરી હતી કે સમાન સહ-આરોપીઓને જામીન આપવામાં આવ્યા છે અને અપીલકર્તા એક વર્ષથી વધુ સમયથી કસ્ટડીમાં છે. ત્યારે જસ્ટિસ ઓકે ટિપ્પણી કરી કે, આ મેજિસ્ટ્રેટ સમક્ષનો એક ટ્રાયેબલ કેસ છે, તેમાં કસ્ટડીમાં કેવી રીતે રહી શકે? ગુજરાત રાજ્યના વકીલે જવાબ આપ્યો કે, તે રીઢો ગુનેગાર છે. તે બહાર આવશે અને ફરીથી ગુનો કરશે. તેની સામેના તમામ ગુનાઓ છેતરપિંડી, બનાવટ અંગેના છે. જો કે, જસ્ટિસ ઓકે જણાવ્યું હતું કે જામીન નામંજૂર કરતી વખતે, ગુજરાત હાઈકોર્ટે પ્રોસિક્યુશન દ્વારા ટાંકવામાં આવેલી એફઆઈઆરની વ્યક્તિગત તપાસ કરી ન હતી. તેમણે જણાવ્યું હતું કે અપીલકર્તા સામેના ૧૪ કેસમાંથી સાત કેસમાં તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા અને બે કેસ રદ કરવામાં આવ્યા હતા. કોર્ટે એમ પણ કહ્યું કે અપીલકર્તા એક વર્ષ અને ત્રણ મહિનાથી વધુ સમયથી કસ્ટડીમાં છે. ૨૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ જામીન ફગાવી દેવાના આદેશ સામે અપીલકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશિયલ લીવ પિટિશન (SLP)ને સુપ્રીમ કોર્ટે અવલોકન સાથે ધ્યાનમાં લીધું ન હતું કે તે તબક્કે જામીન આપવા માટે કોઈ કેસ કરવામાં આવ્યો ન હતો. જો કે ત્યારપછી આ કેસમાં કોઈ પ્રગતિ થઈ નથી. સુપ્રીમ કોર્ટે આ અપીલ સ્વીકારી લીધી અને આદેશ આપ્યો કે અપીલકર્તાને એક સપ્તાહની અંદર નીચલી કોર્ટમાં હાજર કરવામાં આવે. ટ્રાયલ કોર્ટને અપીલકર્તાને યોગ્ય નિયમો અને શરતો પર જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. અપીલકર્તાની ૪ મે, ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે કસ્ટડીમાં છે. હાઈકોર્ટે સૌપ્રથમ અપીલકર્તાના વિવિધ પૂર્વવર્તનો ટાંકીને અરજદારની જામીન અરજી ફગાવી દીધી હતી જેમાં છેતરપિંડી, નકલી દસ્તાવેજો તૈયાર કરવા, બ્લેકમેઈલિંગ, પૈસાની ઉચાપત, અશ્લીલ વિડીયો ક્લિપ બનાવવા, આર્મ્સ એક્ટ હેઠળના ગુનાઓ, બળાત્કાર અને દહેજ સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે. હાઈકોર્ટે તારણ કાઢ્યું હતું કે અરજદાર સામેના આક્ષેપોના ગંભીર સ્વરૂપને ધ્યાનમાં લેતા એવા કોઈ નવા સંજોગો નથી કે જેના માટે જામીન આપવા જોઈએ.

# સુપ્રીમ કોર્ટે શેખ અલી ગુમતી સ્મારકને સંરક્ષિત ઘોષિત કરવા અંગે કેન્દ્ર અને ASIએ શા માટે પીછેહઠ કરી તેની તપાસ કરવા CBIને આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે સીબીઆઈને એ પ્રાથમિક તપાસ કરવાનો આદેશ આપ્યો છે કે કેન્દ્ર અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ નવી દિલ્હીની પોશ ડિફેન્સ કોલોનીમાં શેખ અલી ગુમતીને લોધી-યુગના સંરક્ષિત સ્મારક અષ્ટકોણીય ગુંબજવાળી રચના જાહેર કરવા પર શા માટે પીછેહઠ કરી છે. ડિફેન્સ કોલોની રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા તેની ઓફિસ ચલાવવા માટે ૧૯૬૩-૬૪થી આ માળખું કથિત રીતે કબજે કરવામાં આવ્યું છે.

ન્યાયમૂર્તિ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઉજ્જલ ભુયાનની ખંડપીઠે કહ્યું કે, અમે ઘટનાક્રમથી આશ્ચર્યચકિત છીએ, ૨૦૦૪માં તેને કેન્દ્રીય રીતે સંરક્ષિત સ્મારક તરીકે વિકસાવવાની હિલચાલ કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ ૨૦૦૮માં સંસ્કૃતિ મંત્રાલયના સચિવે જણાવ્યું હતું કે, આમ કરવું શક્ય ન હતું. આ ASI અને કેન્દ્ર સરકારની સત્યતા પર શંકા પેદા કરે છે. ૨૭ ઓગસ્ટના રોજના આદેશમાં, કોર્ટે કેન્દ્રીય એજન્સીને એ પણ તપાસ કરવા જણાવ્યું હતું કે આ જગ્યા RWA દ્વારા કેવી રીતે કબજે કરવામાં આવી અને કોણે ત્યાં કેવા ફેરફારો કર્યા છે. કોર્ટે સીબીઆઈને બે અઠવાડિયામાં રિપોર્ટ દાખલ કરવાનો સમય આપ્યો છે અને આ કેસની સુનાવણી ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ નક્કી કરી છે. રાજીવ સૂરીની અરજીની સુનાવણી કરતાં, બેન્ચે વર્ષ ૨૦૦૪માં નોંધ્યું હતું કે, અધિક્ષક



**ડિફેન્સ કોલોની રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા તેની ઓફિસ ચલાવવા માટે ૧૯૬૩-૬૪થી આ માળખું કથિત રીતે કબજે કરવામાં આવ્યું છે**

પુરાતત્વવિદ્દની ટિપ્પણીઓના આધારે, રાષ્ટ્રીય મહત્વના સ્મારક તરીકેની ઘોષણા કરવાની ભલામણ કરવા સક્ષમ સંસ્થાએ આવું કરવાની તરફેણ કરી હતી. પરંતુ પાછળથી ASIએ અહેવાલ આપ્યો કે ડિફેન્સ કોલોની વેલ્ફેર એસોસિએશન દ્વારા સ્ટ્રક્ચર પર કબજો કરતી વખતે તેમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને આ સ્થાને તેની મૌલિકતા ગુમાવી દીધી હતી. નિયામક (સ્મારક) દ્વારા અધિકૃત પુરાતત્વે ૧૫ ફેબ્રુઆરી, ૨૦૦૮ના પત્ર સાથેની નોંધમાં, અદાલતે અવલોકન કર્યું કે સંસ્કૃતિ સચિવે અગાઉ નોંધ્યું હતું કે ASI માટે કેન્દ્રીય રીતે સુરક્ષિત સ્મારક તરીકે તેનું રક્ષણ કરવું શક્ય નથી. કોર્ટે ૨૦૦૪માં નોંધ્યું હતું કે, કેન્દ્ર સરકારે એક ગેઝેટ નોટિફિકેશન દ્વારા ગુમતીને રાષ્ટ્રીય મહત્વની જાહેર કરવા માટે પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૪(૧) હેઠળ પોતાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો. જો કે, ૨૦૦૮માં કેન્દ્ર સરકારે તેની વિરુદ્ધ નિર્ણય લીધો હતો. સુપ્રીમે ૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ના દિલ્હી હાઈકોર્ટના આદેશની માન્યતાને પડકારી જેણે 'ગુમતી'ના રક્ષણ માટેની તેમની અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે સીબીઆઈને તપાસ કરવા કહ્યું કે કેવી રીતે ડિફેન્સ કોલોની રેસિડેન્ટ્સ વેલ્ફેર એસોસિએશન ૧૯૬૩-૬૪થી ઓફિસ ચલાવવા માટે ગુમતી પર કબજો કરવામાં આવ્યો હતો. તેણે કેન્દ્રીય એજન્સીને એ પણ સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે કેવી રીતે અને કયા સંજોગોમાં તેનું વલણ બદલ્યું જ્યારે કેન્દ્ર અને ASIએ શરૂઆતમાં ભલામણ કરી હતી કે ગુમતીને સંરક્ષિત સ્મારક જાહેર કરવામાં આવે, અને ફક્ત ફેરફાર/ઉમેરાના કથિત સ્થળો અને DCWA (ડિફેન્સ કોલોની વેલ્ફેર એસોસિએશન) અને તેના દ્વારા સબમિટ કરાયેલ એકમાત્ર વાંધો હોવા છતાં તેમણે પોતાનો વિચાર કેમ બદલ્યો છે.

# 'મૂકપ્રેક્ષકો' : મણિપુરમાંથી કેન્દ્રીય લશ્કરી દળોને પાછા ખેંચી લેવા ભાજપના ધારાસભ્યનો અમિત શાહને અનુરોધ

**મણિપુર ભાજપના ધારાસભ્ય રાજકુમાર ઈમોસિંહે રાજ્યમાં હિંસાને અટકાવી શકાતી ન હોય તો કેન્દ્રીય સુરક્ષા દળોને પાછા ખેંચી લેવા કેન્દ્ર સરકારને વિનંતી કરી છે અને એવું સૂચન કર્યું છે કે, રાજ્યના સુરક્ષા દળોને હવાલો સોંપવો જોઈએ, બળવાખોર જૂથોને કાર્યવાહી બંધ રાખવાની સમજૂતીનો ભંગ કરવા બદલ કડક પગલાં લેવા અને એમને સજા કરવા પણ તેમણે અનુરોધ કર્યો છે, શસ્ત્રો અને દારૂગોળાના અપાતા પુરવઠા અને નાણાકીય સહાય અંગે પણ તપાસ માટે અનુરોધ કર્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

મણિપુરના ભાજપના ધારાસભ્ય અને મુખ્યમંત્રી એન. બિરેનસિંઘના જમાઈ રાજકુમાર ઈમોસિંહે રાજ્યમાં ચાલી રહેલી હિંસા પર અસરકારક રીતે અંકુશ મૂકી શકાતો ન હોય તો રાજ્યમાંથી કેન્દ્રીય લશ્કરી દળોને પાછા ખેંચી લેવા કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહને તેમણે પત્ર પાઠવ્યો છે અને એવી દલીલ કરી છે કે, મણિપુરમાં ૬૦ હજાર જેટલા કેન્દ્રીય સુરક્ષા દળના જવાનો છે પણ શાંતિ સ્થાપવામાં નિષ્ફળ ગયા છે.

તેમણે રાજ્યનો હવાલો રાજ્યના સુરક્ષા દળોને જ સોંપી દેવા સૂચન કર્યું છે જેથી કરીને હિંસાગ્રસ્ત રાજ્યમાં શાંતિ પુનઃ સ્થાપી શકાય. તેમણે પત્રમાં જણાવ્યું છે કે, ૬૦,૦૦૦ કેન્દ્રીય સુરક્ષા જવાનોની ઉપસ્થિતિ હોવા છતાં શાંતિ થાપી શકાય નથી આથી આવા દળોને પાછા હટાવી લેવા જોઈએ જે મોટાભાગે અહીં મૂક પ્રેક્ષક બની ગયા છે. રાજ્ય સરકાર અને પ્રજા સાથે સહકાર અને સંકલન ન કરવા બદલ આસામ રાઈફલ્સના કેટલાક યુનિટને પાછા ખેંચી લેવાના પગલાંને આવકારતા તેમણે કહ્યું હતું કે, ચોક્કસ ટુકડીઓને પાછી ખેંચી લેવામાં આવી તેનાથી અમને ખુશાલી થઈ છે કેમ કે એ ટુકડીઓ રાજ્ય સરકાર અને પ્રજાને સહકાર આપતી નહોતી પણ જો કેન્દ્રીય ટુકડીઓ શાંતિ લાવી શકતી ન હોય અને હિંસા રોકી શકતી ન હોય તો તેમને દૂર કરવામાં આવે અને રાજ્યના દળોને હવાલો સોંપવામાં આવે એ જ બહેતર રહેશે જેથી કરીને શાંતિ લાવી શકાય.

યુનિફાઈડ કમાન્ડો ઓથોરિટી પણ રાજ્ય સરકારને સોંપવા અને મુખ્યમંત્રીની નિગરાનીમાં રાખવા તેમણે સૂચન કર્યું હતું. જે બંડખોર જૂથોએ અને સશસ્ત્ર બળવાખોર જૂથોએ સશસ્ત્ર કાર્યવાહી બંધ રાખવાની સમજૂતીનો ભંગ કર્યો છે તેમની સામે પણ કડકમાં કડક પગલાં લેવા તેમણે કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, આ મિલિટન્ટ જૂથો રાજ્યમાં ઈન્સાની આગ વધુ ભડકાવી રહ્યા છે એટલે એમની સાથેનો કરાર રદ કરવા ધારાસભ્યએ ગૃહમંત્રી અમિત શાહને અનુરોધ કર્યો છે.

# રશિયાએ કીવ ઉપર ડ્રોન, ક્રૂઝ બેલેસ્ટિક મિસાઈલનો મારો ચલાવ્યો; યુક્રેનના લશ્કરનું નિવેદન

**કીવ સિટી પ્રશાસનના વડા સરહી પોપકોએ જણાવ્યું હતું કે, ૧૦ જેટલા ક્રૂઝ મિસાઈલ તથા ૧૦ જેટલા બેલેસ્ટિક મિસાઈલ અને એક ડ્રોન યુક્રેનની રાજધાની પર છોડવામાં આવ્યા હતા**

(એજન્સી) કીવ, તા.૨

સોમવારે યુક્રેનની રાજધાની પર રશિયાએ ડ્રોન તેમજ ક્રૂઝ અને બેલિસ્ટિક મિસાઈલનો મારો ચલાવ્યો હોવાનું યુક્રેડના વિમાનની દળ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. રાજધાનીના મેયર મિતાલી કલીષકોએ ચણાયું હતું કે બે જિલ્લાઓમાં ઈમરજન્સી સેવાઓ લાગુ કરવામાં આવી હતી મિસાઈલને કારણે એક ઈમારતનો કાટમાળ ધસી પડવાથી એક વ્યક્તિને ઈજા થઈ હતી. અમે દરેક હુમલાનો જવાબ આપશો અને દુશ્મનને જરૂર તેની અસર થશે, તેમ રાષ્ટ્રપ્રમુખની કચેરીના વડા આંદ્રે યરમા કે જણાવ્યું હતું. રાજધાની કીવની લશ્કરી વહીવટી વિભાગના વડા સરહી પોપકોએ જણાવ્યું હતું કે લગભગ ૧૦ જેટલા ક્રૂઝ મિસાઈલ તેમજ દસ જેટલા બાલિસ્ટિક મિસાઈલ અને એક ડ્રોન રશિયા તરફથી છોડવામાં આવ્યા હતા. જોકે યુક્રેનની એર ડીપેન્સ સિસ્ટમથી એ તમામ મિસાઈલ તોડી પાડવામાં આવ્યા હતા અને ડ્રોનને પણ તોડી પાડવામાં આવ્યું હતું.

# અહમદનગરમાં રામગીરી મહારાજના સમર્થનમાં ભાજપના ધારાસભ્ય નિતેશ રાણેએ ઝેર ઓક્યું કહ્યું : 'મસ્જિદની અંદર ઘૂસીને મારીશું', બે-બે ફરિયાદ દાખલ થઈ

(એજન્સી) તા.૨

મહારાષ્ટ્ર ભાજપના ધારાસભ્ય નિતેશ રાણે સામે અહમદનગરના શ્રીરામપુર અને તોપખાના પોલીસ સ્ટેશનમાં બે FIR નોંધાઈ છે. નીતિશ પર રવિવારે (૧ સપ્ટેમ્બર) અહમદનગરમાં સકલ હિન્દી સમાજ આંદોલન દરમિયાન ઉશ્કેરણીજનક ભાષણ આપવાનો આરોપ છે. રાણેએ અહમદનગરમાં સકલ હિન્દુ સમાજના કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમણે મહંત રામગિરી મહારાજના સમર્થનમાં કહ્યું હતું, 'જો કોઈ તેમના વિશે કંઈપણ કહેશે તો અમે મસ્જિદમાં આવીને પકડી-પકડીને ફટકારીશું.' રાણેએ તેમના ભાષણ દરમિયાન કહ્યું, 'જો અમારા રામગિરી મહારાજ... (અભદ્ર ભાષા બોલતા) નહીં તો એવું કહેશે કે તેઓ મરાઠીમાં બોલી ગયા, તેથી તને જે ભાષા સમજાય છે તે ભાષામાં ધમકી આપી જઈ રહ્યો છું. જો તમે અમારા રામગીરી મહારાજ વિરુદ્ધ કંઈપણ કરશો તો તમારી મસ્જિદોમાં આવીને પકડી-પકડીને ફટકારીશું. ધ્યાન રાખજો.' AIMIMના નેતા વારિશ પઠાણે નિતેશ રાણેનો વીડિયો શેર કરીને આરોપ લગાવ્યો છે કે, ભાજપ ચૂંટણી પહેલાં સાંપ્રદાયિક હિંસા ફેલાવવા માંગે છે. નિતેશ રાણેનું ઉશ્કેરણીજનક ભાષણ છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

અગાઉ પણ નિતેશ રાણે અને એકવાર ઝેર ઓકી ચૂક્યો છે. અગાઉ નિતેશ રાણએ કહ્યું હતું, જો કોઈ ઓવૈસીની જીભ કાપીને લાવશે તો હું તેને ઈનામ આપીશ. તેમણે આ નિવેદન AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસીએ જય પેલેસ્ટીનના નારા લગાવ્યા બાદ આપ્યું હતું.

# મની લોન્ડ્રિંગ કેસમાં ED દ્વારા AAPના ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની ધરપકડ

**એજન્સી દ્વારા રાષ્ટ્રીય રાજધાનીના ઓખલા વિસ્તારમાં તેમના નિવાસસ્થાને તપાસ કર્યા પછી પીએમએલએની જોગવાઈઓ હેઠળ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા**

(એજન્સી) તા.૨

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે AAP ધારાસભ્ય અમાનતુલ્લા ખાનની તેમની વિરૂદ્ધ મની-લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે ધરપકડ કરી હતી. એજન્સીએ રાષ્ટ્રીય રાજધાનીના ઓખલા વિસ્તારમાં તેના નિવાસસ્થાન પર તપાસ હાથ ધર્યા બાદ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA)ની જોગવાઈઓ હેઠળ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ૫૦ વર્ષીય ધારાસભ્ય વિરૂદ્ધ મની-લોન્ડરિંગનો કેસ બે એફઆઈઆરમાંથી ઉદ્ભવ્યો છે, એક સીબીઆઈ દ્વારા વકફ બોર્ડ સંબંધિત કથિત ગેરરીતિઓ અને બીજો દિલ્હી એસીબી દ્વારા અપ્રમાણસર સંપત્તિના કબજાના કથિત કેસ સાથે સંબંધિત છે. સૂત્રોએ જણાવ્યું હતું કે એપ્રિલમાં આ કેસમાં છેલ્લી પૂછપરછ કરવામાં આવી હતી ત્યારથી ખાને ઓછામાં ઓછા ૧૦ ED સમન્સ ટાળ્યા છે. વિધાનસભ્ય અને તેમના પક્ષે X પર પોસ્ટ કરીને સૌથી પહેલા સમાચાર આપ્યા કે EDની ટીમ તેમની ધરપકડ કરવા ઓખલા વિસ્તારમાં તેમના ઘરે પહોંચી હતી. AAP સાંસદ સંજય સિંહે પણ એક વીડિયો પોસ્ટ કર્યો છે. X પર AAP નેતા મનીષ સિસોદિયાએ જણાવ્યું હતું કે ED માટે એકમાત્ર કામ બાકી છે 'ભાજપ વિરૂદ્ધ ઉઠેલા દરેક અવાજને દબાવવા અને તેને તોડવાનું'. તેમણે આક્ષેપ કર્યો હતો કે, જેઓ તૂટતાં નથી તેમની ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવામાં આવે છે.

# રાજ્યના AAG તરીકે સુપ્રીમ કોર્ટના જજના પુત્રની નિમણૂકને પડકારતી અરજી પર રાજસ્થાન હાઈકોર્ટે નોટિસ જારી કરી

**અરજદારે કહ્યું છે કે પદમેશ મિશ્રાને સ્ટેટ લિટિગેશન પોલિસી ૨૦૧૮ અનુસાર આ પદ માટે લાયક બનવા માટે જરૂરી અનુભવ ન હોવા છતાં AAG તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

રાજસ્થાન રાજ્ય માટે એડિશનલ એડવોકેટ જનરલ (એએજી) તરીકે પદમેશ મિશ્રાની નિમણૂકને સુપ્રીમ કોર્ટમાં પડકારતી એક એડવોકેટે અરજી દાખલ કર્યા બાદ રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ જારી કરી છે. પદમેશ મિશ્રા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ પીકે મિશ્રાના પુત્ર છે. જસ્ટિસ અનિલ કુમાર ઉપમાનની બેન્ચે તાજેતરમાં અરજી પર સુનાવણી કરી હતી. અરજદારે કહ્યું છે કે પદમેશ મિશ્રાને સ્ટેટ લિટિગેશન પોલિસી ૨૦૧૮ અનુસાર આ પદ માટે લાયક બનવા માટે જરૂરી અનુભવ ન હોવા છતાં AAG તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત નીતિની કલમ ૧૪ સુપ્રીમ કોર્ટમાં પેનલ વકીલ તરીકે નિમણૂક માટે લાયક બનતા પહેલા ઓછામાં ઓછા પાંચ વર્ષની પ્રેક્ટિસનો અનુભવ હોવો ફરજિયાત બનાવે છે. AAG તરીકે નિમણૂક માટે, પાત્રતાનો માપદંડ દસ વર્ષની વકીલ તરીકેની પ્રેક્ટિસ છે. અરજદારે કહ્યું છે કે પદ્મેશ મિશ્રા તેમના એનરોલમેન્ટ નંબર મુજબ પાંચ વર્ષની પ્રેક્ટિસ ધરાવે છે. અરજીમાં, અરજદારે આક્ષેપ કર્યો છે કે કાયદા વિભાગે એક જાહેરનામું બહાર પાડ્યું હતું અને નીતિમાં એક નવી પેટા કલમ ૧૪.૮ રજૂ કરી હતી, જેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે 'નીતિમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, યોગ્ય સ્તરની સત્તા પાસે સંબંધિત ક્ષેત્રમાં તેમની કુશળતાને ધ્યાનમાં લીધા પછી કોઈપણ પોસ્ટ પર કોઈપણ સલાહકારની નિમણૂક કરવાની સત્તા હશે.' ત્યારપછી, પદમેશ મિશ્રાને ૨૦ ઓગસ્ટના રોજ જાહેરનામા દ્વારા સૌપ્રથમ સુપ્રીમ કોર્ટમાં પેનલ વકીલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પરંતુ માત્ર ત્રણ દિવસ પછી, નોટિફિકેશન પાછું ખેંચી લેવામાં આવ્યું હતું અને નીતિમાં ફેરફાર માટે ૨૩ ઓગસ્ટના રોજ નવી સૂચનાઓ બહાર પાડવામાં આવી હતી અને ત્યારબાદ તેમની AAG તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અરજદારે એએજી તરીકે પદમેશ મિશ્રાને કાર્યાન્વિત કરવા અને નીતિમાં ફેરફારને લગતી સૂચના પર તાત્કાલિક રોક લગાવવા માટે પ્રાર્થના કરી છે.

# અમિતાભ બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદાએ IIM-અમદાવાદમાં પ્રવેશ મેળવ્યો : સ્વપ્ન સાકાર થાય છે

(એજન્સી) અમદાવાદ, તા.૨

અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદા તાજેતરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (IIM) અમદાવાદમાં જોડાઈ. નવ્યાએ તાજેતરમાં પ્રતિષ્ઠિત સંસ્થાની શ્રેણીબદ્ધ તસવીરો શેર કરી અને તેના પ્રવેશના સમાચાર ઈન્સ્ટાગ્રામ પર જાહેર કર્યા. તેણે તેના કેપ્શનમાં લખ્યું- સ્વપ્ન સાકાર થાય છે. આગામી બે વર્ષ, શ્રેષ્ઠ લોકો અને શિક્ષકો સાથે..૨૦૨૬નો વર્ગ, બ્લેન્ડેડ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ (BPGP). તેણે મનોહર કેમ્પસ અને તેના નવા મિત્રોના ફોટા પણ પોસ્ટ કર્યા. વધુમાં, તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર કેક કાપતાનો પોતાનો એક સ્નેપશોટ શેર કર્યો, તેને CAT/IAT પ્રવેશ પરીક્ષાઓ પાસ કરવામાં મદદ કરવા માટે તેના શિક્ષકના માર્ગદર્શન બદલ આભાર માન્યો.

જે લોકો અજાણ છે તેમના માટે બ્લેન્ડેડ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ, જે આ વર્ષની શરૂઆતમાં રજૂ કરવામાં આવ્યો હતો, તે એક હાઈબ્રિડ કોર્સ છે જે કેમ્પસ સત્રો અને લાઈવ ઈન્ટરેક્ટિવ ઓનલાઈન ક્લાસ બંનેને એકીકૃત કરે છે. ઓછામાં ઓછાં ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા પ્રોફેશનલ્સને ધ્યાનમાં રાખીને, આ પ્રોગ્રામ કાર્યકારી વ્યક્તિઓ અને સાહસિકોને તેમની વ્યાવસાયિક જવાબદારીઓ અને શૈક્ષણિક કાર્યો બંનેનું સંચાલન કરવા સક્ષમ બનાવવા માટે રચાયેલ છે. નવ્યાએ ઈન્સ્ટાગ્રામ પર આ સમાચાર શેર કરતાની સાથે જ તેના મિત્રો અને




પરિવારજનોએ કોમેન્ટ સેક્શનમાં અભિનંદન સંદેશા મુક્યા. નવ્યાની માતા શ્વેતા બચ્ચને ટિપ્પણી કરી, તે મને ખૂબ ગર્વ અપાવ્યો છે. દરમિયાન, તેના મિત્રો સુહાના ખાન, અનન્યા પાંડે અને શનાયા કપૂરે ઈમોજીસ દ્વારા તેમનો સમર્થન વ્યક્ત કર્યો. ફિલ્મ નિર્માતા ઝોયા અખ્તર અને અભિનેત્રી કરિશ્મા કપૂર અને સોનાલી બેન્દ્રેએ પણ નવ્યાને અભિનંદન પાઠવ્યા હતા.

અગાઉ, નવ્યાએ તેની દાદી જયા બચ્ચન અને માતા શ્વેતા સાથે વોટ ધ હેલ નવ્યા નામનું પોડકાસ્ટ હોસ્ટ કર્યું હતું. એપિસોડમાં તેઓએ નારીવાદ અને સમાજમાં મહિલાઓની ભૂમિકા વિશે ચર્ચા કરી. જૂનમાં એક તાજેતરના કાર્યક્રમમાં શ્વેતાએ સ્પષ્ટતા કરી હતી કે પરિવારના બોલિવૂડ સાથે ગાઢ સંબંધો હોવા છતાં નવ્યાનો ફિલ્મ ઉદ્યોગમાં જોડાવાનો કોઈ ઈરાદો નથી.પોતાની પુત્રી વતી પોડકાસ્ટ માટે એવોર્ડ સ્વીકારનાર શ્વેતાએ કહ્યું, મને લાગે છે કે તમે નવ્યાના કામથી ખૂબ જ સારી રીતે વાકેફ છો અને તે ઘણી વ્યસ્ત હોય છે. મને નથી લાગતું કે તેના માટે બોલિવૂડ યોગ્ય માર્ગ છે.

# સ્વાતિ માલીવાલ હુમલા કેસ : કેજરીવાલના પૂર્વ સહાયક બિભવકુમારને જામીન આપતી સુપ્રીમ કોર્ટ; અદાલતનો આભાર માનતી આમ આદમી પાર્ટી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પૂર્વ અંગત મદદનીશ બિભવકુમારને રાજ્યસભાના સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલો કરવાના કેસમાં સુપ્રીમ કોર્ટે આજે જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. બિભવકુમાર છેલ્લા ૧૦૦ દિવસથી જેલમાં હતા એમની સામે ચાર્જશીટ પણ દાખલ કરી દેવામાં આવી છે. અદાલતે એ પણ નોંધ લીધી હતી કે, ફરિયાદ પક્ષ ૫૧ સાક્ષીઓને તપાસવા માંગે છે એટલે ખટલો ચાલવામાં સમય લાગી જશે. સુપ્રીમે ઠરાવ્યું હતું કે, ચાર્જશીટ દાખલ થઈ ચૂકી છે એટલે કુમારને જામીન પર છોડવાથી તપાસને અસર થશે નહીં. અદાલત અત્યારે આ કેસમાં પ્રથમદર્શી આરોપ પુરવાર થાય છે કે, કેમ એ નક્કી કરવાનું ઈરાદો ધરાવતી નથી

**અદાલતે જામીન આપતી વખતે એવો પણ આદેશ આપ્યો છે કે, બિભવકુમારને અંગત સહાયકનો કે અન્ય કોઈપણ સરકારી હોદ્દો કે ફરજ પુનઃ સોંપવામાં ન આવે**

કેમ કે એ ટ્રાયલ કોર્ટનો અધિકાર છે. અદાલતે એ પણ નોંધ લીધી હતી કે, સાક્ષીઓ કોઈ વગ કે દબાણથી મુક્ત રહે અને ન્યાયી રીતે કેસ ચાલે એ મહત્ત્વનું છે એ ખરૂં પણ સાક્ષીઓને અન્ય પગલાં લઈને પણ જરૂરી રક્ષણ આપી શકાય છે એટલે અદાલતને લાગે છે કે, બિભવકુમારને જામીન આપવા જોઈએ. બિભવકુમાર તરફથી સિનિયર એડવોકેટ અભિષેક સિંઘવીએ દલીલો કરતાં જણાવ્યું હતું કે, ફરિયાદીને થયેલી ઈજાઓ સાવ સામાન્ય છે એટલે આઈપીસીની કલમ ૩૦૮ લગાડવી બિલકુલ વાજબી નથી. સુપ્રીમ કોર્ટે એવું પણ નિરીક્ષણ કર્યું હતું કે, બિભવકુમારે ૧૦૮ દિવસમાં ઘણું સહન કર્યું છે. આ બાબત આઈપીસી કલમ ૩૦૮ની છે એટલે સુપ્રીમ ફરી ભારપૂર્વક ઠરાવે છે કે, જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે. સાક્ષીઓને પગ વાપરીને ડરાવશે એવો જે ભય વ્યક્ત કરવામાં આવ્યો છે તે ધ્યાનમાં લઈ સુપ્રીમ એ જામીન સાથે આપવા સાથે કેટલીક શરતો પણ મૂકી છે કુમારને અત્યારે મુખ્યમંત્રીના અંગત મદદનીશ તરીકે કે અન્ય કોઈપણ પ્રકારની સરકારી ફરજ સોંપવામાં નહીં આવે તમામ સાક્ષીઓની જુબાની લેવાઈ ન જાય ત્યાં સુધી તેઓ મુખ્યમંત્રીના નિવાસી સ્થાનમાં પણ જઈ નહીં શકે. તેઓ કોઈ જાહેર નિવેદનો કે ટિપ્પણીઓ પણ કરી નહીં શકે અન્ય જે કોઈ શરતો હોય તે ટ્રાયલ કોર્ટ નક્કી કરી શકે છે. દરમિયાન આમ આદમી પાર્ટીએ કુમારને જામીન આપવા બદલ સુપ્રીમ કોર્ટનો આભાર માન્યો છે. આપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રિયંકા કક્કરે સુપ્રીમનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, અત્યારે આ મુદ્દો અદાલતમાં હોવાથી હું વધુ કશું કહેવા માંગતી નથી. ગત ૧૩મી મેના રોજ બિભવકુમારે મુખ્યમંત્રી કેજરીવાલના સત્તાવાર નિવાસસ્થાન ખાતે સ્વાતિ માલીવાલ પર હુમલો કર્યો હોવાનો આરોપ છે એમની સામે ૧૬મી મેના રોજ આઈપીસીની વિવિધ કલમો હેઠળ એફઆઈઆર પણ દાખલ કરવામાં આવી હતી અગાઉ હાઈકોર્ટે જામીન આપ્યા નહોતા અને વગદાર વ્યક્તિ હોવાનું કારણ બતાવ્યું હતું.

# NEET-UGના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટિશન દાખલ કરવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

NEET UG 2024 પરીક્ષા અંગે સુપ્રીમ કોર્ટના આદેશ સામે કોર્ટમાં રિવ્યુ પિટિશન દાખલ કરવામાં આવી છે. આમાં NEET UG પરીક્ષા નવેસરથી આયોજિત કરવા માટે સર્વોચ્ચ અદાલત દ્વારા અરજી નકારી કાઢવા પર પુનર્વિચાર કરવાની માંગ કરવામાં આવી છે. આ રિવ્યુ પિટિશન કાજલ કુમારી અને અન્ય મેડિકલ વિદ્યાર્થીઓ વતી દાખલ કરવામાં આવી છે. આ પહેલાં ૨ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેંચે પુનઃ પરીક્ષાની માંગને ફગાવી દીધી હતી. બેન્ચે તેના ચુકાદામાં કહ્યું હતું કે, હાલમાં પરીક્ષાની અખંડિતતા સાથે ચેડાં કરતી કોઈપણ પદ્ધતિસરની લીક અથવા ગેરરીતિ દર્શાવવા માટે રેકોર્ડ પર પૂરતી સામગ્રી નથી. સુપ્રીમ કોર્ટે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના પૂર્વ વડા કે. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં કેન્દ્ર દ્વારા નિયુક્ત કરાયેલી સમિતિના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવામાં આવ્યો હતો. સમિતિને NEET UG આયોજિત કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની કામગીરીની સમીક્ષા કરવાની અને પરીક્ષામાં સુધારાની ભલામણ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. કોર્ટે કહ્યું હતું કે, કમિટીના આદેશમાં વધારો કરવામાં આવ્યો હોવાથી કમિટી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં પરીક્ષા પ્રણાલીમાં રહેલી ખામીઓને દૂર કરવાના વિવિધ ઉપાયો પર પોતાનો રિપોર્ટ સોંપશે. સર્વોચ્ચ અદાલતે NTAને તેના ચુકાદામાં અદાલત દ્વારા પ્રકાશિત કરાયેલી તમામ ચિંતાઓને સંબોધવામાં આવે તેની ખાતરી કરવા માટે નિર્દેશ આપ્યો અને સાત સભ્યોની સમિતિને તેની ભલામણો કરતી વખતે આ મુદ્દાઓને ધ્યાનમાં રાખવા વિનંતી કરી. મેડિકલ કોલેજોમાં MBBS, BDS, આયુષ અને અન્ય સંબંધિત અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે પાંચ મેના રોજ યોજાયેલી NEET-UG 2024માં ૨૩ લાખથી વધુ ઉમેદવારોએ હાજરી આપી હતી.

# મહિલાની ફરિયાદ પર ભાજપના અન્ય એક નેતા સામે જાતીય સતામણીની વિરુદ્ધ FIR દાખલ, જેમાં બ્લેકમેઈલિંગનો પણ આરોપ



(એજન્સી) તા.૨

કર્ણાટકમાં ભાજપ નેતા અરૂણકુમાર પુથિલા પર જાતીય સતામણીનો આરોપ લાગ્યો છે. ૪૭ વર્ષની એક મહિલાનું કહેવું છે કે, અરૂણે બેંગ્લુરૂની પાઈ વિસ્ટ હોટલમાં કથિત રીતે તેનું જાતીય શોષણ કર્યું હતું. મહિલાનો આરોપ છે કે, આ દરમિયાન પુથિલાએ તેના ફોટોગ્રાફ્સ, સેલ્ફી અને વીડિયો પણ લીધા હતા. બાદમાં તેનો ઉપયોગ તેમને બ્લેકમેઈલ કરવા માટે પણ કર્યો હતો. પોલીસે આ મામલે FIR નોંધી છે.

ઘટના જૂન ૨૦૨૩ની છે. સમાચાર મુજબ મહિલાએ આરોપ લગાવ્યો છે કે, તેની સાથે બેંગ્લુરૂની પાઈ વિસ્ટા હોટલમાં જાતીય સતામણીનો આ બનાવ બન્યો હતો. ફરિયાદ બાદ પુથિલા વિરુદ્ધ દક્ષિણ કન્નડ મહિલા પોલીસ સ્ટેશનમાં IPC કલમ ૪૧૭ (છેતરપિંડી માટે સજા), 354A (જાતીય સતામણી) અને ૫૦૬ (ગુનાહિત ધમકીની સજા) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. અરૂણકુમાર પુથિલા કર્ણાટક વિધાનસભા ચૂંટણી દરમિયાન ચર્ચામાં આવ્યા હતા, જ્યારે તેઓ પુત્તુર વિધાનસભા બેઠક પરથી ભાજપ સામે બળવાખોર ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા હતા. જો કે, તેઓ લોકસભા ચૂંટણી પહેલાં ભાજપમાં જોડાયા હતા. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ કહે છે કે, મહિલાએ પોલીસ તરફથી ધમકીઓ મળવાની ફરિયાદ પણ કરી છે. મહિલાનો આરોપ છે કે, તેને ધમકીભર્યા ફોન આવી રહ્યા છે. મહિલાનું કહેવું છે કે, તેની અને અરૂણકુમાર પુથિલા વચ્ચેની ઓડિયો વાતચીત વાયરલ થયા બાદ તેને આ ધમકીઓ મળી રહી છે. સ્થાનિક મીડિયા અનુસાર મહિલાએ પોતાની ફરિયાદમાં એમ પણ જણાવ્યું કે, તે પુથિલાને સોશિયલ મીડિયા પર ફેન તરીકે ફોલો કરતી હતી. પુથિલા વિરુદ્ધ IPC કલમો હેઠળ FIR નોંધવામાં આવી છે. તમને જણાવી દઈએ કે, જો આ ઘટના ભારતીય ન્યાયિક સંહિતાના અમલ પહેલાં બની હોય તો તેની સામે IPC હેઠળ કેસ નોંધવામાં આવે છે.

**ભાજપના વધુ એક નેતા પર બળાત્કારનો આરોપ :** ઉત્તરાખંડમાં પણ ભાજપના એક નેતા પર બળાત્કાર અને ધમકીનો આરોપ લાગ્યો છે. પોલીસે તેની સામે ૧ સપ્ટેમ્બરે કેસ નોંધ્યો હતો. પીડિતાનો આરોપ છે કે, ઉત્તરાખંડ કોઓપરેટિવ ડેરી ફેડરેશનના પ્રશાસક અને બીજેપીના વરિષ્ઠ નેતા મુકેશ બોરાએ એક હોટલમાં તેની સાથે યૌન શોષણ કર્યું હતું. તેમજ તેને કાયમી નોકરીનું વચન આપ્યું હતું. પીડિતાના પતિનું ૨૦૨૧માં અકસ્માતમાં મૃત્યુ થયું હતું. જે બાદ તે મુકેશ બોરાના સંપર્કમાં આવી હતી. કથિત રીતે તે સમયે પીડિતા સાથે પ્રથમ વખત બળાત્કાર કરવામાં આવ્યો હતો.

# ત્રિપુરામાં સાંપ્રદાયિક હિંસા પર જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH) એ ચિંતા વ્યક્ત કરી : રાજ્યને ઝડપી પગલાં લેવા માટે હાકલ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH)ના ઉપાધ્યક્ષ મલિક મોતાસિમ ખાન અને JIHના રાષ્ટ્રીય સચિવ શફી મદનીએ ત્રિપુરાના રાનીરબજાર વિસ્તારમાં તાજેતરની મુસ્લિમ વિરોધી હિંસા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને પીડિતોને મદદ કરવા માટે તાત્કાલિક રાજ્યના હસ્તક્ષેપની હાકલ કરી છે. JIH દ્વારા જારી કરાયેલા એક અખબારી નિવેદનમાં શ્રી ખાને કહ્યું હતું કે આ હુમલામાં નિર્દોષ મુસ્લિમ પરિવારોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં તેમના ઘરો, વાહનો અને પશુધનનો નાશ થયો હતો. અંદાજે ૩૦ પરિવારો બેઘર થઈ ગયા છે. શ્રી ખાને અ હિંસાની નિંદા કરી હતી. અ હિંસા હિંદુત્વ જૂથો સાથે કથિત રીતે જોડાયેલા અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવી હતી. તેમણે ત્રિપુરામાં સાંપ્રદાયિક તણાવમાં ચિંતાજનક વધારા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. શ્રી ખાને જણાવ્યું હતું કે સ્થાનિક સત્તાવાળાઓની સંડોવણી અથવા બેદરકારીને કારણે આ પરિસ્થિતિ વધુ વણસી છે, જેમાં રાજ્યના મંત્રી પણ સામેલ છે જે આ હુમલા દરમિયાન હાજર હતા પરંતુ તેઓ દરમિયાનગીરી કરવામાં નિષ્ફળ ગયા હતા. તેમણે જણાવ્યું હતું કે રાજ્યએ સાંપ્રદાયિક નફરત અને હિંસા ભડકાવતા કોઈપણ જૂથ સામે કડક વલણ અપનાવવું જોઈએ. અમે આ સંકટને પહોંચી વળવા માટે સરકારના હસ્તક્ષેપની તાકીદે વિનંતી કરીએ છીએ.



શ્રી ખાને એ પણ ધ્યાન દોર્યું હતું કે આ હિંસા પ્રતિશોધાત્મક ન્યાયના ખતરનાક નિવેદનોને લીધે થઈ છે અને મુસ્લિમ સમુદાય પર ખોટા આરોપ મૂકવામાં આવે છે અને આવી સાંપ્રદાયિક હિંસાને ન્યાયી ઠેરવવામાં આવે છે. તેમણે કહ્યું કે, અમે નફરતના અને ગણતરીપૂર્વકની હિંસાને સખત શબ્દોમાં વખોડીએ છીએ. ખાસ કરીને ચિંતાજનક વાત એ છે કે મુખ્ય પ્રધાન માણિક સાહાની આગેવાની હેઠળની રાજ્ય સરકાર આ મુદ્દે મૌન છે, તેઓએ પીડિતોને કોઈ સમર્થન કે ખાતરી આપી નથી. વિપક્ષી નેતાઓની નિર્ણાયક કાર્યવાહીનો અભાવ આ ગંભીર પરિસ્થિતિને સંબોધવામાં રાજકીય અને વહીવટી નિષ્ફળતાને વધુ ગંભીર બનાવે છે. આ પરિસ્થિતિને જો તાત્કાલિક કાબૂમાં લેવામાં ન આવે તો સાંપ્રદાયિક સંઘર્ષમાં વધારો થવાનું જોખમ છે. JIHના રાષ્ટ્રીય સચિવ શ્રી મદનીએ આ હિંસા પછી માનવતાવાદી કટોકટી અંગે વાત કરી. તેમણે અહેવાલ આપ્યો કે અસરગ્રસ્ત પરિવારો પાસે હવે આશ્રય, ખોરાક અને પાયાની જરૂરિયાતોનો અભાવ છે, તેઓ શારીરિક અને ભાવનાત્મક બંને પ્રકારની તકલીફો સહન કરી રહ્યા છે. આ ભયંકર પરિસ્થિતિ હોવા છતાં, સ્થાનિક વહીવટીતંત્રો અસરગ્રસ્ત વિસ્તારોમાં પ્રવેશ પર ગંભીર નિયંત્રણો મૂક્યા છે, રાહત પ્રયત્નોને અવરોધિત કર્યા છે અને મીડિયા કવરેજ અટકાવ્યું છે. આ ઈરાદાપૂર્વક મીડિયા બ્લેકઆઉટ અને માનવતાવાદી સહાયનો ઈનકાર છે અને તે અન્યાયી છે અને પીડિતોના અધિકારોનું ઉલ્લંઘન છે. અમે માનવતાવાદી સંસ્થાઓને આવશ્યક રાહત પૂરી પાડવા માટે આ પ્રતિબંધોને તાત્કાલિક હટાવવાની ભારપૂર્વક વિનંતી કરીએ છીએ. સરકારે ત્રિપુરામાં તમામ સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ અને વધુ હિંસા અટકાવવા માટે પર્યાપ્ત સુરક્ષા દળો તૈનાત કરવા જોઈએ. તેમણે કહ્યું હતું કે ત્રિપુરામાં સાંપ્રદાયિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા અને સમુદાયો વચ્ચે વિશ્વાસ પુનઃનિર્માણ કરવા JIH અન્ય સંસ્થાઓ સાથે સહયોગ કરશે. તેમણે જમાત-એ-ઈસ્લામી હિંદની પીડિતોને ટેકો આપવા અને આ પ્રદેશમાં શાંતિ, ન્યાય અને સમાધાનની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. મદનીએ નાગરિક સમાજ અને માનવ અધિકાર સંગઠનોને પીડિતો માટે ન્યાય અને પુનર્વસનમાં જોડાવા હાકલ કરી હતી.

# નવા વકફ બિલ મુદ્દે વિરોધ વધી રહ્યો છે : JPCના સભ્યોએ વકફ સુધારા બિલનો સખત વિરોધ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ મુદ્દે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ના સત્ર દરમિયાન અનેક પ્રતિક્રિયા આવી રહી છે. જેપીસીના ઘણા સભ્યો, સાંસદો અને નેતાઓએ આ બિલ સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. ઈન્ડિયન મુસ્લિમ ફોર સિવિલ રાઈટ્સ (IMCR)ના પૂર્વ સાંસદ મોહમ્મદ અદીબના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે આ બિલની વિરુદ્ધ દલીલ કરીને JPC અધ્યક્ષ જગદંબિકા રાયને તેમની ચિંતાઓ રજૂ કરી હતી. જેપીસીની બેઠક પહેલાં, IMCRએ ગાલિબ ઈન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હી ખાતે એક કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. AAP સાંસદ સંજયસિંહ, સપા સાંસદ મૌલાના મોહિબુલ્લા નદવી, કોંગ્રેસના સાંસદો નસીર હુસૈન અને તારિક અનવર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કે રહેમાન ખાને તેમાં હાજરી આપી હતી, અને જો આ બિલ પાછું ખેંચવામાં નહીં આવે તો ખેડૂતોના આંદોલનની જેમ જ દેશવ્યાપી વિરોધની ચેતવણી આપી હતી. AAP સાંસદ સંજયસિંહે આ બિલને "જમીન હડપ કરવા માટેના કાવતરા" તરીકે વખોડી કાઢ્યું હતું અને તેની સામે સંયુક્ત મોરચાનું આહ્‌વાન કર્યું હતું. સિંહે ચેતવણી આપી હતી કે આ બિલની અસરો મુસ્લિમ ધાર્મિક સંપત્તિઓ પર પડશે અને સંભવિતપણે વિવિધ ધાર્મિક સમુદાયો અને પછાત જૂથોની માલિકીની જમીનોને અસર કરશે. તેમણે અયોધ્યામાં અદાણીને સૈન્યની ૧૩,૦૦૦ એકર જમીનના વિવાદાસ્પદ ટ્રાન્સફરની ચિંતા સાથે ગુરુદ્વારા સમિતિઓ, ચર્ચ સમિતિઓ, હિંદુ મંદિરો અને ધર્મશાળાઓની જમીનો જપ્ત કરવા અંગે ચિંતા દર્શાવતા આ બિલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સિંઘે ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરવા માટેના આ બિલની ટીકા કરી હતી અને ધાર્મિક સંપત્તિના અસરકારક સંચાલન માટે સરકારની પ્રતિબદ્ધતા પર સવાલ ઉઠાવ્યા હતા. કોંગ્રેસના સાંસદ સૈયદ નસીર હુસૈને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને ઈન્ડિયા ગઠબંધન દ્વારા આ બિલની સંપૂર્ણ સમીક્ષા માટે દબાણ કરવાના પ્રયાસો પર વાત કરતાં કહ્યું કે, આ મુદ્દો "સાંપ્રદાયિક" અને "ધ્રુવીકરણ" કરવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. હુસૈને "લેન્ડ જેહાદ" જેવા શબ્દોના ઉપયોગની પણ નિંદા કરી છે. આવા નિવેદનોનો હેતુ અન્ય સમુદાયોમાં ભય પેદા કરવાનો અને



મુસ્લિમોને ખોટી રીતે રજૂ કરવાનો છે. તેમણે વક્ફ બોર્ડ અને ટ્રિબ્યુનલ્સમાં બિન-મુસ્લિમોના સમાવેશની ટીકા કરી હતી અને કહ્યું કે આ જ દર્શાવે છે કે સરકારને મુસ્લિમ અધિકારીઓ અને ન્યાયાધીશોમાં કોઈ વિશ્વાસ નથી. સમાજવાદી પાર્ટીના સાંસદ મૌલાના મુહિબુલ્લાહ નદવીએ વકફ સુધારા બિલનો સખત વિરોધ કર્યો, અને તેને ધાર્મિક સ્વતંત્રતા પર હુમલો અને ઈસ્લામિક સંસ્થાઓને નબળી પાડવાના પ્રયાસ તરીકે વર્ણવ્યું હતું. તેમણે બિલની આવશ્યકતા પર પ્રશ્ન ઉઠાવ્યો અને નદવીએ શીખ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, તેમજ આદિવાસી અને દલિત જૂથો સહિત તમામ સમુદાયોને આ બિલ સામે એક થવા માટે એકતાનું આહ્‌વાન કર્યું હતું. પૂર્વ સાંસદ અને IMCRના અધ્યક્ષ મોહમ્મદ અદીબે વકફ સુધારા બિલને ભેદભાવપૂર્ણ અને વકફ મિલકતોના સંચાલનમાં મુસ્લિમોની ભાગીદારીને નબળી પાડવાના પ્રયાસ કહીને વખોડ્યું હતું. અદીબે ચેતવણી આપી હતી કે જો સરકાર બિલને આગળ ધપાવે છે અને વક્ફ પ્રોપર્ટી પર અતિક્રમણ કરશે તો મુસ્લિમો વિરોધ પ્રદર્શન દ્વારા તેનો પ્રતિકાર કરશે. રાજ્યસભાના પૂર્વ ઉપાધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી કે. રહેમાન ખાને દલીલ કરી હતી કે આ ખરડો અગાઉના વકફ અધિનિયમના સુધારા દ્વારા થયેલી પ્રગતિને નબળી પાડે છે. ખાને સર્વે કમિશનરોના સ્થાને જિલ્લા કલેક્ટરોને બદલવાની બિલની જોગવાઈ પર ચિંતા વ્યક્ત કરી હતી. લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ હમદુલ્લાહ સઈદે જણાવ્યું હતું કે વકફ મિલકતો સરકાર કે કોઈ વ્યક્તિની અંગત સંપત્તિ નથી. તેમણે જણાવ્યું હતું કે આવા કોઈપણ ફેરફારો અસ્વીકાર્ય છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB)ના જનરલ સેક્રેટરી મૌલાના ફઝલુર રહેમાન મુજદ્દીદીએ વકફ સુધારા બિલની સખત નિંદા કરી, અને તેને તાત્કાલિક પાછી ખેંચવાની માંગ કરી. મુજદ્દીદીએ જણાવ્યું હતું કે AIMPLB અને અન્ય મુસ્લિમ સંગઠનોએ કાનૂની આધાર પર આ બિલની સંપૂર્ણ સમીક્ષા કરી છે અને તેને નકારી કાઢ્યો છે, અને તેઓએ સાંસદોને આ બિલ પાછું ખેંચવા માટે સમર્થન આપવા વિનંતી કરી છે. AIMPLBના પ્રવક્તા અને વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા (WPI)ના નેતા ડૉ. SQR ઈલ્યાસે આ બિલને વકફ મિલકતો પરના ગેરવાજબી હુમલો ગણાવ્યો છે. તેમણે ચેતવણી આપી હતી કે જો આ બિલ સંસદમાં પસાર થશે, તો તે દેશવ્યાપી ચળવળ સાથે સમગ્ર સમુદાય વિરોધમાં રસ્તા પર ઉતરશે. જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH)ના મદદનીશ સચિવ ઈનામુર્રહમાને આ બિલ સામે સખત વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમણે સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલની પુનઃરચના કરવામાં સરકારની નિષ્ફળતા પર દલીલ કરી હતી કે બિલના સુધારાઓ વક્ફની જમીનો જપ્ત કરવાનો ઈરાદાપૂર્વકનો એજન્ડા દર્શાવે છે. સંભલના એસપી સાંસદ ઝિયા-ઉર-રહેમાન બરકે જણાવ્યું હતું કે સરકારે ખેડૂતોના કાયદાની જેમ આ બિલ પાછું ખેંચવું જોઈએ. સૂચિત સુધારાઓને ગેરમાર્ગે દોરનારા અને નુકસાનકારક છે. કોન્ફરન્સના સહભાગીઓએ સર્વસંમતિથી વકફ સુધારા બિલની નિંદા કરતા ઠરાવો પસાર કર્યા અને તેને તાત્કાલિક પાછી ખેંચી લેવાની હાકલ કરી હતી. તેઓએ ધાર્મિક અને સામુદાયિક એકતા સાથે વિરોધ કરવા અને લોકશાહી માધ્યમો દ્વારા આ બિલનો પ્રતિકાર કરવાનું ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# 'તેઓએ કહ્યું હતું કે તેઓ મને ચાલતી ટ્રેનમાંથી ફેંકી દેશે' : ૭૨ વર્ષીય મુસ્લિમ વ્યક્તિ પર ગૌમાંસ રાખવાની શંકામાં હુમલો; અશરફ અલી સૈયદ હુસૈનની અગ્નિપરીક્ષા

## પોલીસે કેસ નોંધવામાં તુલનાત્મક રીતે ભારતીય ન્યાય સંહિતાના હળવા વિભાગોનો ઉપયોગ કર્યો છે, તમામ આરોપીઓને જામીન મળી ગયા છે

(એજન્સી) મુંબઈ, તા.૨

૭૨ વર્ષીય અશરફ અલી સૈયદ હુસૈન જલગાંવથી કલ્યાણ સુધીની મુસાફરી લાંબા સમયથી નિયમિત રીતે કરતાં રહે છે. તે સામાન્ય રીતે ટ્રેનમાં ચઢે છે, કલ્યાણ જંક્શન પર ઉતરે છે અને પછી અંતિમ ચાર કિલોમીટર માટે ઓટોરિક્ષા લઈને કલ્યાણની બહારના ગામ કોનગાંવ સુધી જાય છે, જ્યાં તેની પુત્રી રહે છે. જો કે, ૩૦ ઓગસ્ટની તેમની સફર અસામાન્ય હતી. ૨૦ વર્ષના પુરુષોના એક જૂથે હુસૈન પર "ગાયનું માંસ" રાખવાનો આરોપ મૂક્યો હતો. કાયદાના રક્ષક અને પોલીસ બનવાની અભિલાષા ધરાવતા આ માણસો હુસૈન વિરુદ્ધ કહેવાતા ગૌરક્ષકો બની ગયા હતા. તેઓએ તેને ચહેરા, છાતી અને પેટમાં મુક્કા માર્યા અને અપશબ્દો કહ્યા. તેનો ફોન છીનવી લીધો અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા પહેલા બહુવિધ ઉપકરણો પર આ હુમલો રેકોર્ડ કર્યો. થાણે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ બાદ, આકાશ આહવડ, નિલેશ આહિરે અને જયેશ મોહિતે, આ ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. આ ક્રૂર હુમલાના સ્પષ્ટ વિડિયો પુરાવા હોવા છતાં, તેઓ પર નવા ભારતીય ન્યાય સંહિતા (BNS) કાયદાની જામીનપાત્ર કલમો હેઠળ જ આરોપ મૂકવામાં આવ્યો હતો અને એક દિવસની અંદર જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. હુસૈન કહે છે કે આ હુમલો કોઈ ઉશ્કેરણી વગર કરવામાં આવ્યો હતો. તે જલગાંવના ચાલીસગાંવ સ્ટેશનથી ટ્રેનમાં ચઢ્યો હતો. ટ્રેનમાં ભીડ હતી. મારી બાજુમાં ઊભેલા લગભગ ૨૪-૨૫ વર્ષના એક યુવકે મને તેના માટે જગ્યા આપવા કહ્યું. બીજી વ્યક્તિ માટે જગ્યા ન હોવાથી, મેં તેને પૂછ્યું કે શું તે મારા ખોળામાં બેસવાનું વિચારી રહ્યો છે અને તેની બાજુમાં ઉભેલા કેટલાક અન્ય લોકો ગુસ્સે થયા હતા. મહારાષ્ટ્રમાં ભેંસના માંસનો વપરાશ કાયદેસર છે. આ પુરુષોએ અચાનક માંગ કરી કે હું મારી બેગ ખોલું અને તેમને બતાવું. તેઓએ મને પૂછ્યું કે મારી બેગમાં શું છે. હું પરેશાન થઈ ગયો અને થોડી જ વારમાં, આ પુરુષોએ મને મુક્કો મારવાનું અને મારી સાથે દુર્વ્યવહાર કરવાનું શરૂ કર્યું.

હુસૈન કલ્યાણ સ્ટેશન તરફ જવા લાગ્યો ત્યારે આ શખ્સોએ તેનો પીછો કર્યો. હું તેમાંથી કેટલાકને કહેતા સાંભળી શક્યો કે, 'તેને ચાલતી ટ્રેનમાંથી ફેંકી દો.' હું તેમનો પ્રતિકાર કરતો રહ્યો, પરંતુ તેઓ વધુ મારામારી કરતા રહ્યા હતા. હુસૈન કહે છે કે મુસાફરોમાં કેટલાક એવા હતા



જેમને મારા માટે દયા આવી. તેઓ આ નફરત ફેલાવનારાઓને રોકવા માટે કહેતા રહ્યા. પરંતુ પુરુષોએ મને મારવાનું ચાલુ રાખ્યું હતું. તેઓએ કહ્યું કે, જો તે પોલીસમાં ફરિયાદ કરશે તો તેને મારી નાખવાની અને તેના પરિવારની મહિલાઓ પર બળાત્કાર કરવાની ધમકી પણ આપી હતી. હુસૈનનો ચહેરો સૂજી ગયો હતો. તે હચમચી ગયો હતો અને ભાગ્યે જ બોલી શકતો હતો. પોલીસે તેની સ્થિતિની અવગણના કરી, અને પોલીસે સાદા કાગળ પર કંઈક લખ્યું અને મને તેના પર સહી કરવાનું કહ્યું. હું ભાગ્યે જ જોઈ શકતો હતો, મેં તેમને તે મને વાંચવા માટે કહ્યું પણ નહીં. મેં સહી કરી અને ચાલ્યો ગયો. આ પુરુષોએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરી દીધો હતો. આ વીડિયો બહાર આવ્યા પછી, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઑફ ઈન્ડિયા (SDPI) સાથે જોડાયેલા કાર્યકરોએ હુસૈનને કાનૂની આશરો લેવા પ્રોત્સાહિત કર્યા. હુસૈન, તેના પરિવાર અને SDPI કાર્યકરોની ટીમ સાથે, થાણે પોલીસ સ્ટેશન ગયા. પોલીસે એફઆઈઆર નોંધી હતી જેમાં BNSની હળવી કલમો હેઠળ આરોપીને વધુમાં વધુ સાત વર્ષની સજા થઈ શકે છે. આ તમામ વિભાગો મેજિસ્ટ્રેટ-ટ્રાયેબલ છે અને તેમના જામીન તરત જ થઈ ગયા હતા. SDPIના એક કાર્યકરે કહ્યું કે પોલીસ કેટલાક નિર્ણાયક વિભાગો ઉમેરવા માટે અનિચ્છા ધરાવે છે. જ્યારે આ વીડિયો સોશિયલ સામે આવ્યો ત્યારે પોલીસે આ કેસ જાતે નોંધ્યો ન હતો. જો હુસૈને હિંમત ન દાખવી હોત તો પોલીસે કેસ નોંધ્યો ન હોત. ૧ સપ્ટેમ્બરના રોજ, આ ટોળામાંથી ત્રણને જામીન પર મુક્ત કર્યાના કલાકો પછી, પોલીસ તેનું નિવેદન ફરીથી રેકોર્ડ કરવા માટે હુસૈનની પુત્રીના ઘરે પરત આવી હતી. આ હુમલાના વીડિયો સોશિયલ મીડિયા પર શેર થયા બાદ વિપક્ષના ઘણા લોકોએ પ્રતિક્રિયા આપી હતી. જો કે રાજ્યના સત્તાવાળાઓ મૌન રહ્યા હતા. મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ પણ હજી સુધી અ મુદ્દે મૌન જાળવ્યું છે.

## ટ્રેનમાં મુસ્લિમ વૃદ્ધ પર હુમલો કરનારા તમામ આરોપીઓને એક જ દિવસ બાદ મળી ગયા જામીન



ટ્રેનમાં ગૌમાંસ લઈ જઈ રહ્યા છીએ, શંકા રાખીને એક વૃદ્ધ મુસ્લિમ પર હુમલો કરીને એમને માર મારનારા તમામ આરોપીઓને હુમલાના એક જ દિવસ બાદ જામીન છોડી મૂકવામાં આવ્યા છે. હુમલાખોરો આકાશ અહવાદ, નિલેશ આહિરે અને જયેશ મોહિત નામના ત્રણેય હુમલાખોરોને એક જ દિવસમાં જામીન મળી ગયા છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની જામીન મળી જાય એવી કલમો આ હુમલાખોર યુવાનો વિરુદ્ધ લગાડી હતી.

# ૪,૫૦૦ કર્મચારીઓને પ્રવાસ પર લઈ જતા આ ભારતીય ઉદ્યોગપતિ સન ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના માલિક દિલીપ સંઘવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દિલીપ સંઘવી ભારતના પાંચમાં સૌથી ધનિક વ્યક્તિ સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝના માલિક છે, જેમણે તેમના ૪૫૦૦ કર્મચારીઓ માટે વિયેતનામના બે સપ્તાહના પ્રવાસનું આયોજન કર્યું છે. આ સફર તેમને હનોઈ, નિન્હ બિન્હ અને હા લોંગ બે સહિત ઉત્તર વિયેતનામના વિવિધ સ્થળોએ લઈ જશે. ફોર્બ્સ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ સંઘવીની કુલ સંપત્તિ ૨૯.૩ અબજ ડૉલરનું મૂલ્ય આંકે છે. વાર્ષિક પાંચ અબજ ડૉલરથી વધુનું ઉત્પાદન કરતા ફાર્માસ્યુટિકલ સામ્રાજ્યમાં અગ્રણી હોવા છતાં સંઘવીની સફરની વિનયી શરૂઆત હતી. ૧૯૫૫માં ગુજરાતના એક નાના શહેરમાં જન્મેલા તેઓ પશ્ચિમ બંગાળના કોલકાતામાં ઉછર્યા હતા, જ્યાં તેમના પિતા ફાર્માસ્યુટિકલ વેપારનો વ્યવસાય ચલાવતા હતા, બ્રાન્ડેડ અને જેનરિક દવાઓનો વેપાર કરતા હતા. કોલકાતા યુનિવર્સિટીમાંથી વાણિજ્યમાં તેમની સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરતી વખતે સંઘવીએ તેમના પિતાને મદદ કરી અને ટૂંક સમયમાં માત્ર અન્ય લોકોને વહેંચવાને બદલે પોતાની ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ બનાવવાની કલ્પના કરી. ૧૯૮૨માં સ્નાતક થયા પછી સંઘવીએ ૧૦,૦૦૦ રૂપિયા (લગભગ ૧૨૦ ડૉલર) ઉછીના લીધા અને બિઝનેસ પાર્ટનર પ્રદીપ ઘોષ સાથે મળીને સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરી. ગુજરાતના વાપીમાં નાના ઓપરેશન તરીકે શરૂ કરીને કંપનીએ બાયપોલર ડિસઓર્ડર માટે એક જ દવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમની વ્યાપાર સમજ અને એક્વિઝિશન પર કેન્દ્રિત વ્યૂહરચનાનો લાભ લેતા સંઘવીને



ઝડપથી સફળતા મળી, તેણે તેના પ્રથમ વર્ષમાં સન ફાર્માસ્યુટિકલનું વિસ્તરણ કર્યું. ઈન-હાઉસ મેન્યુફેક્ચરિંગની જરૂરિયાતને ઓળખીને તેમણે વાપીમાં ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે લોન મેળવી. તેમણે જેનેરિક દવાઓના વિકાસને વધારવા માટે ફાર્મા એડવાન્સ્ડ રિસર્ચ સેન્ટરની પણ સ્થાપના કરી હતી. તે પછીના વર્ષે સન ફાર્માસ્યુટિકલ બોમ્બે અને નેશનલ સ્ટોક એક્સચેન્જમાં જાહેરમાં આવ્યું, જેમાં શેરની માંગ પુરવઠા કરતાં ૫૫ ગણી વધી ગઈ. ૧૯૭૭માં કંપનીએ કારાકો ફાર્માસ્યુટિકલ્સને હસ્તગત કરીને સનને વિશ્વના સૌથી મોટા જેનરિક ડ્રગ માર્કેટમાં પ્રવેશ આપીને અને ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના નિયમોને નિર્દેશિત કરવામાં આવશ્યક કુશળતા આપીને યુ.એસ. બજારમાં તેની પ્રથમ ચાલ કરી. વર્ષોથી સન ફાર્માસ્યુટિકલે એક ડઝનથી વધુ ફાર્માસ્યુટિકલ કંપનીઓ હસ્તગત કરી છે, જે સંઘર્ષ કરતી અથવા બિનલાભકારી કંપનીઓને ફેરવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપનીનું સૌથી મોટું એક્વિઝિશન ૨૦૧૪માં આવ્યું હતું, જ્યારે તેણે રેનબેક્સી લેબોરેટરીઝને ૪ અબજ ડૉલરમાં ખરીદી હતી, જે તે વર્ષે એશિયાના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં સૌથી મોટો સોદો હતો. ધ ઈકોનોમિક ટાઈમ્સ સાથેના ડિસેમ્બર ૨૦૧૩ના ઈન્ટરવ્યુમાં સંઘવીએ તેમના સાવચેતીભર્યા અભિગમને પ્રતિબિંબિત કરતા કહ્યું, મારી મર્યાદા એ છે કે, મારી પાસે આ વર્ષ પછી કોઈ સ્પષ્ટ દૃષ્ટિકોણ નથી. આ વર્ષે મારે જે જરૂર છે તેના પર હું ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરૂં છું. આગામી વર્ષ માટે અમે પ્રયાસ કરીએ છીએ અને જોઈએ છીએ કે, અમે અનિવાર્યપણે સુસંગત રહીએ છીએ, અમે અગાઉના વર્ષ કરતાં વધુ સારા બનવાનો પ્રયાસ કરીએ છીએ. ૨૦૧૫માં રેનબેક્સી ડીલ ફાઈનલ થઈ ત્યાં સુધીમાં સન ફાર્માસ્યુટિકલ ભારતની સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપની અને વિશ્વની પાંચમી સૌથી મોટી જેનરિક દવા ઉત્પાદક બની ગઈ હતી. તે વર્ષે સંઘવીએ થોડા સમય માટે મુકેશ અંબાણીને ભારતના સૌથી ધનિક વ્યક્તિ તરીકે પાછળ છોડી દીધા હતા, જો કે, અંબાણીએ થોડા મહિનાઓ પછી આ ખિતાબ પાછો મેળવ્યો હતો.

૨૦૨૩માં ફાઈનાન્શિયલ એક્સપ્રેસ દ્વારા અહેવાલ મુજબ સન ફાર્માસ્યુટિકલે યુએસ સ્થિત કોન્સર્ટ ફાર્માસ્યુટિકલ્સને ૫.૭૬ કરોડ ડૉલરમાં હસ્તગત કરીને તેની સ્થિતિ વધુ મજબૂત બનાવી.

તેમની પુષ્કળ સંપત્તિ અને સિદ્ધિઓ હોવા છતાં સંઘવી લોકોની નજરથી દૂર રહેવાનું પસંદ કરે છે અને તેઓ સાધારણ જીવન જીવે છે અને તેમની નાણાકીય સફળતાનો આનંદ માણવાનું ટાળે છે. તેમની પત્ની, વિભા, ક્યારેક-ક્યારેક ઓટો-રિક્ષામાં મુસાફરી કરતી જોવા મળે છે અને સંઘવી પોતે દક્ષિણ ભારતીય ભોજનનો આનંદ માણે છે અને મુસાફરી કરવાનું પસંદ નથી.

# રતન ટાટાની કંપનીમાં કામ કરતી આ મહિલાએ પોતાના ફ્લેટથી ફર્મ શરૂ કરી, ૮,૩૯૫ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ ધરાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

બિઝનેસ જગતમાં ઘણી મહિલાઓ સફળતાપૂર્વક તેમની કંપનીઓ ચલાવી રહી છે. કેટલાકે તેમની સાહસિકતાની યાત્રા શૂન્યથી જ શરૂ કરી હતી જ્યારે અન્યોએ તેમની કંપનીઓ શરૂ કરતા પહેલા ટોચની કંપનીઓમાં કામ કર્યું હતું. તેમાંથી ઘણાં હવે અબજોપતિ છે. આવી જ એક વ્યક્તિ છે નીરજા સેઠી, જેમણે યુએસ IT કન્સલ્ટિંગ અને આઉટસોર્સિંગ ફર્મ સિન્ટેલની સહ-સ્થાપના કરી હતી.

સેઠી એક ભારતીય મૂળની મહિલા છે જેઓ તેમના પતિ સાથે ફ્લેટમાંથી કંપની શરૂ કરતાં પહેલાં IT ફર્મ ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS)માં કામ કરતાં હતાં.



ફોર્બ્સ અનુસાર ૬૯ વર્ષીય હવે વાસ્તવિક સંપત્તિ ૧ અબજ યુએસ ડોલર (૮૩૯૫ કરોડ રૂપિયા) સાથે અબજોપતિ છે. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી ગણિતમાં અંડરગ્રેજ્યુએટ ડિગ્રી અને ઓપરેશન્સ સંશોધનમાં MBA કર્યું છે. તેમણે ઓકલેન્ડ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી પણ પૂર્ણ કરી.

તેમણે ભરત દેસાઈ સાથે લગ્ન કર્યા છે અને તેમને બે બાળકો છે. TCS માટે કામ કરતી વખતે બંનેની મુલાકાત યુએસમાં થઈ હતી. સેઠીએ તેમના પતિ સાથે ૧૯૮૦માં ટ્રોય, મિશિગન (યુએસ)માં તેમના એપાર્ટમેન્ટમાં માત્ર ૨૦૦૦ યુએસ ડોલરના રોકાણ સાથે સિન્ટેલની શરૂઆત કરી હતી. જે આજે લગભગ ૧.૬ લાખ રૂપિયા છે. જો કે, ૨૦૧૮માં ફ્રેન્ચ IT ફર્મ Atos SEએ સિન્ટેલને ૩૪૦ કરોડ યુએસ ડોલરમાં ખરીદી હતી.

### ૧૫ ફેબ્રુઆરી પરિક્રમા મહોત્સવના VIP નેતાઓના ખોટા ખર્ચને લઈ કોંગ્રેસ આક્રમક

# ભાજપના નેતાઓ અંબાજી મંદિરના રૂા.૧૨ લાખ ખાઈ ગયા ! યાત્રિકો બસમાં લાવવાના દોઢ કરોડ

## રૂા.૭૨૦ની ચા અને ૧૭૫૦ની ડિશ : મંદિર ટ્રસ્ટમાં નાણાં જમા નહીં થાય તો આંદોલન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

ગુજરાતના અંબાજી મંદિરમાં ભક્તો મોટી સંખ્યામાં દર્શન કરવા આવે છે અને દાન પણ મંદિરમાં ભેટ સ્વરૂપે ચઢાવતા હોય છે. પરિક્રમા મહોત્સવના કાર્યક્રમમાં ૧૫ ફેબ્રુઆરીએ ગુજરાત ભાજપના તમામ ધારાસભ્યો, મંત્રીઓ, મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ સહિત પરિક્રમા મહોત્સવમાં હાજરી આપવા આવ્યા હતા. ત્યારે તેમની આગતાસ્વાગતા કરવા માટે એક ટાઈમ ચા સર્કિટ હાઉસ ખાતે અને બીજી ચા ગબ્બર ખાતે આપવામાં આવી હતી. આમ, કુલ ચાના ૭૨૦ રૂપિયા અને ૧૭૦૦ રૂપિયાની જમવાની મોંઘી ડિશ પીરસવામાં આવી હતી, જેની ૧૨ લાખ રૂપિયા જેટલી રકમની ટ્રસ્ટ દ્વારા ચૂકવણી કરાઈ હતી. એને લઈને કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે વહીવટદારને આવેદનપત્ર આપી વિરોધ દર્શાવવામાં આવ્યું હતું. અંબાજી મંદિરમાં આવેલા દાનના ૧૨ લાખ રૂપિયા વીઆઈપી નેતાઓ પાછળ ખર્ચને મુદ્દે કોંગ્રેસ પાર્ટી આક્રમક મૂડમાં જોવા મળી રહી છે. ૧૫ ફેબ્રુઆરી કાર્યક્રમના ખોટા ખર્ચને લઈને અને મંદિરના દાનના રૂપિયા ટ્રસ્ટમાંથી જતાં કોંગ્રેસ પાર્ટી લડી લેવાના મૂડમાં છે. જેમાં આજે અંબાજી મંદિરમાં દાંતા વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડી સહિતના અગ્રણીઓ દ્વારા વહીવટદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે ૧૫ ફેબ્રુઆરીના રોજ જે નેતાઓ આવ્યા હતા એમાં કોંગ્રેસના કોઈપણ ધારાસભ્ય નહોતા. મંદિર દ્વારા ચૂકવેલા રૂપિયા મંદિર ટ્રસ્ટમાં પરત જમા નહીં થાય તો અમે આવનારા સમયમાં કોંગ્રેસના તમામ કાર્યકર્તાઓ જેટલા પણ ધારાસભ્યો, મંત્રીઓ, મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષના વિસ્તારોમાં જઈને અંબાજી મંદિરનો QR કોડ બતાવીને એ નાણાં પરત લાવીને અંબાજી મંદિર ટ્રસ્ટમાં જમા કરાવીશું. તેમણે ઉમેર્યું હતું કે અમને એવી પણ માહિતી મળે છે કે પરિક્રમા મહોત્સવ વખતે જે યાત્રિકોને બસમાં અંબાજી લાવવામાં આવ્યા હતા તેમના દોઢ કરોડ રૂપિયા પણ ટ્રસ્ટ દ્વારા ચૂકવવામાં આવ્યા છે. જો આ બાબત સામે આવશે તો એને અમે વિધાનસભા અને સંસદ સુધી લઈ જઈશું.

# આસારામ કરગર્યો ''પ્લીઝ મારી સજા માફ કરો'': હાઈકોર્ટે આખરે અરજી ફગાવી દીધી

## અરજી પર વિચાર કરવા માટે કોઈ અસાધારણ આધાર નથી : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨

દુષ્કર્મના કેસમાં સજા કાપી રહેલા આસારામે ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા છે. વર્ષ ૨૦૧૩થી જેલવાસ ભોગવી રહેલા આસારામે જજને વિનંતી કરી કે, પ્લીઝ, મારી સજા માફ કરી દો. આ પહેલાથી જ આ કેસમાં લાંબા સમયથી જેલમાં છું. ન્યાયાધીશે સુનાવણી પુરી થયા પછી કહ્યું કે, અરજી પર વિચાર કરવા માટે કોઈ અસાધારણ આધાર નથી. તેથી આ અરજી ફગાવી દેવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં ગાંધીનગરની એક કોર્ટે આસારામને દુષ્કર્મ કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ ઈલેશ વોરા અને ન્યાયાધીશ વિમલ વ્યાસની બેંચે સજાને સ્થગિત કરતી વખતે અને તેને જામીન આપવાનો ઈન્કાર કરતી વખતે પોતાના ચુકાદામાં કહ્યુ કે, અહીં રાહતનો કોઈ સવાલ પેદા થતો નથી. જાન્યુઆરી ૨૦૨૩માં સેશન જજે ૨૦૧૩ના દુષ્કર્મ કેસમાં આસારામને દોષિત જાહેર કર્યો હતો. આ કેસમાં આરોપ છે કે ઘટના સમયે આસારામે ગાંધીનગર સ્થિત પોતાના આશ્રમમાં એક મહિલા પર દુષ્કર્મ કર્યું હતું. મહિલાની ફરિયાદના આધારે પોલીસે FIR નોંધીને આ કાર્યવાહી કરી છે. આસારામ અત્યારે જોધપુરના એક અન્ય દુષ્કર્મ કેસમાં રાજસ્થાનની જોધપુર જેલમાં બંધ છે. હાઈકોર્ટે કહ્યું કે આસારામની અપીલના નિકાલમાં સંભવિત વિલંબ અંગેની દલીલો, તેમની ઉંમર અને તબીબી સ્થિતિ રાહત આપવા માટે સુસંગત નથી. કોર્ટે સાબરમતી આશ્રમમાં બે છોકરાઓની કથિત હત્યા અને સાક્ષીઓ અને પીડિતોના સંબંધીઓ પર હુમલા સહિતની અગાઉની ઘટનાઓને પણ ધ્યાનમાં લીધી હતી. જોધપુરમાં સગીરા પર દુષ્કર્મના કેસમાં આસારામ સામે સૌથી પહેલા પગલાં લેવાયા. જોધપુર પોલીસે આ કેસમાં જ્યારે FIR નોંધી નહોતી ત્યારે સગીરાના પિતાએ દિલ્હીમાં કેસ નોંધાવ્યો હતો. દિલ્હી પોલીસે ઝીરો FIR નોંધીને જોધપુર પોલીસને કેસ મોકલી દીધો હતો, એ પછી આસારામ સતત ફસાતો રહ્યો અને જેલમાં સજા ભોગવી રહ્યો છે. તાજેતરમાં રાજસ્થાન હાઈકોર્ટે આસારામને સારવાર માટે ૭ દિવસના પેરોલ મંજૂર કર્યા હતા. આસારામે સતત છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી અને તેને એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. રાજસ્થાન હાઈકોર્ટે ૧૩ ઓગસ્ટને દિવસે ૭ દિવસના પેરોલ આપ્યા હતા. એ પછી આસારામ સારવાર માટે મહારાષ્ટ્ર ગયો હતો. ફલાઈટમાં ગયેલા આસારામની સાથે પોલીસનો કાફલો અને ૨ એટેન્ડન્ટને પણ મોકલાયા હતા. સારવાર લઈને આસારામ ફરી જેલમાં હાજર થઈ ગયો હતો.

# શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં ૯ બેઠકો માટે ૫૫ ઉમેદવારો વચ્ચે દાવેદારી

## ● ૫૫ ઉમેદવારોએ ૭૩ ફોર્મ ભર્યા : સંચાલક મંડળની બેઠક પર ૧૪ ફોર્મ ભરાયા ● બી.એડ. પ્રિન્સિપાલની બેઠક પર એક જ ઉમેદવારનું ફોર્મ ભરાયું હોવાથી બિનહરીફ જાહેર થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી માટે સોમવારના રોજ ફોર્મ ભરવાની કાર્યવાહી પુર્ણ થઈ છે. જેમાં ૯ બેઠકો પર ૫૫ જેટલા ઉમેદવારોએ ૭૩ ફોર્મ ભર્યા હોવાનું સામે આવ્યું છે. સંચાલક મંડળ દ્વારા છેલ્લી ઘડી સુધી પોતાના સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા નથી, તેના બદલે ચાર ઉમેદવારો પાસે ફોર્મ ભરાવ્યા છે. જ્યારે અન્ય બે ઉમેદવારોએ સીધા જ ફોર્મ ભર્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે બી.એડ. પ્રિન્સિપાલની બેઠક પરથી એક જ ઉમેદવારે ફોર્મ ભર્યું હોવાથી મંગળવારે ચકાસણી બાદ જો તેમનું ફોર્મ માન્ય રહેશે તો આ બેઠક બીનહરિફ જાહેર થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૯ સભ્યોને ચૂંટવા માટે સોમવારના રોજ ફોર્મ ભરવાની મુદત પુર્ણ થઈ છે. આ સાથે ૯ બેઠક પર ૫૫ ઉમેદવારો દ્વારા ૭૩ જેટલા ફોર્મ ભરાયા છે. જેમાં સૌથી વધુ સંચાલક મંડળની બેઠક માટે ૧૪ ઉમેદવારો દ્વારા ૧૯ ફોર્મ ભરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. સંચાલક મંડળ દ્વારા છેલ્લી ઘડી સુધી પોતાના માન્ય ઉમેદવાર જાહેર કરવાનું ટાળ્યું છે અને તેના બદલે મંડળ દ્વારા ચાર ઉમેદવારો પાસે હાલમાં ફોર્મ ભરાવવામાં આવ્યા છે. સંચાલક મંડળ દ્વારા જે ઉમેદવારો પાસે ફોર્મ ભરાવ્યા છે.શિક્ષણ બોર્ડની ચૂંટણીમાં બી.એડ. પ્રિન્સિપાલની બેઠક પરથી રાજકોટના ઉમેદવાર નિદત બારોટે ચાર ફોર્મ ભર્યા છે. આ ઉમેદવાર સિવાય આ બેઠક પર એક પણ ફોર્મ ભરાયું ન હોવાથી બુધવારના રોજ ફોર્મની ચકાસણી પુર્ણ થયા બાદ આ બેઠક બિનહરીફ જાહેર કરવામાં આવશે. આમ, બી.એડ. પ્રિન્સિપાલની બેઠક બિનહરીફ જાહેર થશે. જોકે, આ સિવાય અન્ય એક બેઠક પણ બિનહરીફ થવાની શક્યતા છે. જેમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષકની બેઠક માટે ૨ ઉમેદવાર દ્વારા ૩ ફોર્મ ભરવામાં આવ્યા છે. જોકે, આ બંને ઉમેદવાર સંગઠનના માન્ય ઉમેદવાર અને એક ડમી ઉમેદવાર જ છે. ૯ બેઠકો પૈકી મોટાભાગની બેઠકો પર સંગઠન દ્વારા માન્ય ઉમેદવારના નામ જાહેર કરી દેવામાં આવ્યા છે અને તેમણે ફોર્મ પણ ભરી દીધા છે. જોકે, આ તમામ બેઠકો પર સંચાલક મંડળને બાદ કરતા અન્ય બેઠકો પર માન્ય ઉમેદવાર જ મજબુત ઉમેદવાર તરીકે ઉભરીને સામે આવી રહ્યા છે. જ્યારે સંચાલક મંડળની બેઠક પર ત્રિપાંખીયો જંગ જોવા મળે તેવી શક્યતા છે. સંચાલક મંડળના માન્ય ઉમેદવાર ઉપરાંત બળવાખોર ઉમેદવાર અને ખાનગી શાળા સંચાલક મંડળના ઉમેદવાર વચ્ચે સંચાલક મંડળની બેઠકને લઈને જંગ જામશે.

# દક્ષિણ ગુજરાત વીજ કંપનીના MD અને આઈએએસ અધિકારી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવા હાઈકોર્ટમાં રિટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ના મેનેજીંગ ડિરેકટર અને આઈએએસ અધિકારી યોગેશ ચૌધરી વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની માંગણી કરતી અરજી ગુજરાત ઉર્જા એસસી, એસટી એમ્પ્લોઈઝ એસોસીએશનના પ્રમુખ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી. પ્રમુખ ગિરીશ પરમાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે કર્મચારીઓના પ્રશ્નો બાબતે તેઓ ગત એપ્રિલ મહિનામાં રજૂઆત કરવા માટે ગયા હતા ત્યારે અધિકારીએ તેઓને કથિત રીતે જાતિ આધારિત શાબ્દિક અપમાનિત કરીને હાથાપાઈ કરીને હડધૂત કરવામાં આવ્યા હતા. આથી પ્રકરણમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ નાં મેનીજીંગ ડિરેકટર વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ થવી જોઈએ. અરજીની પ્રાથમિક સુનાવણી બાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકાર અને પોલીસ વિભાગને નોટિસ કાઢવામાં આવી હતી અને આ કેસની સુનાવણી આગામી તા. ૨૮ ઓકટોબરના રોજ રાખવામાં આવી છે.એસોસીએશનના પ્રમુખ દ્વારા કરાયેલી રિટમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, જીયુવીએનએલના બે કર્મચારીઓને નોકરીમાં પક્ષપાત અને ભેદભાવનો ભોગ બનાવાઈ રહ્યા હોવા અંગે અરજદાર જ્યારે ડીજીવીસીએલના એમડીને રજૂઆત કરવા ગયા ત્યારે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ના મેનેજીંગ ડિરેકટર યોગેશ ચૌધરી દ્વારા તેમને શાબ્દિક અને ફીઝીકલી હડધૂત કરી તેમની પર હાથપાઈ-ઝપાઝપી કરી હુમલો કરાયો હતો. આ અંગે અરજદારે સ્થાનિક પોલીસથી લઈ ઉચ્ચ પોલીસ સત્તાધીશો સમક્ષ રજૂઆત કરી પરંતુ આ મામલે કોઈ જ પગલાં લેવાયા નથી. જેથી અરજદારને અંતે હાઈકોર્ટમાં રિટ કરવાની ફરજ પડી છે. અરજદાર દ્વારા ઈજા અંગેનું તબીબી પ્રમાણપત્ર, વીડિયો ફુટેજ સહિતના પુરાવા પણ રજૂ કર્યા હતા. જેને પગલે હાઈકોર્ટે ડીજીવીસીએલ, સુરત પોલીસ કમિશનર સહિતના પક્ષકારોને નોટિસ જારી કરી આ મામલે જવાબ માંગ્યો છે.

### અમદાવાદ શહેરમાં રોગચાળો વકર્યો

# થલતેજ, ગોતા, સરખેજ અને નવરંગપુરામાં ડેન્ગ્યુના કેસ વધ્યા : અનેક સ્થળોએ મચ્છરોની ઉત્પત્તિ

## ● પક્ષી ચાર્ટ અને કન્સ્ટ્રક્શન સાઈટ પર મચ્છરોની વધુ ઉત્પત્તિ ● ૨૫,૧૮૦ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટને અપાઈ નોટિસ, રૂા. ૧.૩૫ કરોડનો દંડ વસૂલાયો

અમદાવાદ,તા.૨

રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે વરસાદને પગલે ઠેર-ઠેર પાણી ભરાયા છે જેને પરિણામે શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય એમ બંને પ્રકારનો રોગચાળો વકર્યો છે. એક જ અઠવાડિયામાં શહેરમાં ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસોમાં વધારો થયો છે. ૩૧ ઓગસ્ટ સુધીમાં ડેન્ગ્યુના ૬૮૮ અને સાદા મેલેરિયાના ૨૧૨ જેટલા કેસ નોંધાયા છે. જ્યારે ઝેરી મેલેરિયાના ૩૪ કેસ નોંધાયા છે. ડેન્ગ્યુ અને મેલેરિયાની સાથે ઝાડા-ઉલટી તેમજ ટાઈફોડના કેસોમાં પણ વધારો થયો છે. સરકારી અને ખાનગી દવાખાનાઓમાં દર્દીઓની લાઈનો જોવા મળી રહી છે. ડેન્ગ્યુના કેસો વધવાનું મુખ્ય કારણ પક્ષી ચાર્ટ અને કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર ભરાયેલા વરસાદી પાણીમાં મચ્છરોની ઉત્પત્તિ થવાના કારણે એડિસ મચ્છરો વધતા ડેન્ગ્યુ અને મેલેરિયા વધ્યો છે.

AMC આરોગ્ય વિભાગના વડા ડો. ભાવિન સોલંકીએ જણાવ્યું હતું કે, શહેરમાં પશ્ચિમ વિસ્તારમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોનું પ્રમાણ વધ્યું છે. સરખેજ, ગોતા, થલતેજ, નવરંગપુરા અને વસ્ત્રાલ વિસ્તારમાં ડેન્ગ્યુના કેસો વધારે નોંધાયા છે. જ્યારે સરખેજ, ચાંદખેડા, થલતેજ અને અસારવા વિસ્તારમાં ચિકનગુનિયાના કેસો નોંધાયા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં જે મોટા બંગલા, ચાલીઓ અને બિલ્ડીંગોમાં પક્ષી ચાટ તેમજ નવી બની રહેલી કન્સ્ટ્રક્શન સાઈટો ઉપર વધારે વરસાદી પાણી ભરાય છે જેમાં મચ્છરોની ઉત્પત્તિ ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. જેના કારણે ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે.

### હાલમાં ચૂંટણી આયોગમાં ઓફિસર ઓન સોશિયલ ડ્યુટી તરીકે કાર્યરત

# રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર તરીકે મુરલી ક્રિષ્ણાની નિમણૂક

## રાજ્ય ચૂંટણી કમિશનર સંજય પ્રસાદની ટર્મ પૂર્ણ થતા નિમણૂક કરાઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨

રાજ્યના આઈએએસ અધિકારી મુરલી ક્રિષ્ણાની રાજ્ય ચૂંટણી આયોગના કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી. સંજય પ્રસાદની ટર્મ પુરી થતા મુરલી ક્રિષ્ણાને તેમના સ્થાને મુકવામાં આવ્યા છે. હાલ સુધીમાં મુરલી ક્રિષ્ણા ખાસ ફરજ પરના અધિકારી તરીકે ચૂંટણી આયોગમાં કાર્યરત હતા. ગુજરાત ચૂંટણી આયોગના નવા કમિશનર મુરલી ક્રિષ્ણા ૧૯૯૮ બેચના



સચિવ કક્ષાના અધિકારી છે. અગાઉ મુરલી ક્રિષ્ણાએ એનિમલ હસબંડરી વિભાગના સચિવ તરીકે સેવા આપી છે. ડો. એસ. મુરલી ક્રિષ્ણા ૨૦૧૨ વિધાનસભા ચૂંટણી દરમ્યાન ચૂંટણી આયોગમાં તે સમયના મુખ્ય ચૂંટણી કમિશનર અનિતા કરવાલની સાથે અગાઉ કામ કરી ચૂક્યા છે. તેમના આ અનુભવને લઈ સરકાર દ્વારા અગાઉ રાજ્ય ચૂંટણી આયોગમાં તેમને ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે મુકવામાં આવ્યા હતા. ત્યારથી તેઓ આજ સુધી આયોગમાં કાર્યરત છે. ત્યારે હવે ખાલી પડેલી રાજ્ય ચૂંટણી કમિશનરની જગ્યા પર આજે તેમની નિમણૂક કરવામાં આવી છે.

### રાજ્યમાં ઊંચી ફી, NEETના ઊંચા પરિણામની અસર

# વિદેશમાં અભ્યાસ કરવા જવાનો ક્રેઝ વધ્યો; ૧૦ હજાર ગુજરાતીઓ MBBS કરવા પરદેશ જશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

છેલ્લા કેટલાક સમયથી વિદેશમાં અભ્યાસ કરવા જવાનો ટ્રેન્ડ ગુજરાતીઓમાં ચાલી રહ્યો છે, એમાં પણ ડોક્ટર બનવા દર વર્ષે રાજયમાંથી ૫,૦૦૦ વિદ્યાર્થી વિદેશની યુનિવર્સિટીઓમાં એડમિશન મેળવે છે. ગુજરાતમાંથી આ વર્ષે આ સંખ્યા ડબલ થવાની છે. મેડિકલમાં અભ્યાસ કરવા માટેનું મર્યાદિત બેઠક, ઊંચું ફી ધોરણ અને NEETનું ઊંચું પરિણામ આવતાં આ વર્ષે ૫ હજારની જગ્યાએ ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ વિદેશમાં MBBS કરવા જશે. વિશ્વા પટેલ નામની વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે મારે નીટમાં ૪૮૯ માર્ક્સ છે. મેં બેલારુસમાં એડમિશન લીધું છે. મને ગુજરાત અને ઓલ ઈન્ડિયા ક્વોટામાં એડમિશન મળતું જ હતું. પરંતુ અહીં પાંચ વર્ષના અભ્યાસની ફી ૧ કરોડ સુધી પહોંચી જાય છે, જ્યારે વિદેશમાં ૪૦થી ૪૫ લાખ સુધીમાં અભ્યાસ પૂર્ણ થઈ જાય છે. MBBS પછી PGમાં પણ અભ્યાસ કરવો છે, પરંતુ અહીં ફી બહુ વધારે છે. અહીં લેક્ચર લેવા પણ ફેકલ્ટી આવતા નથી,

### રશિયા, યુક્રેન, ચીનમાં ભણવા જવા કરોડો ખર્ચી નાખશે

જ્યારે ત્યાં અભ્યાસ સારી રીતે કરાવવામાં આવે છે, જેથી મેં MBBS માટે વિદેશમાં જવાનું પસંદ કર્યું છે. મૌલિક પટેલ નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે મને અહીં એડમિશન મળી શકે એમ છે, પરંતુ એડમિશન લઈએ તો ફી ખૂબ જ વધારે ભરવી પડે છે. ત્યારે વિદેશમાં અડધી ફીમાં અભ્યાસ અને રહેવાનું થઈ જાય છે. જેથી મેં વિદેશમાં MBBS માટે પ્રક્રિયા ચાલુ કરી છે. ડૉ. ઉમેશ ગુર્જરે જણાવ્યું હતું કે ગત વર્ષે ૫ હજાર વિદ્યાર્થી વિદેશ ગયા હતા. ગત વર્ષે ૨૮ હજાર વિદ્યાર્થીએ ફોર્મ ભર્યું હતું, પરંતુ આ વર્ષે કટ ઓફ વધતાં વિદ્યાર્થીઓ વધશે. મર્યાદિત બેઠક છે, જેથી પ્રવેશ મળે એ મુશ્કેલ છે. ગત વર્ષની સરખામણીમાં ઈક્વાયરીમાં ૮થી ૧૦ ગણો વધારો થયો છે. વિદ્યાર્થીઓએ જતાં અગાઉ NMCની ગાઈડલાઈન ફોલો કરવી. સરકારની GMERS કોલેજ અને સરકારી કોલેજ જાહેર કરવામાં આવે છે. ફી ઘટાડો, કોલેજ તથા બેઠકનું પ્રમાણ વધારવામાં આવે તો વિદ્યાર્થીઓ અહીં જ અભ્યાસ કરી શકે છે. મેડિકલમાં અભ્યાસ માટે પ્રવેશપ્રક્રિયા શરૂ થઈ છે અને હજુ ઓક્ટોબર માસ સુધી આ પ્રક્રિયા ચાલશે. ગુજરાતમાંથી હજારો વિદ્યાર્થીઓ મેડિકલ અભ્યાસ માટે લેવાતી પ્રવેશપ્રક્રિયામાં ક્વોલિફાય થાય છે, પરંતુ ગુજરાતમાં મેડિકલની માત્ર ૬૮૦૦ જેટલી બેઠકો છે, જેના કારણે પ્રવેશથી વંચિત રહી જતા વિદ્યાર્થીઓ ડોક્ટર બનવાનાં સપનાં પૂરાં કરવા વિદેશ જાય એવી પૂરી શક્યતા છે. આ વર્ષે મેડિકલના અભ્યાસ માટે લેવાયેલી નીટનું પરિણામ ખૂબ જ ઊંચું જાહેર થયું છે, જેના કારણે મેડિકલમાં પ્રવેશ માટે મેરિટ પણ ઊંચું રહેશે. ગુજરાતમાં આ વખતે ૫૩ હજાર વિદ્યાર્થીએ નીટ ક્વોલિફાય કરી છે, જેની સામે MBBSના અભ્યાસની માત્ર ૬૮૦૦ જ સીટ છે. એક કારણ છે કે વિદ્યાર્થીઓએ ડોક્ટર બનવા વિદેશ ભણી દોટ મૂકી છે. બીજું કે આ વર્ષે GMERS દ્વારા ફીમાં તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. વિદેશમાં અભ્યાસ માટેના બીજાં કારણોની વાત કરીએ તો વિદેશમાં ભણતર સસ્તું છે. જે મેનેજમેન્ટ ક્વોટામાં પાંચ વર્ષે ડોક્ટર બનવામાં ૬૦ લાખ થાય છે એ વિદેશમાં ૩૦ લાખમાં થઈ જાય છે. એટલું જ નહિ, વિદેશમાં અભ્યાસ માટે સરકાર ૧૫ લાખની લોન આપે છે, જ્યારે અહી MBBS બનવા MYSY યોજનામાં સરકાર ૨ લાખ અને કન્યા કેળવણીમાં ૬ લાખ સરકાર આપે છે.

# માધુપુરા ક્રિકેટ સટ્ટાકાંડના આરોપી દીપક ઠક્કરના ચાર દિવસના રિમાન્ડ મંજૂર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

ગઈકાલે માધુપુરા ક્રિકેટ સટ્ટા કાંડના આરોપી દીપક ઠક્કરને દુબઈથી ઝડપી લેવામાં આવ્યો હતો. જેને આજે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરાયો હતો. પોલીસે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડમાં માંગ્યા હતા. જોકે, કોર્ટે આરોપીના ૪ દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યા હતા. હજી અન્ય આરોપીઓને પણ પકડવાના બાકી છે. બીજા મહત્વના આરોપીઓ પણ દુબઈમાં છે. આ સમગ્ર રેકેટમાં ૨,૩૨૩ કરોડમાં વ્યવહારો થયેલા છે. ઉપરાંત તેનું હોંગકોંગ અને સિંગાપુર સુધી કનેક્શન છે ત્યારે આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. આરોપી પક્ષે દલીલો કરાઈ હતી કે પોલીસ મુજબ તે દુબઈનો રહેવાસી છે. પોલીસે આરોપી ઉપર ખોટો કેસ કરવા પ્રયત્ન કર્યો છે. FIRમાં વર્તમાન આરોપીનું નામ નથી. સમન્સમાં અમદાવાદનું એડ્રેસ હતું, તો દુબઈમાં ક્યાથી મળે? નહિ તો તે પોલીસને સહકાર આપતો. આ કેસ સિક્યુરિટી એન્ડ કોન્ટ્રાક્ટ એકટની સ્પેશિયલ કોર્ટમાં ચાલે તેમ છે. રેડ કોર્નર નોટિસથી માર્ચ, ૨૦૨૪થી આરોપી દુબઈ પોલીસની કસ્ટડીમાં હતો અને અહી રિમાન્ડ અરજીમાં ૧૨ પ્રશ્નો પૂછવા માટે ૧૪ દિવસમાં રિમાન્ડ માંગ્યા છે. અરજદારને જો દુબઈની એમ્બેસિમાં સમન્સ મોકલ્યું હોય તો હાજર થાત, પણ સમન્સ અમદાવાદ મોકલ્યું પછી વોરંટ કાઢ્યું, વોરંટ ઉપર રેડ કોર્નર અને બાદમાં માર્ચ મહિનાથી આરોપી ડીટેઈન છે. કેટલાક સહ આરોપીઓને જામીન મળી ચૂકયાં છે.

### સાબરમતી વિસ્તારની રહેવાસી હતી યુવતી

# અમદાવાદમાં રિવરફ્રન્ટ પર ૧૯ વર્ષીય નર્સે જીવન ટૂંકાવ્યું

## પોલીસે ફોનમાંથી મળેલા દસ્તાવેજો આધારે કરી ઓળખ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

અમદાવાદના રિવરફ્રન્ટ પરથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુભાષબ્રિજ રિવરફ્રન્ટ પરથી લગભગ ૨:૪૦ વાગ્યે એક યુવતીની સાબરમતી નદીમાં ડૂબી જવાની ઘટના સામે આવી છે. ભૂમિ વાઘેલા નામની ૧૯ વર્ષની નર્સે નદીમાં ઝંપલાવી આપઘાત કર્યો હતો.

ઘટનાસ્થળે હાજર રહેલા યુવક જણાવ્યા અનુસાર, તે અને તેનો મિત્ર નજીકમાં બેઠા હતા ત્યારે તેઓએ જોયું કે ભૂમિ રિવરફ્રન્ટ વોકવેમાં પ્રવેશી રહી છે. તે થોડા સમય માટે ફોન પર વાત કરતી જોવા મળી હતી. થોડા સમય પછી, તેણીએ પોતાનો ફોન અને બેગ એક બેંચ પર મૂકીને નદીમાં કૂદકો લગાવી દીધો હતો.

યુવક અને તેના મિત્રએ તેને બચાવવા માટે કાઢવા દુપટ્ટો તેની તરફ ફેંક્યો હતો, જોકે ભૂમિએ તેને પકડ્યો નહતો અને વિરૂદ્ધ દિશામાં ડૂબવાનો પ્રયાસ કર્યો હતો.

રિવરફ્રન્ટ પોલીસ અને ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી અને બચાવ કામગીરી શરૂ કરવા માટે ઘટના સ્થળે પહોંચ્યા હતા. લગભગ અડધા કલાકની શોધખોળ પછી, ફાયર વિભાગના અધિકારીઓએ તેનો મૃતદેહ બહાર કાઢ્યો હતો તેના મૃત્યુની પુષ્ટિ કરી હતી.

પોલીસ ભૂમિને તેની બેગ અને ફોનમાંથી મળેલા દસ્તાવેજો પરથી ઓળખવામાં સફળ રહી, જેનાથી તેઓ તેના સંબંધીઓનો સંપર્ક કરી શકે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ભૂમિ વાઘેલા સાબરમતી વિસ્તારની રહેવાસી હતી અને નિર્ણયનગર વિસ્તારમાં આવેલી ત્રિશા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતી હતી.

### રાજ્યમાંથી નાળિયેરીના ૩૩ ટકા ઉત્પાદનની થતી નિકાસ

# રાજ્યમાં નાળિયેરીનો આશરે ૪,૯૦૦ હેક્ટર વાવેતર વિસ્તાર વધ્યો

## ખેડૂતોને રૂા.૪૨,૫૦૦ સુધીની સહાય; વાર્ષિક ઉત્પાદન ૨૩.૬૦ કરોડ યુનિટ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨

સમગ્ર વિશ્વમાં ૨ સપ્ટેમ્બરને નાળિયેર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. નાળિયેરમાં રહેલા ગુણોથી લોકોને જાગૃત કરવા તેમજ રોજગાર સહિત વિવિધ ઉત્પાદનોમાં નાળિયેરના મહત્વને સમજાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. નાળિયેરનું સૌથી વધુ ઉત્પાદન અને તેની નિકાસ કરતા પ્રથમ હરોળના દેશોમાં ભારત મુખ્ય સ્થાન ધરાવે છે. નાળિયેરના ઉત્પાદન અને નિકાસમાં ગુજરાત મહત્તમ ફાળો આપી શકે તેમજ તેના વાવેતરથી ખેડૂતો મહત્તમ આવક મેળવી શકે તેવા આશયથી સરકાર નાળિયેરી વિકાસને પ્રોત્સાહન આપી રહી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં નાળિયેરનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદન સતત વધી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં જ નાળિયેરીના વાવેતર વિસ્તારમાં ૪,૯૦૦ હેક્ટરનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં નાળિયેરનો વાવેતર વિસ્તાર ૨૧,૬૩૩ હેક્ટર હતો, જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૨૬,૫૬૧ હેક્ટર સુધી પહોંચ્યો છે. અત્યારે ગુજરાતમાં લીલા નાળિયેરનું (ત્રોફાનું) વાર્ષિક ઉત્પાદન ૨૩.૬૦ કરોડ યુનિટથી વધુ છે. રાજયના દરિયાકાંઠાના જિલ્લામાં હાલ ૪૫.૬૧ લાખ હેક્ટર જેટલો વિસ્તાર ખેતી લાયક છે, જેને ધ્યાને રાખીને દરિયાકાંઠાના જિલ્લામાં નાળીયેરીનો વાવેતર વિસ્તાર ૨૬ હજાર હેક્ટરથી વધીને ૭૦ થી ૮૦ હજાર હેક્ટર સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે. હાલ નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દ્વારકા જિલ્લામાં થાય છે. અંતર્ગત ખેડૂતોને નાળિયેરીના વાવેતર વિસ્તાર માટે જે ખર્ચ થયો હોય તેના ૭૫ ટકા મહત્તમ રૂ. ૩૭,૫૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. સાથે જ, નાળીયેરીમાં સંકલિત પોષણ અને જીવાત વ્યવસ્થાપન માટે ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૫,૦૦૦ પ્રતિ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આ તમામ સહાય ખેડૂત દીઠ અથવા ખાતા દીઠ ૪ હેક્ટરની મર્યાદામાં ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય પ્લાન યોજના અંતર્ગત નાળિયેરીના પ્લાન્ટીંગ મટીરીયલ્સ માટે પણ ખર્ચના મહત્તમ ૯૦ ટકા મુજબ રૂ. ૧૩,૦૦૦ પ્રતિ હેક્ટરની મર્યાદામાં ખેડૂતોને સહાય ચૂકવવામાં આવે છે.

# ઈઝરાયેલી દળોએ વેસ્ટ બેંકના જેનિન શરણાર્થી શિબિરમાં બે પેલેસ્ટીનીઓને મારી નાખ્યા

(એજન્સી) તા.૨

ઈઝરાયેલી દળોએ શનિવારે ઉત્તરી વેસ્ટ બેંકના જેનિન શરણાર્થી શિબિરમાં બે પેલેસ્ટીનીની હત્યા કરી છે. પેલેસ્ટીની રેડ ક્રેસન્ટ સોસાયટી (પીઆરસીએસ)એ એક નિવેદનમાં જણાવ્યું કે, તેની ટીમો "જેનિન કેમ્પમાં બે શહીદોના મૃતદેહોના સ્થાન પર પહોંચી હતી, પરંતુ કબજાવાળા દળોએ તેમને મૃતદેહો લેતા અટકાવ્યા હતા અને પેરામેડિક્સને જવાની માંગ કરી હતી." પછીના નિવેદનમાં PRCSએ જણાવ્યું કે, ઈઝરાયેલી દળોએ "જેનિન શિબિરમાં બે ઘાયલોને ત્રીજી વખત હોસ્પિટલમાં લઈ જવાથી અટકાવ્યા." સાક્ષીઓએ જણાવ્યું કે, ઈઝરાયેલી દળોએ સતત ચોથા દિવસે જેનિન શહેર અને તેના શરણાર્થી શિબિર પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું, જેના કારણે નોંધપાત્ર નુકસાન થયું. પેલેસ્ટાઈન ટીવીએ જેનિન શહેર અને તેની છાવણીમાં વિનાશ દર્શાવતા વીડિયો પ્રસારિત કર્યા છે, જેમાં પૂર્વીય પડોશમાં વ્યાપક નુકસાનનો સમાવેશ થાય છે, જ્યાં હુમલાઓ દ્વારા દુકાનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાલિદ ઈબ્ન અલ-વાલિદ મસ્જિદને



નિશાન બનાવવામાં આવ્યા છે. ટેલિવિઝન અહેવાલ આપે છે કે, અથડામણો કાફ્ર ડેન શહેરમાં ફેલાઈ ગઈ હતી, જ્યાં સૈનિકોએ સશસ્ત્ર એક્કાઉન્ટર વચ્ચે એક ઘરને ઘેરી લીધું હતું. ઈઝરાયેલી સેનાએ બુધવારે વહેલી સવારે તુલકારમ, જેનિન અને તુબાસના વેસ્ટ બેંકના શહેરો પર મોટા પાયે આક્રમણ શરૂ કર્યું હતું, જેને ૨૦૦૨ પછીનું સૌથી મોટું ગણાવ્યું હતું. શનિવારે પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી કે, બુધવારથી વેસ્ટ બેંકમાં મૃત્યુઆંક વધીને ૨૨ થઈ ગયો છે. હમાસે ગાઝામાં છ બંધકોના મૃત્યુ માટે ઈઝરાયેલી હવાઈ હુમલાને જવાબદાર ગણાવ્યા.

# હમાસે ગાઝામાં છ બંધકોનાં મૃત્યુ માટે ઈઝરાયેલી હવાઈ હુમલાને જવાબદાર ગણાવ્યા

(એજન્સી) તા.૨

હમાસના એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે જણાવ્યું કે, તાજેતરમાં ગાઝામાં મળી આવેલા છ ઈઝરાયેલી બંધકો ઈઝરાયેલના હવાઈ હુમલાના પરિણામે મૃત્યુ પામ્યા છે. તેણે ઈઝરાયેલી સૈન્યના દાવાને પડકાર્યો હતો કે હમાસે બંધકોની જ્યારે તેઓ કેદમાં હતા ત્યારે તેમની હત્યા કરી હતી. ઈઝરાયેલી સૈન્યએ જાહેરાત કરી કે તેને ગાઝામાં છ બંધકોના મૃતદેહો મળ્યાના થોડા સમય બાદ એઝ્ઝત અલ-રિશ્કની ટિપ્પણીઓ આવી છે અને દાવો કર્યો કે તેઓ હમાસ દ્વારા મૃત્યુ પામ્યા હતા.

તેણે એક નિવેદનમાં જણાવ્યું કે, "જે લોકો દરરોજ અમારા લોકોને મારી નાખે છે તેઓ અમેરિકન શસ્ત્રોથી સજ્જ ઈઝરાયેલી વસાહતીઓ છે. ગાઝામાં મળેલા બંધકોને અમારા દ્વારા નહીં પરંતુ ઝિઓનિસ્ટ બોમ્બમારા દ્વારા મારવામાં આવ્યા છે.

તેમણે યુ.એસ.ની ટીકા કરતા જણાવ્યું કે, "જો રાષ્ટ્રપતિ જો બિડેન ખરેખર ઈઝરાયેલના બંધકોના જીવનની ચિંતા કરે છે, તો તેણે આ દુશ્મનને પૈસા અને હથિયારોથી ટેકો આપવાનું બંધ કરવું જોઈએ અને ઈઝરાયેલને તેના આક્રમણને તાત્કાલિક સમાપ્ત કરવા માટે "દબાણ લાગુ કરવું જોઈએ." રિશ્કે ભારપૂર્વક જણાવ્યું કે, હમાસને યુદ્ધવિરામના ઠરાવ અને યુએન સિક્યુરિટી કાઉન્સિલના



ઠરાવને ટાંકીને બાયડેન કરતાં બંધકોના જીવનની વધુ ચિંતા હતી, જેને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ નકારી કાઢી હતી. અગાઉ રવિવારે, ઈઝરાયેલી સૈન્યએ ગાઝામાં છ બંધકોના મૃતદેહ શોધવાની જાણ કરી હતી, યુદ્ધ તેના ૧૧મા મહિનામાં પ્રવેશતા તણાવમાં વધારો થયો છે. મૃતદેહો મળી આવે તે પહેલાં, ઈઝરાયેલે જણાવ્યું કે, ગાઝામાં ૧૦૭ બંધકો બાકી છે, જેમાંથી કેટલાકના મૃત્યુની આશંકા છે. હમાસે જણાવ્યું છે કે, ગાઝા પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ડઝનબંધ બંધકો મૃત્યુ પામ્યા છે. ૭ ઑક્ટોબરના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદથી ગાઝા પર ઈઝરાયેલી આક્રમણને પરિણામે આશરે ૪૦,૭૦૦ પેલેસ્ટીનીના મૃત્યુ પામ્યા છે, જેમાંથી મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર સંઘર્ષે ગાઝામાં પણ તબાહી મચાવી છે, જ્યાં ખોરાક, સ્વચ્છ પાણી અને દવાની તીવ્ર તંગી છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ છે, જેણે રાફાહમાં લશ્કરી કાર્યવાહીને તાત્કાલિક રોકવાનો આદેશ આપ્યો છે, જ્યાં દસ લાખથી વધુ પેલેસ્ટીનીએ આશ્રય લીધો છે.

# ગાઝામાં બાળકો માટે શાંતિ 'શ્રેષ્ઠ રસી' છે : WHO

(એજન્સી) તા.૨

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) ના પ્રમુખે રવિવારે જણાવ્યું કે ગાઝામાં બાળકો માટે 'શ્રેષ્ઠ રસી' 'શાંતિ' છે, કારણ કે પોલિયો રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ટેડ્રોસ એડહાનોમ ઘેબ્રેયેસસે X પર જણાવ્યું કે, 'ગાઝામાં બાળકોને આજે ખૂબ જ જરૂરી પોલિયો રસી આપવામાં આવી રહી છે. આખરે, આ બાળકો માટે શ્રેષ્ઠ રસી શાંતિ છે.' ગાઝા પટ્ટીમાં ૧૦ વર્ષથી ઓછી ઉંમરના ૬૪૦,૦૦૦ થી વધુ બાળકોને આવરી લેતી પોલિયો રસીકરણ ઝુંબેશ વિશ્વ આરોગ્ય સંસ્થા, પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલય, સંયુક્ત રાષ્ટ્ર ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) અને સંયુક્ત રાષ્ટ્રની રાહત અને કાર્ય એજન્સી દ્વારા સંકલિત કરવામાં આવી રહી છે. નજીકના પૂર્વમાં પેલેસ્ટાઈન શરણાર્થીઓ (UNRWA) શરૂ કરવામાં આવી છે. ડબ્લ્યુએચઓએ જાહેરાત કરી કે મધ્ય ગાઝામાં સ્થિત દેર અલ-બલાહમાં



રસીકરણ અભિયાન ૪ સપ્ટેમ્બર સુધી ચાલુ રહેશે. ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે પોલિયો રસીકરણ ઝુંબેશ શનિવારે સાંજે દક્ષિણ ગાઝાના ખાન યુનુસ શહેરમાં શરૂ થઈ, જ્યાં ઈઝરાયેલી હુમલાઓ ચાલુ છે. અધિકૃત પેલેસ્ટીની પ્રદેશોમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રતિનિધિ રિચાર્ડ પેપરકોર્ને જણાવ્યું કે પોલિયો રસીકરણ અભિયાનમાં 'બે રાઉન્ડ' સામેલ હશે. ૧૬ ઓગસ્ટના રોજ, પેલેસ્ટીની આરોગ્ય મંત્રીએ ગાઝા પટ્ટીમાં પોલિયોના પ્રથમ કેસની શોધની જાહેરાત કરી.

# ગાઝામાં બેપ્ટિસ્ટ હોસ્પિટલ નજીક ઈઝરાયેલના હવાઈ હુમલામાં અનેક પેલેસ્ટીની મૃત્યુ પામ્યા, ઘાયલ થયા

(એજન્સી) તા.૨

શનિવારે સાંજે ગાઝા શહેરમાં અલ-અહલી બેપ્ટિસ્ટ હોસ્પિટલની આસપાસના વિસ્તારને નિશાન બનાવતા ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઘણા પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા અને ઘાયલ થયા પરંતુ આરોગ્ય સુવિધાને પણ નુકસાન થયું.

પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે દક્ષિણ ગાઝાના ખાન યુનુસમાં પોલિયો રસીકરણ ઝુંબેશ શરૂ કરવાની જાહેરાત કર્યાના થોડા કલાકો પછી ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ બોમ્બમારો શરૂ કર્યો. તબીબી સૂત્રોએ જણાવ્યું કે "ઈઝરાયેલી હવાઈ હુમલાઓએ બેપ્ટિસ્ટ હોસ્પિટલની આસપાસના વિસ્તારને નિશાન બનાવ્યું, જેના પરિણામે જાનહાનિ થઈ અને ઈમારતને નુકસાન થયું.

સાક્ષીઓએ જણાવ્યું હતું કે હુમલાથી રહેવાસીઓ અને હોસ્પિટલ સ્ટાફમાં ભય અને ગભરાટ ફેલાયો હતો. બાદમાં ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. દરમિયાન, પેલેસ્ટિનિયન સિવિલ ડિફેન્સે એક નિવેદનમાં જણાવ્યું કે "ગાઝા શહેરમાં બેપ્ટિસ્ટ હોસ્પિટલના પ્રયોગશાળા વિભાગને અડીને આવેલી જમીન પર ઈઝરાયેલના હવાઈ હુમલાના પરિણામે ત્યાં શહીદ અને ઘાયલ થયા છે. "જો પોલિયો રસીકરણ અભિયાન દરમિયાન ગાઝા પર લશ્કરી આક્રમણ ચાલુ રહે તો સંભવિત પરિણામો વિશે યુએનની ચેતવણી છતાં ઈઝરાયેલે હવાઈ હુમલો કર્યો. ગયા વર્ષે ૭ ઓક્ટોબરે પેલેસ્ટીની સમૂહ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર પોતાનો ક્રૂર હુમલો ચાલુ રાખ્યો છે, જ્યારે



યુએન સુરક્ષા પરિષદે તાત્કાલિક યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલામાં અંદાજે ૪૦,૭૦૦ પેલેસ્ટીનીઓનાં મૃત્યુ થયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૯૪,૦૦૦થી વધુ ઘાયલ થયા છે. ગાઝાની ચાલી રહેલી નાકાબંધીને કારણે ખોરાક, શુદ્ધ પાણી અને દવાની તીવ્ર અછત સર્જાઈ છે, જેના કારણે મોટાભાગનો વિસ્તાર બરબાદ થઈ ગયો છે. ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં ઈઝરાયેલ પર નરસંહારનો આરોપ છે, જેણે દક્ષિણના શહેર રફાહમાં લશ્કરી કાર્યવાહી રોકવાનો આદેશ આપ્યો છે, જ્યાં ૬ મેના રોજ આ વિસ્તાર પર આક્રમણ કરવામાં આવ્યું તે પહેલાં દસ લાખથી વધુ પેલેસ્ટીનીઓએ આશ્રય લીધો હતો.

# દક્ષિણ ગાઝા પટ્ટીમાંથી ૬ ઈઝરાયેલી બંધકોના મૃતદેહ મળી આવ્યા : સેના

(એજન્સી) તા.૨

ઈઝરાયેલી સૈન્યએ રવિવારે જાહેરાત કરી કે ૭ ઓક્ટોબરના રોજ બંધક બનાવવામાં આવેલા છ લોકોના મૃતદેહો શનિવારે મોડી રાત્રે દક્ષિણ ગાઝા પટ્ટીના શહેર રાફાહમાંથી મળી આવ્યા છે. સેનાએ મૃતકોની ઓળખ કાર્મેલ ગેટ, એડન યેરૂશાલ્મી, હર્ષ ગોલ્ડબર્ગ-પોલીન, એલેક્ઝાન્ડર લોબાનોવ, અલ્મોગ સરૂસી અને માસ્ટર સાર્જન્ટ ઓરી ડેનિનો તરીકે કરી છે. એક અલગ વિકાસમાં હોસ્ટેજ એન્ડ મિસિંગ ફેમિલીઝ ફોરમે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુની સીધી ટીકા કરી અને તેમને છ બંધકોના મૃત્યુ માટે જવાબદાર ગણાવ્યા. ફોરમે જણાવ્યું કે, "જો તે તોડફોડ કરનારાઓ, બહાના બનાવનારાઓ અને જૂઠ્ઠાણાઓ ન હોત, તો બંધકો જેમના મૃત્યુ વિશે આજે સવારે આપણે જાણ્યું તે કદાચ હજી પણ જીવિત હોત," નિવેદનમાં આગળ જણાવવામાં આવ્યું છે કે, "નેતાન્યાહુ : બહાનું બનાવવાનું બંધ કરો. જૂઠું બોલવાનું બંધ કરો. છોડી દેવાનું બંધ કરો. હવે સમય છે કે આપણા બંધકોને ઘરે પાછા લાવવાનો - જેઓ પુનર્વસન માટે જીવી રહ્યા છે અને જેઓ મૃત્યુ પામ્યા છે અને પામેલા લોકોને તેમના પર દફનાવવામાં આવશે. મહિનાઓથી યુનાઇટેડ સ્ટેટ્સ, કતાર અને ઇજિપ્તની




આગેવાની હેઠળના રાજદ્વારી પ્રયાસોનો ઉદ્દેશ્ય ઈઝરાયેલ અને હમાસ વચ્ચે કેદીઓની અદલાબદલી અને યુદ્ધવિરામ સ્થાપિત કરવા માટે સોદો કરવાનો છે. આ પ્રયાસોએ ગાઝામાં માનવતાવાદી સહાયને મંજૂરી આપવાની પણ માંગ કરી છે. જો કે નેતાન્યાહુ દ્વારા ચાલી રહેલા સૈન્ય અભિયાનને રોકવાના ઈન્કારને કારણે વાતચીત અટકી ગઈ છે. ૭ ઓક્ટોબરે પેલેસ્ટીની સમપહ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ગાઝા પટ્ટી પર ઈઝરાયેલનું આક્રમણ વધુ તીવ્ર બન્યું હતું અને યુએન સુરક્ષા પરિષદના ઠરાવમાં તાત્કાલિક યુદ્ધવિરામની માંગ કરવા છતાં તે ચાલુ છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર સંઘર્ષમાં આશરે ૪૦,૭૦૦ પેલેસ્ટીનીના મૃત્યુ થયા છે, જેમાંથી મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને ૯૪,૦૦૦ થી વધુ ઘાયલ થયા છે.

# ઈઝરાયેલી સેનાએ જેનિનની જાહેર હોસ્પિટલમાં પાણીનો પુરવઠો અવરોધિત કર્યો

(એજન્સી) તા.૨

ઈઝરાયેલી દળોએ શનિવારે જેનિન સરકારી હોસ્પિટલ સુધી પહોંચતા પાણીની ટ્રકોને અવરોધિત કર્યા, દર્દીઓ માટે કિડની ડાયાલિસિસ સેવાઓમાં વિક્ષેપ પડવાની સંભાવના છે.

પેલેસ્ટીની ન્યૂઝ એજન્સી વાફા અનુસાર ઈઝરાયેલી દળોએ જેનિન સિવિલ ડિફેન્સના પાણીના ટેક્કરોને હોસ્પિટલ પહોંચતા અટકાવ્યા હતા.

જેનિન સિવિલ પ્રોટેક્શન સેન્ટરના ડાયરેક્ટર દરગામ જાકરનેહે જણાવ્યું કે હોસ્પિટલના ગેટ પર તૈનાત ઈઝરાયેલી સૈનિકોએ પાણીનો પુરવઠો કાપી નાખ્યો હતો. તેમણે હાઈલાઈટ કર્યું કે હોસ્પિટલના કિડની ડાયાલિસિસ વિભાગને કામ કરવા માટે દરરોજ ૧૦૦ ક્યુબિક મીટર પાણીની જરૂર પડે છે અને ચેતવણી આપી કે ટ્રકોને રોકવાથી ડાયાલિસિસ સેવાઓ ઠપ થઈ જશે. હોસ્પિટલના ડાયરેક્ટર વસીમ બકરે એમ પણ જણાવ્યું કે જો પાણીનો પુરવઠો અવરોધિત રહે તો ડાયાલિસિસ સેવાઓ સ્થગિત થઈ શકે છે. સાક્ષીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી સૈન્યએ સતત ચોથા દિવસે જેનિન શહેર અને તેના શરણાર્થી શિબિર પર તેનું લશ્કરી આક્રમણ ચાલુ રાખ્યું, આખી રાત સુધી ચાલેલી અથડામણ દરમિયાન નોંધપાત્ર નુકસાન થયું. પેલેસ્ટીની ટીવીએ પૂર્વીય પડોશમાં વ્યાપક નુકસાન સહિત શહેર અને તેના છાવણીમાં વિનાશ દર્શાવતા વિડિયો પ્રસારિત કર્યા છે, જ્યાં હુમલાઓ દ્વારા દુકાનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખાલિદ ઈબ્ન અલ-વાલિદ મસ્જિદને નિશાન બનાવવામાં આવ્યા છે.

ટેલિવિઝન અહેવાલ આપે છે કે અથડામણો જેનિનની પશ્ચિમમાં કાફ્ર



ડેન શહેરમાં ફેલાઈ હતી, જ્યાં સૈનિકોએ સશસ્ત્ર એક્કાઉન્ટર વચ્ચે એક ઘરને ઘેરી લીધું હતું. ઈઝરાયેલી સેનાએ બુધવારે સવારે વેસ્ટ બેંકના શહેરો તુઈકાર્મ, જેનિન અને તુબાસમાં મોટા પાયે ઓપરેશન શરૂ કર્યું હતું, જેને ૨૦૦૨ પછીનું સૌથી મોટું તરીકે વર્ણવવામાં આવ્યું હતું.

શુક્રવારે, પેલેસ્ટિનિયન આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી કે બુધવારે સવારથી વેસ્ટ બેંકમાં મૃત્યુઆંક વધીને ૨૦ થઈ ગયો છે. ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ક્રૂર હુમલાને કારણે પશ્ચિમ કાંઠે તણાવ તેની ટોચ પર છે, જેણે ગયા વર્ષે ૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ૪૦,૬૦૦થી વધુ પેલેસ્ટીનીઓ જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો માર્યા ગયા છે.

# જર્મન પોલીસે બર્લિનમાં રેલી પછી ઘણા પેલેસ્ટીની સમર્થક પ્રદર્શનકારીઓની અટકાયત કરી

(એજન્સી) તા.૨

ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ચાલુ આક્રમણ સામે શનિવારે બર્લિનમાં વિરોધ કર્યા પછી જર્મન પોલીસ દ્વારા ઘણા પેલેસ્ટીન તરફી વિરોધીઓની અટકાયત કરવામાં આવી છે. ગયા વર્ષે ૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં ૪૦,૬૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા હુમલાઓએ વેસ્ટ બેંકમાં થયેલા હુમલાઓમાં તાજેતરના વધારા સામે વિરોધને પણ પ્રોત્સાહન આપ્યું છે. પેલેસ્ટીન પર ઈઝરાયેલના હુમલાનો વિરોધ કરવા અને પેલેસ્ટીનીઓ સાથે એકતા દર્શાવવા માટે સેંકડો લોકો ફ્રીડેનાઉ જિલ્લાના બ્રેસ્લોઅર સ્ક્વેર ખાતે એકઠા થયા હતા. પેલેસ્ટીની ધ્વજ સાથે વિરોધ કરનારાઓએ રાથૌસ સ્ટેગ્લિટ્ઝ સબવે સ્ટેશન તરફ કૂચ કરી. જો કે, વોલ્ટર શ્રેબર પ્લેટ્ઝ સબવે સ્ટેશન નજીક ઈઝરાયેલી ધ્વજ લહેરાવતા એક સમૂહે પ્રદર્શનને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો. પ્રદર્શન બાદ પોલીસે ઘણા પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઘણી વખત તણાવ સર્જાયો હતો અને પોલીસે બળપ્રયોગ કરવો પડ્યો હતો. એક વિરોધીને જમીન પર ફેંકી દેવામાં આવ્યો હતો, તેની સારવાર કરવામાં આવી અને પછી એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. ગયા વર્ષે ૭ ઓક્ટોબરે પેલેસ્ટીની સમૂહ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર પોતાનો ક્રૂર




હુમલો ચાલુ રાખ્યો છે, જ્યારે યુએન સુરક્ષા પરિષદે તાત્કાલિક યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા મુજબ, હુમલાના પરિણામે ૪૦,૬૦૦ થી વધુ પેલેસ્ટીનીઓ, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો હતા, મૃત્યુ પામ્યા છે અને ૯૩,૮૦૦ થી વધુ ઘાયલ થયા છે. ગાઝાની ચાલી રહેલી નાકાબંધીને કારણે ખોરાક, શુદ્ધ પાણી અને દવાની તીવ્ર અછત સર્જાઈ છે, જેના કારણે મોટાભાગનો વિસ્તાર બરબાદ થઈ ગયો છે.

# વેસ્ટ બેંકમાં ગેરકાયદે ઈઝરાયેલી સ્થાપિતો દ્વારા પેલેસ્ટીનના વિસ્તારમાં હુમલો, ૩૦૦ ઘેટાં ચોરી ગયા

(એજન્સી) જેરૂસલેમ, તા.૨

પેલેસ્ટીનના બહુમતી વસ્તી ધરાવતા વેસ્ટ બેંક વિસ્તારમાં ઈઝરાયેલના ગેરકાનુંની સ્થાપિતોના ટોળાએ હુમલો કર્યો હતો અને સ્થાનિક પેલેસ્ટીનની નાગરિકોની માલમિલકતોને મોટા પાયે નુકસાન પહોંચાડ્યું હોવાનું જાહેર થયું છે. તોફાની હુમલા ખોરો પેલેસ્ટીનની વિસ્તારોમાંથી ૩૦૦ જેટલા ઘેટા ચોરી ગયા હોવાનું જાહેર થયું છે. હિબ્રોન નજીક આવેલા સહિર શહેરમાં આ ઘટના બની હતી આ વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરીને અહીં ઈઝરાયેલના નાગરિકોને ગેરકાયદે રીતે વસાવવામાં આવ્યા છે. એ બદમાશ વિસ્થાપિતો અવારનવાર પેલેસ્ટીનની વિસ્તારો પર હુમલા કરતા રહે છે. થોડા દિવસ પહેલા ઈઝરાયેલના જ લશ્કરના કમાન્ડોએ વિસ્થાપિતો દ્વારા થઈ રહેલી હિંસા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# રાષ્ટ્રીય શરમ : બળાત્કારીઓનું ફૂલહારથી સ્વાગત...!!

એક તરફ દેશનાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન મહિલાઓ પર થઈ રહેલા દુષ્કર્મ-અત્યાચારો અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે ત્યારે બીજી તરફ ભાજપ સાથે સંકળાયેલા બળાત્કારીઓ અથવા તો બળાત્કારના આરોપમાં જેલમાં રહેલા ગુનેગારોનું સરેઆમ સ્વાગત કરાઈ રહ્યું છે. ગુજરાતના કલંકિત રમખાણોની પીડિતા સાથે દુષ્કર્મ આચરનારા ગુનેગારોની સજા ઘટાડવામાં આવે છે અને જેલમાંથી છોડવામાં આવે છે એટલું જ નહીં પણ જેલમાંથી છૂટતી વેળાએ ભાજપના વરિષ્ઠ નેતા- મંત્રી દ્વારા તેમનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવે છે જાણે કે તેમણે બહુ મોટું પરાક્રમ કર્યું હોય..!! ગુજરાતની જ દીકરી બિલ્કીસ પર ભયંકર અત્યાચાર થયો ત્યારે તેની પડખે ઊભા રહેવાને બદલે સરકારમાં રહેલા લોકો ગુનેગારોને આવકારવા દોડી જાય એનાથી મોટું નૈતિક પતન બીજું શું હોઈ શકે? દુષ્કર્મનો ભોગ બનેલી કોલકાતાની પીડિતા માટે ગુજરાતમાં હોબાળો કરનારા ભાજપીજનો બિલ્કીસબાનુ બાબતે કેમ મુંગા રહ્યા હતા ? મુંગા રહ્યા હોત તો ય સમજાત કે એમની નીતિ ધર્મ-જાતિ આધારિત છે. બિલ્કીસ એક ચોક્કસ ધર્મ સાથે સંકળાયેલી હોવાથી તેને સાથ ન આપે એ તો સમજ્યા પરંતુ એના અપરાધીઓને હારતોરા કરીને વધામણા કરાય એને અધમતાની હદ વટાવી ન કહેવાય ? હવે કંઈક અંશે આવી જ શરમજનક ઘટનાનું પુનાવર્તન યોગીના ઉત્તરપ્રદેશમાં થયું છે જેમાં બનારસ હિન્દુ યુનિવર્સિટીની એક તેજસ્વીની વિદ્યાર્થીની કે જે બી.ટેક જેવો ઉચ્ચ અભ્યાસ કરતી હતી તેના પર ભાજપના આઈટી સેલના કથિત કાર્યકરો અને જેમના મુખ્યમંત્રી યોગી સહિત ભાજપના અનેક નેતાઓ-ધારાસભ્યો સાથેના 'આત્મીય' ફોટા છે એવા બળાત્કારના આરોપીઓને સાત મહિના બાદ જામીન મળ્યા તો જેલમાંથી છૂટીને ઘરે આવેલા અધમ ગુનાના આરોપીઓનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું...!! સામાન્યતઃ આવા બળાત્કારના ગુનામાં સંડોવાયેલા લોકો જેલમાંથી છૂટે તો પણ સમાજમાં મોઢું છૂપાવતા ફરે છે પરંતુ આ તો ભાજપની સાથે સંકળાયેલા કથિત 'કાર્યકરો'...!! એમને તો બધા પાપ માફ હોય જ ને ? એટલે એમનું તો સ્વાગત કરવું પડે ને ? કદાય આવા જ કોઈ કારણસર આ આઈટી સેલના પૂર્વે 'વીરો'નું જાણે સરહદેથી આવ્યા હોય એ રીતે સન્માન કરાયું...વડાપ્રધાન મોદીના મતવિસ્તાર વારાણસીના આ દુષ્કર્મ આરોપી 'વીરો' પૈકી કુણાલ પાંડેય અને આનંદ ઉર્ફે અભિષેક ચૌહાણ ગત ઓગસ્ટ મહિનામાં જામીન પર છૂટ્યા જ્યારે ત્રીજા આરોપી સક્ષમ પટેલને જામીન અલ્હાબાદ હાઈકોર્ટે આપ્યા નથી..કારણ કે ગેંગરેપના આરોપીઓ પૈકીના સક્ષમની સંડોવણી વધુ ગંભીર છે. ઉલ્લેખનીય છે કે આ ત્રણેય આરોપીઓએ ગેંગરેપના ગુનાનો સ્વીકાર પણ કર્યો છે કે તેમણે ૨૦ વર્ષીય બી.ટેક વિદ્યાર્થિનીનું બંદૂકની અણીએ અપહરણ કર્યું હતું અને તેનો બિભત્સ વીડિયો પણ ઉતાર્યો હતો. વિદ્યાર્થિની પર દુષ્કર્મના આ આરોપીઓ પર એનએસએ, યુ.પી. ગુંડા એકટ તથા એન્ટી સોશિયલ એક્ટિવિટી પ્રિવેન્શન એકટ હેઠળ પણ ગુના નોંધાયા છે.

વાસ્તવમાં આવા ભયંકર ગુનાના આરોપીઓનો તો સમાજે બહિષ્કાર કરવો જોઈએ એના બદલે ઉપરોકત રીતે એમનું સ્વાગત કરાય અને એમાં પણ ભાજપ જેવા શાસક પક્ષ દ્વારા મૌન સેવાય તો એનો અર્થ શું કાઢવાનો રહે ? જે ભાજપ કોલકાતામાં તેની સરકાર ન હોવાથી બળાત્કારનો ભોગ બનેલી પીડિતા માટે દેશભરમાં હોબાળો કરે પરંતુ જ્યાં તેની સરકાર હોય ત્યાં ભયંકર દુષ્કર્મ કે સામૂહિક બળાત્કારનો ભોગ બનેલી બહેન-દીકરી હોય તો તેને સાથ આપવાના બદલે આરોપીઓના ફૂલહાર થવા દે એ તો કેવી નીતિ ? જો એવું ન હોત તો ગુજરાતની બિલ્કીસ કે યુપીની બનારસ હિન્દુ યુનિવર્સિટીની પીડિતાને ન્યાય અપાવવા માટે ભાજપે દેશભરમાં દેખાવો-હડતાળો કર્યા હોત; પણ કમનસીબે એવું થયું ન હતું...સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ જેવા ઠાલાં સૂત્રો બોલવાથી તેનો અમલ થઈ જતો નથી. આ માટે તમારે દરેક લોકોમાં વિશ્વાસ જગાવવો પડે જે રીતે ન્યાય માટે એમ કહેવાય છે કે ન્યાય થતો દેખાવો જોઈએ એ રીતે વિશ્વાસ પણ લોકોમાં પેદા થતો દેખાવો જોઈએ.

# શું ખાનગીકરણની યોજનાઓ સમાપ્ત ? ૨૦૧૪થી અત્યાર સુધી કાર્યરત જાહેર ક્ષેત્રની કંપનીઓની સંખ્યામાં ૨૦નો વધારો થયો છે

## જ્યારે CPSE ક્લોઝર ત્રણ ગણું વધી ગયું છે ત્યારે નવી કંપનીઓ પણ આવી રહી છે, ઓછી ડિસઈન્વેસ્ટમેન્ટની આવક દ્વારા નફો અને ડિવિડન્ડ સંતુલિત હોવા સાથે, પ્રશ્ન એ છે કે શું સરકારનું વ્યૂહાત્મક પરિવર્તન કામ કરી રહ્યું છે



નવી દિલ્હીમાં નાણા મંત્રાલય

**ચર્ચા**

**- TCA શરદ રાઘવન**

નવી દિલ્હી સરકારની વ્યૂહરચના જ્યારે તેના જાહેર ક્ષેત્રના સાહસોનું સંચાલન કરવાની વાત આવે છે ત્યારે તે ડિસઈન્વેસ્ટમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે નોન-પર્ફોર્મિંગ કંપનીઓને બહાર કાઢવા અને તેના બદલે ઓપરેટિંગ કંપનીઓ પાસેથી મેળવેલા ડિવિડન્ડમાં વધારો કરે છે. ૨૦૧૩-૧૪થી ૨૦૨૨-૨૩ના સમયગાળા માટે ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ (DPE) સાથેના ડેટાનું વિશ્લેષણ, જે નવીનતમ સમયગાળા માટે ડેટા ઉપલબ્ધ છે, તે દર્શાવે છે કે કેન્દ્રીય જાહેર ક્ષેત્રના સાહસો (CPSEs)ને બંધ કરવાની અને લિક્વિડેશનની સંખ્યામાં છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ત્રણ ગણો વધારો થયો છે. અનેક CPSEs બંધ કરતી વખતે કેન્દ્ર સરકાર નવા પણ ખોલી રહી છે, એટલે કે ઓપરેટિંગ CPSEsની કુલ સંખ્યા વધી રહી છે. ડેટા દર્શાવે છે કે ૨૦૧૩-૧૪થી અત્યાર સુધી ઓપરેટિંગ જાહેર ક્ષેત્રની કંપનીઓની કુલ સંખ્યામાં ૨૦ CPSE ઉમેરવામાં આવ્યા છે. નોંધપાત્ર રીતે, જો કે સુધારેલ નાણાકીય કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અર્થ એ છે કે ઓપરેટિંગ CPSEsનો વધતો હિસ્સો હવે નફાકારક છે અને તેમના દ્વારા કમાવામાં આવેલ નફો પણ વધી રહ્યો છે. પરિણામે આ કંપનીઓ તરફથી સરકારને ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે. બીજી તરફ આ વધેલા ડિવિડન્ડને નીચી ડિસઈન્વેસ્ટમેન્ટ રસીદો દ્વારા સંતુલિત કરવામાં આવ્યું છે, જેના કારણે આ નવી વ્યૂહરચના સફળ છે કે કેમ તે અસ્પષ્ટ છે. CPSE ક્લોઝર્સ અને લિક્વિડેશન પરનો ડેટા ફક્ત ૨૦૧૮-૨૦૧૯ સુધીનો છે, પરંતુ તે નોંધપાત્ર વધારો દર્શાવે છે. એટલે કે, જ્યારે ૨૦૧૮-૨૦૧૯માં માત્ર ૧૩ CPSE બંધ કરવામાં અથવા ફડચામાં આવ્યા હતા, ત્યારે ૨૦૨૨-૨૩ સુધીમાં આ સંખ્યા વધીને ૩૬ થઈ ગઈ. ભારત ખાતે પ્રોફેશનલ સર્વિસ ફર્મ ગ્રાન્ટ થોર્ન્ટન રાષ્ટ્રીય ક્ષેત્રના નેતા (સરકાર) રમેન્દ્ર વર્માએ ધ પ્રિન્ટ ને જણાવ્યું હતું કે, 'એકંદરે, મને લાગે છે કે ઓપરેશનલ કાર્યક્ષમતામાં ઘણો સુધારો લાવવામાં આવ્યો છે અને આ કાર્યક્ષમતાને નાણાકીય કામગીરીમાં પરિવર્તિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.' 'કેટલીક ખોટ કરતી કંપનીઓ પણ વેચવામાં આવી છે અથવા બંધ થઈ ગઈ છે, પરંતુ એક અથવા બીજી રીતે બંધ કરી દેવામાં આવી છે,' તેમણે ઉમેર્યું.

**સરકાર દ્વારા સંકલિત પ્રયાસ**

કેન્દ્રીય નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, આ સરકાર દ્વારા સંકલિત પ્રયાસોનો એક ભાગ છે-જે હેઠળ ડીપીઈ અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (ડીઆઈપીએએમ) છે, જે કામગીરી અને CPSEsના વેચાણ માટેના બે નોડલ વિભાગો છે. 'CPSEs પર ધ્યાન હંમેશા રહ્યું છે, પરંતુ તે ખરેખર રોગચાળા દરમિયાન સામે આવ્યું હતું, જ્યારે જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઈઝ પોલિસીની જાહેરાત કરવામાં આવી હતી,' અધિકારીએ ધ પ્રિન્ટને જણાવ્યું હતું. 'જો કે PSE નીતિને ખાનગીકરણ નીતિ તરીકે જાહેર કરવામાં આવી હતી, હકીકત એ છે કે તેમાં બંધ થવાનું એક મુખ્ય પાસું પણ હતું, જેને ટીકાકારો દ્વારા મોટાભાગે અવગણવામાં આવ્યું હતું,' અધિકારીએ ઉમેર્યું. મે ૨૦૨૦માં રોગચાળા-લક્ષી આત્મનિર્ભર ભારત પૅકેજના ભાગ રૂપે જાહેર કરાયેલ જીઈ નીતિ અનુસાર, સરકાર કેટલાક વ્યૂહાત્મક ક્ષેત્રોમાં 'નજીવી લઘુત્તમ હાજરી' જાળવી રાખશે અને બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી જશે. 'બિન-વ્યૂહાત્મક ક્ષેત્રોમાંના તમામ PSEsને ખાનગીકરણ માટે ધ્યાનમાં લેવામાં આવશે, જ્યાં શક્ય હોય અન્યથા આવા સાહસોને બંધ કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે,' DPE વેબસાઈટ PSE નીતિ વિશે કહે છે. આને ધ્યાનમાં રાખીને, ૨૦૨૧માં DPEએ પણ CPSEને કેવી રીતે બંધ કરી શકાય તે માટે વિગતવાર માર્ગદર્શિકા જારી કરી.

**વધુ નફાકારક CPSE, વધતો નફો**

આ બંધ થવાનો અર્થ એ છે કે જેમાં નફો કરતી CPSEsનું પ્રમાણ વધી રહ્યું છે, તે કામ કરવાનું ચાલુ રાખશે. ડેટા દર્શાવે છે કે, ૨૦૧૩-૧૪માં ૭૦ ટકા CPSE જે કાર્યરત હતા તે નફાકારક હતા. જે ૨૦૨૨-૨૩ સુધીમાં વધીને ૭૬ ટકા થઈ ગયા છે. આ ખાસ કરીને નોંધપાત્ર છે કારણ કે ઓપરેટિંગ CPSEsની એકંદર સંખ્યા પણ વધી રહી છે. ડેટા દર્શાવે છે કે ૨૦૧૩-૧૪માં ૨૩૪ ઓપરેટિંગ CPSE હતા, જે ૨૦૨૨-૨૩ સુધીમાં વધીને ૨૫૪ થઈ ગયા.

વધુમાં માત્ર નફાકારક CPSEની સંખ્યા જ નથી વધી રહી, પરંતુ તેમનો નફો પણ વધી રહ્યો છે.

CPSEsનો એકંદર નફો ૨૦૧૩-૨૦૧૪માં રૂા.૧.૩ લાખ કરોડથી વધીને ૨૦૨૧-૨૦૨૨ સુધીમાં રૂા.૨.૫ લાખ કરોડ થયો હતો, જે ૨૦૨૨-૨૦૨૩માં અંશે ઘટીને રૂા.૨.૧ લાખ કરોડ થયો હતો. આ દર્શાવે છે કે ખોટ કરતી CPSEsની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં તેમના દ્વારા ઉઠાવવામાં આવતા નુકસાનમાં વધારો થયો છે, જેનો અર્થ એ છે કે બચી ગયેલી ખોટ કરતી CPSEs પહેલા કરતાં વધુ ખરાબ કરી રહી છે. CPSEની ખોટ ૨૦૧૩-૨૦૧૪માં રૂા.૨૧,૩૪૧ કરોડથી વધીને ૨૦૨૨-૨૦૨૩માં રૂા. ૨૮,૮૨૭ કરોડ થઈ હતી.

**ડિવિડન્ડ વિ ડિસઈન્વેસ્ટમેન્ટ**

૨૦૨૩માં DIPAM સચિવ તુહિન કાન્તા પાંડેએ ધ પ્રિન્ટ સાથે ફક્ત ડિસઈન્વેસ્ટમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ડિવિડન્ડ સાથે ડિસઈન્વેસ્ટમેન્ટને સંતુલિત કરવાની નીતિના સરકારના ફેરફાર વિશે વિસ્તૃત વાત કરી હતી.

'અત્યાર સુધી આ બેમાંથી ડિસઈન્વેસ્ટમેન્ટ પર ધ્યાન એકતરફી રહ્યું છે,' તેમણે તે સમયે કહ્યું હતું. "જો કે, શેરના ડિસઈન્વેસ્ટમેન્ટનો અર્થ એ પણ થાય છે કે ડિવિડન્ડની ભાવિ પ્રાપ્તિનું બલિદાન આપવામાં આવે છે. તેથી, આ મુદ્દા પર એક સર્વગ્રાહી પરિપ્રેક્ષ્ય મહતત્ત્વપૂર્ણ છે.' CPSEsમાં વધેલી નફાકારકતા અને મૂલ્ય નિર્માણ પરના આ ધ્યાનનો અર્થ એ છે કે સરકારે તેના રોકાણ પર નોંધપાત્ર વળતર જોયું છે-CPSEsમાં તે જે સ્ટોક ધરાવે છે તેના મૂલ્યની દૃષ્ટિએ અને તે તેમની પાસેથી મેળવેલા ડિવિડન્ડની દૃષ્ટિએ પણ.

જો કે, તે અસ્પષ્ટ છે કે શું પાંડેના 'સંકલિત અભિગમે' ખરેખર વળતર આપ્યું છે. છેવટે CPSEsમાં સરકારના હોલ્ડિંગનું મૂલ્ય એ એક કાલ્પનિક સંખ્યા છે જ્યાં સુધી તે ખરેખર તે હોલ્ડિંગ્સનું વેચાણ ન કરે. શેરબજારની નબળી સ્થિતિમાં સરકારના હોલ્ડિંગનું મૂલ્ય પણ ઘટશે. જ્યાં સુધી વાસ્તવિક નાણાં આવવાનો સંબંધ છે ત્યાં સુધી મોદી સરકારના બીજા કાર્યકાળમાં ડિસઈન્વેસ્ટમેન્ટ અને ડિવિડન્ડની કુલ પ્રાપ્તિ વાસ્તવમાં પ્રથમ કરતાં ઓછી રહી છે, જોકે બે સ્ત્રોતો વચ્ચેનું સંતુલન નોંધપાત્ર રીતે બદલાઈ ગયું છે. એટલે કે, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૮-૧૯ વચ્ચે, સરકારે ડિસઈન્વેસ્ટમેન્ટ અને ડિવિડન્ડ મળીને કુલ રૂા.૪.૮ લાખ કરોડની કમાણી કરી હતી. તેમાંથી ડિસઈન્વેસ્ટમેન્ટનો હિસ્સો લગભગ ૬૦ ટકા હતો. મોદી સરકારના બીજા કાર્યકાળમાં (૨૦૧૯-૨૦૨૦થી ૨૦૨૩-૨૦૨૪), આ બે સ્ત્રોતોમાંથી સરકારની કમાણી ઘટીને ૪.૧ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ હતી, જેમાં હવે ડિસઈન્વેસ્ટમેન્ટનો હિસ્સો માત્ર ૩૬ ટકા છે.

**નફાની કેન્દ્રીતતા અને બજારમાં પ્રભુત્વ**

CPSEsના નફા વિશે અન્ય નોંધપાત્ર પરિબળ એ છે કે તે મોટાભાગે ૧૦ કંપનીઓ સુધી કેન્દ્રિત રહે છે, જે CPSEsના કુલ નફાનો ૬૦ ટકા હિસ્સો બનાવવાનું ચાલુ રાખે છે. વધુમાં નફો કરતી CPSEs મોટાભાગે એવા ક્ષેત્રોમાં કાર્ય કરે છે જ્યાં સરકાર જબરજસ્ત પ્રભુત્વ ધરાવે છે. ઉદાહરણ તરીકે ૨૦૧૮-૨૦૧૯માં ટોચની ૧૦ CPSEsનો હિસ્સો તમામ CPSEsના કુલ નફામાં લગભગ ૬૨ ટકા હતો. ૨૦૨૨-૨૦૨૩ સુધીમાં આ નજીવો ઘટીને ૬૦ ટકા થઈ ગયો. આ સમય દરમિયાન CPSEની કુલ સંખ્યામાં વધારો થયો હતો તે જોતાં તેનો અર્થ એ થયો કે નફો માત્ર થોડીક કંપનીઓમાં વધુ કેન્દ્રિત થઈ રહ્યો છે. વધુમાં વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે ક્રૂડ ઓઈલ, કોલસો, નાણાકીય સેવાઓ, વીજ ઉત્પાદન અને પેટ્રોલિયમ રિફાઈનિંગ અને માર્કેટિંગના પાંચ ક્ષેત્રો ૨૦૧૮-૨૦૧૯માં CPSE નફામાં ૭૮ ટકા હિસ્સો ધરાવે છે. ૨૦૨૨-૨૦૨૩ સુધીમાં આમાંથી માત્ર ચાર ક્ષેત્રો-કેમકે પેટ્રોલિયમ રિફાઈનિંગ અને માર્કેટિંગ સૂચિમાંથી બહાર આવી ગયા હતા-CPSE નફાના ૭૨ ટકા માટે જવાબદાર હતા. જાહેર ક્ષેત્રની કંપનીઓ આમાંના લગભગ દરેક ક્ષેત્રોમાં પ્રભુત્વ ધરાવે છે. ઉદાહરણ તરીકે CPSEs સ્થાનિક તેલ ઉત્પાદન બજારમાં ૭૯ ટકા હિસ્સો ધરાવે છે કોલસાના ઉત્પાદનમાં ૭૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે અને પેટ્રોલિયમ રિફાઈનિંગ અને માર્કેટિંગમાં ૬૬ ટકા હિસ્સો ધરાવે છે. **(સૌ.: ધ પ્રિન્ટ. ઈન)**

# મણિપુરમાં હિંસા : કુકી-ઝોના વિરોધ પછી હિંસક અથડામણ; અલગ વહીવટની માગણી, લીક થયેલી ટેપના આધારે રાજ્યના મુખ્યમંત્રી સામે કાર્યવાહીની માંગ

(એજન્સી) તા.૨

સમગ્ર મણિપુરમાં વિરોધ ઉગ્ર બની રહ્યો છે અને કુકી-ઝો સમુદાયે અલગ વહીવટની માગણી કરી છે અને લીક થયેલ ટેપ રાજ્ય સરકારમાં તેમના અવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. મણિપુર રાજ્યમાં ફરી અશાંતિ વધી રહી છે કારણ કે, કુકી-ઝો સમુદાયે અલગ વહીવટ માટે તેની માંગને વધુ તીવ્ર બનાવી છે. મણિપુરના મુખ્યપ્રધાન એન. બિરેનસિંઘ દ્વારા કથિત રીતે અમુક અપમાનજનક નિવેદનો દર્શાવતી વિવાદાસ્પદ ઓડિયો ક્લિપ સામે આવ્યા બાદ મુખ્ય જિલ્લાઓમાં વિરોધ ફાટી નીકળ્યો છે અને સામૂહિક વિરોધના બીજા દિવસે કૌત્રુકમાં હુમલો થયો હતો, જેમાં કથિત રૂપે ડ્રોનનો ઉપયોગ કરવામાં કુકી આતંકવાદીઓ સામેલ હતા, તેના પરિણામે બે લોકોના મૃત્યુ અને અનેક લોકોને ઈજાઓ થઈ હતી. ઓગસ્ટ ૩૧ના રોજ મણિપુરના ચુરાચંદપુર અને કાંગપોકપી જિલ્લામાં મોટાપાયે વિરોધ ફાટી નીકળ્યો અને કુકી-ઝો સમુદાયના સભ્યોએ અલગ વહીવટની માગણી સાથે શેરીઓમાં પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ ખાસ કરીને લેઈશાંગ (ચુરાચંદપુર), કીથેલમાનબી (કાંગપોકપી) અને મોરેહ (ટેંગનોપલ) જેવા વિસ્તારોમાં ઉગ્ર હતો. રેલીને કારણે બજારો અને શાળાઓ બંધ થઈ ગઈ હતી અને સંસ્થાઓને ખુલ્લી રાખવાની રાજ્ય સરકારની અપીલ છતાં સરકારી કચેરીઓમાં નોંધપાત્ર રીતે ઓછી હાજરી જોવા મળી હતી. કાંગપોકપી જિલ્લામાં સેંકડો વિરોધીઓએ કીથેલમાનબી મિલિટરી કોલોનીથી થોમસ ગ્રાઉન્ડ સુધી જિલ્લા મુખ્યમથક સુધી કૂચ કરી હતી. મણિપુરના ખીણના જિલ્લાઓમાં કામકાજ અને રોજિંદુ જીવન ઠપ થઈ ગયું હતું, જેનાથી સમગ્ર પ્રદેશમાં વ્યવસાયો, શાળાઓ અને સંસ્થાઓને અસર થઈ હતી. સરકાર દ્વારા દુકાનો અને વ્યવસાયો ખુલ્લા રાખવાની અપીલ હોવા છતાં રેલીઓ યોજાઈ તે વિસ્તારોમાં ઘણી સંસ્થાઓ બંધ રહી હતી. દેખાવકારોએ લીક થયેલી ટેપની નિંદા કરતા બેનરો અને પ્લેકાર્ડ લીધા હતા. જો કે, આ હડતાળ આ વિસ્તારોમાં નોંધપાત્ર રીતે વિક્ષેપિત થઈ હતી પણ મોટાભાગે શાંતિપૂર્ણ રહી હતી. કુકી-ઝો સંગઠનોએ નવી દિલ્હીમાં જંતરમંતર ખાતે પ્રદર્શન યોજ્યું હતું, જ્યાં તેઓએ અલગ વહીવટની તેમની માંગને પુનરાવર્તિત કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મેમોરેન્ડમ સુપરત કર્યા હતા. આ મેમોરેન્ડમમાં વડાપ્રધાન કાર્યાલયને મણિપુરની પરિસ્થિતિને તાકીદે ઉકેલવા વિનંતી કરી હતી. મણિપુરમાં ચાલી રહેલા સંઘર્ષને લગતી ઉશ્કેરણીજનક ટિપ્પણીઓ કરતા મુખ્યમંત્રી એન. બિરેનસિંઘને દર્શાવતી વાયરલ ઓડિયો ક્લિપ્સ બહાર આવ્યા પછી આ વિરોધ વધ્યો હતો. મણિપુર સરકારે આ ઓડિયો ક્લિપ્સને 'ડોક્ટરેડ' ગણાવી છે અને જાહેરાત કરી કે રાજ્ય પોલીસ દ્વારા તપાસ ચાલી રહી છે. આ લીક થયેલી ઓડિયો ક્લિપ્સ કથિત રીતે ચાલુ હિંસામાં મુખ્યપ્રધાનની 'પક્ષપાતી ભાગીદારી' છતી કરે છે. આ લીક થયેલી ટેપને લગતા વિવાદે મણિપુરમાં તણાવને વધાર્યો છે અને રાજ્ય સરકાર અને તેના નેતૃત્વમાં સમુદાયનો અવિશ્વાસ વધ્યો છે. કુકી-ઝો સંગઠનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મેમોરેન્ડમ સબમિટ કર્યા હતા. મોદીએ ૩ મે, ૨૦૨૩ના રોજ વંશીય સંઘર્ષ શરૂ થયો ત્યારથી મણિપુરની મુલાકાત લીધી નથી. કાંગપોકપીમાં કુકી સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (KSO) દ્વારા સબમિટ કરવામાં આવેલા મેમોરેન્ડમમાં મુખ્યમંત્રી સામે પગલાં લેવા, આસામ રાઈફલ્સ સાથે બફર ઝોનને મજબૂત કરવા અને કલમ 239A હેઠળ તાત્કાલિક રાજકીય ઉકેલની માગણી કરવામાં આવી છે. ચુરાચંદપુરમાં KSO સહિત સાત વિદ્યાર્થી સંગઠનોએ લીક થયેલી ઓડિયો ટેપના મુદ્દાની પણ વાત કરી છે. લાંબી કટોકટી અને લીક થયેલી ટેપના પરિણામોને જોતાં કુકી-ઝો સમુદાયે રાષ્ટ્રપતિ શાસન લાદવા અને સ્વાયત્ત વહીવટની સ્થાપના માટેની તેમની માંગ કરી છે અને શાંતિ પુનઃ સ્થાપિત કરવા માટે નિર્ણાયક અને સંવેદનશીલ અભિગમની વિનંતી કરી છે. રવિવાર સપ્ટેમ્બર ૧ના રોજ વર્તમાન મણિપુર સરકારના વિરોધમાં કુકી-ઝો સમુદાયો દ્વારા રેલીઓ કાઢવામાં આવી હતી તેના એક દિવસ પછી મણિપુરના કૌત્રુક વિસ્તારમાં હિંસા ફાટી નીકળી હતી, જેના કારણે બે લોકોનાં મોત થયા છે અને બે પોલીસ અધિકારીઓ અને એક ટેલિવિઝન રિપોર્ટર સહિત અન્ય દસ લોકો ઘાયલ થયા છે. મણિપુર પોલીસના જણાવ્યા અનુસાર કૌત્રુકમાં થયેલો હુમલો અભૂતપૂર્વ હતો, જેમાં કથિત કુકી આતંકવાદીઓ સામેલ હતા જેમણે હાઈ-ટેક ડ્રોન દ્વારા રોકેટ-સંચાલિત ગ્રેનેડ (RPGs)નો ઉપયોગ કર્યો હતો. આવા સાત વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જે તકનિકી કુશળતા ધરાવતા ઉચ્ચ પ્રશિક્ષિત વ્યાવસાયિકોની સંડોવણી સૂચવે છે.

કુકી-ઝોમી-બહુમતી કાંગપોકપી જિલ્લાની નજીક ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લામાં મેઈતેઈ-બહુમતી ગામ, કૌત્રુક, વિસ્તાર એ સંઘર્ષમાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાંનું એક છે. હિંસાની છેલ્લી નોંધપાત્ર ઘટના આ વર્ષે જૂનમાં બની હતી, જ્યારે ૬ જૂનના રોજ મેઈતેઈ ખેડૂતનું માથું કાપી નાખેલું શરીર મળી આવ્યું હતું અને રાજ્યમાં ફરી એકવાર હિંસા શરૂ થઈ હતી જેમાં ૭૦ ઘરો, પોલીસ ચોકીઓ અને વન કચેરી સળગાવી દેવામાં આવી હતી, જેમાં ઓછામાં ઓછા ૨૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા. સ્થિતિને કાબૂમાં લેવા માટે રાજ્ય અને કેન્દ્રીય એકમો સહિત સુરક્ષા દળોને તૈનાત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકારે આ હુમલાની સખત નિંદા કરી છે અને શાંતિ પુનઃ સ્થાપિત કરવા માટે તેની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

# જાતિની વસ્તી ગણતરીને RSSનું સમર્થન પરંતુ 'રાજકીય ઉપયોગ' સામે ચેતવણી

## RSSના પ્રવક્તા સુનિલ આંબેકરે કહ્યું કે, જાતિ અને જાતિના સંબંધો હિન્દુ સમાજમાં સંવેદનશીલ મુદ્દા છે અને રાષ્ટ્રીય એકતા માટે મહત્ત્વપૂર્ણ છે

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)એ સોમવારે જાતિની વસ્તી ગણતરીને સમર્થન આપતા કહ્યું કે, તેને માત્ર ચૂંટણી અથવા રાજકારણ માટે નહીં, પણ ગંભીરતાથી સંભાળવું જોઈએ. આ મુદ્દે બોલતા આરએસએસના મુખ્ય પ્રવક્તા સુનીલ આંબેકરે કહ્યું કે, "આપણા હિન્દુ સમાજમાં આપણી જ્ઞાતિ અને જાતિના સંબંધોનો સંવેદનશીલ મુદ્દો છે. અલબત્ત, તે આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મહત્વનો મુદ્દો છે. તેને ખૂબ જ ગંભીરતાથી લેવો જોઈએ, ચૂંટણી પ્રચાર અથવા ચૂંટણી પ્રથા અથવા રાજકારણના આધારે નહીં." આંબેકરે કહ્યું, "આરએસએસનો અભિપ્રાય છે કે તમામ કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે, ખાસ કરીને જ્યારે કોઈ ચોક્કસ સમુદાય અથવા જ્ઞાતિને સંબોધવામાં આવે કે જેના પર વિશેષ ધ્યાન આપવાની જરૂર હોય, ત્યારે સરકારને સંખ્યાઓની જરૂર છે." આ પ્રથા સારી રીતે સ્થાપિત છે અને ફરીથી અમલમાં મૂકી શકાય છે. કોંગ્રેસ જાતિ ગણતરીની માંગ કેમ કરી રહી છે ? કોંગ્રેસે તેના લોકસભા ચૂંટણી ઢંઢેરામાં જ્ઞાતિની વસ્તી ગણતરી અંગે અવાજ ઉઠાવ્યો છે. પાર્ટીએ જ્ઞાતિઓ અને પેટાજાતિઓ અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની ગણતરી કરવા માટે દેશવ્યાપી સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી હાથ ધરવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસે SC, ST અને OBC માટે અનામતની મર્યાદા ૫૦ ટકા વધારવા માટે બંધારણીય સુધારો પસાર કરવાનું વચન પણ આપ્યું હતું. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી જાતિ ગણતરીની માંગ કરી રહ્યા છે અને દાવો કરી રહ્યા છે કે ભારતની ૯૦ ટકા વસ્તી સિસ્ટમનો ભાગ નથી. તાજેતરમાં, મીડિયા માટે એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા 'મૂડ ઓફ ધ નેશન' (MOTN) સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ૭૪ ટકા ઉત્તરદાતાઓ માને છે કે જાતિની વસ્તી ગણતરી હાથ ધરવી જોઈએ. આ ફેબ્રુઆરી ૨૦૨૪થી નોંધપાત્ર વધારો દર્શાવે છે, જ્યારે માત્ર ૫૯ ટકા લોકોએ આ વિચારને સમર્થન આપ્યું હતું. સર્વેનો ઉલ્લેખ કરતાં ગાંધીએ કહ્યું હતું કે, "હિન્દુસ્તાનનો આદેશ આવી ગયો છે - ટૂંક સમયમાં જ ૯૦ ટકા ભારતીયો જાતિ ગણતરીને સમર્થન આપશે અને માંગણી કરશે. હવે આદેશનો અમલ કરો, નહીં તો તમે આગામી વડાપ્રધાનને તે કરતા જોશો. રાહુલ ગાંધીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના ભાગરૂપે રાષ્ટ્રવ્યાપી જાતિ વસ્તી ગણતરી માટે દબાણ કરવાનું શરૂ કર્યું અને લોકસભામાં સુધારેલી સંખ્યા સાથે, કોંગ્રેસના નેતાએ તેના માટે દબાણ કરવાનું ચાલુ રાખ્યું.

### ધોનીએ યુવરાજનું જીવન બરબાદ કરી દીધું

# કપિલ દેવ તારા એવા હાલ કરીશ કે દુનિયા તારા પર થૂંકશે : યોગરાજ

## કેન્સરને હરાવ્યું, ટીમને વિશ્વ ચેમ્પિયન બનાવી, યુવરાજ જેવો દીકરો કોઈ પેદા કરીને બતાવે : યોગરાજસિંહ

નવી દિલ્હી, તા.૨

યુવરાજસિંહના પિતા યોગરાજસિંહનું એક ઈન્ટરવ્યુ હાલમાં જ સામે આવ્યું છે, જેમાં તે બે ભારતીય લીજેન્ડ કપ્તાન કપિલ દેવ અને ધોનીને લઈ આકરી નિવેદનબાજી કરતા દેખાઈ રહ્યા છે. માહીને લઈ હંમેશા યોગરાજ ગુસ્સે થતાં રહ્યા છે પણ આ વખતે તેમનું ટાર્ગેટ કપિલ દેવ બન્યા છે. તેમણે ઈન્ટરવ્યુમાં ત્યાં સુધી કહી દીધું કે, તેવાં હાલ કરીને છોડી શકે. દુનિયા તારા પર થૂંકશે. યોગરાજસિંહે કહ્યું કે, હું જીવનમાં તે લોકોને બતાવવા માંગુ છું કે, યોગરાજ વસ્તુ શું છે જેને તમે નીચો દેખાડ્યો છે. આજે આખી દુનિયા મારા પગ નીચે છે, સલામ કરે છે અને તે લોકો જેમણે ઘણું ખરાબ કર્યું હતું. કોઈને કેન્સર છે, કોઈનું ઘર તૂટી ગયું છે, કોઈ મરી ગયું તો કોઈના ઘરમાં દીકરો જ નથી. તમે સમજી ગયા હશો હું કોની વાત કરૂ છું. તે માણસે જે કર્યું તે તમારા ગ્રેટેસ્ટ કેપ્ટન ઓફ ઓલ ટાઈમ મિસ્ટર કપિલ દેવ છે. તેમને મેં કહ્યું હતું કે, તેવા હાલ કરીને છોડીશ કે દુનિયા તારા પર થૂંકશે. આજે યુવરાજસિંહ પાસે ૧૩ ટ્રોફી છે અને તારી પાસે એક જ વર્લ્ડકપ છે. યોગરાજસિંહે આ ઈન્ટરવ્યુમાં ધોનીને લઈને પણ કડવી વાતો કહી છે. તેમણે કહ્યું કે, હું ધોનીને માફ નહીં કરૂં તેણે પોતાની શકલ આઈનામાં જોવી જોઈએ. તે ખૂબ જ મોટો ક્રિકેટર છે પણ તેણે મારા પુત્ર વિરુદ્ધ જે કંઈપણ કર્યું તે હવે બધાની સામે આવી રહ્યું છે. તેને જીવનમાં ક્યારેય માફ કરી શકાય નહીં. મેં જીવનમાં ક્યારેય બે કામ કર્યા નથી. મેં તે લોકોને માફ કર્યા નથી જેમણે મારી સાથે ખરાબ કર્યું છે. બીજું મેં તેમને ક્યારેય ગળે લગાવ્યા નથી પછી તે મારા ઘરવાળા કે મારા બાળકો જ કેમ ના હોય. તેમણે કહ્યું કે, ધોનીએ મારા પુત્રનું જીવન બરબાદ કરી દીધું છે. યુવરાજસિંહ ચાર-પાંચ વર્ષ હજુ ક્રિકેટ રમી શકતો હતો. હું તમને કહું કે, યુવરાજ જેવો પુત્ર પેદા કરીને બતાવો. ગૌતમ ગંભીર અને વીરેન્દ્ર સેહવાગ બોલી ચૂક્યા છે. યુવરાજસિંહ જેવો પ્લેયર ન ક્યારેય પેદા થયો હતો અને ના થશે. આ હું નથી કહી રહ્યો પણ દુનિયા કહી રહી છે. યુવરાજને ભારત રત્નથી સન્માનિત કરવો જોઈએ. તેણે કેન્સર સામે ઝઝૂમતા છતાં દેશ માટે વર્લ્ડકપ જીત્યો છે.

### લીજેન્ડ ગાવસ્કર અને કપિલ દેવને પણ સ્થાન મળ્યું નહીં

# ગૌતમ ગંભીરની ઓલ ટાઈમ ઈન્ડિયા ઈલેવનમાંથી રોહિત-બુમરાહની બાદબાકી

નવી દિલ્હી, તા.૨ : ટીમ ઈન્ડિયાના પૂર્વ ઓપનર અને હાલના હેડ કોચ ગૌતમ ગંભીરે હાલમાં જ પોતાની ઓલ ટાઈમ ઈન્ડિયા ઈલેવનની પસંદગી કરી છે. આ ટીમમાં તેમણે સચિન તેન્ડુલકર, રાહુલ દ્રવિડ, ધોની અને ઝહીર ખાન જેવા દિગ્ગજોને સ્થાન આપ્યું છે પણ તેમણે પોતાની આ ટીમમાં લીજેન્ડ સુનિલ ગાવસ્કર અને કપિલ દેવની સાથે-સાથે ભારતીય કપ્તાન રોહિત શર્મા અને જસપ્રીત બુમરાહને પણ સ્થાન આપ્યું નથી. રોહિત-ગાવસ્કરની ગણતરી ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં સર્વશ્રેષ્ઠ ઓપનિંગ બેટ્સમેનોમાં થાય છે. જ્યારે બુમરાહે ત્રણેય ફોર્મેટમાં શાનદાર પ્રદર્શન કરી ભારતના સર્વશ્રેષ્ઠ બોલરોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. ગંભીરે પોતાની આ ટીમમાં કુલ ચાર બોલર રાખ્યા છે, જેમાં બે સ્પિનર અને બે ઝડપી બોલર છે. બે સ્પિનરમાં તેમણે અનિલ કુમ્બલે અને અશ્વિનની પસંદગી કરી છે. જ્યારે ઝડપી બોલરમાં ઝહીર ખાનની સાથે ઈરફાન પઠાણને સ્થાન આપ્યું છે.

**ગંભીરની ઓલ ટાઈમ ઈન્ડિયા ઈલેવન :-** ગૌતમ ગંભીર, વીરેન્દ્ર સેહવાગ, સચિન તેન્ડુલકર, રાહુલ દ્રવિડ, વિરાટ કોહલી, યુવરાજસિંહ, એમ.એસ. ધોની, અશ્વિન, અનિલ કુમ્બલે, ઝહીર ખાન, ઈરફાન પઠાણ.

### હદીસ બોધ

વિદાય લેતા મહેમાનને ઘરના ઉંબરા સુધી વળાવવા જવું એ સારૂં આચરણ છે. (હદીસ બોધ)

### બોધ વચન

દુનિયા મૂર્ખ કહે તો એની પરવા ન કરશો પણ દુર્જન ન કહી જાય તેની કાળજી રાખજો. -જ્યોર્જ બર્નાર્ડ શૉ

### આજની આરસી

૩ સપ્ટેમ્બર મંગળવાર ૨૦૨૪
૨૮ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ વદ અમાસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૦૨
ખત્મે ઝવાલ ૧૨-૩૯
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૩
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૫૬

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# ફર્રૂખાબાદની દલિત યુવતીઓએ બોયફ્રેન્ડ દ્વારા છેતરપિંડી કરાયા બાદ આત્મહત્યા કરી; બે યુવકો સામે ગુનો નોંધાયો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨

ફર્રૂખાબાદની દલિત યુવતીઓએ બોયફ્રેન્ડ દ્વારા છેતરપિંડી કર્યા બાદ આત્મહત્યા કરી હતી. પોલીસે જણાવ્યું કે, આ કેસમાં ધરપકડ કરાયેલા બે છોકરાઓ મૃતક છોકરીઓ સાથે પ્રેમ સંબંધમાં હોવાનું માનવામાં આવે છે. ઉત્તર પ્રદેશના ફર્રૂખાબાદમાં બે દલિત છોકરીઓના મૃત્યુને લગતા કેસમાં નવી વિગતો સામે આવી છે, જ્યાં પોલીસે આ કેસના સંબંધમાં બે છોકરાઓની ધરપકડ કરી છે. જે બે છોકરાઓની ધરપકડ કરવામાં આવી છે તેમની ઓળખ દીપક અને પવન તરીકે થઈ છે, જેઓ મૃતક છોકરીઓ સાથે પ્રેમ સંબંધમાં હોવાનું માનવામાં આવે છે. ફર્રૂખાબાદમાં એક બગીચામાં બે દલિત છોકરીઓના મૃતદેહ લટકેલા મળી આવ્યા હતા. બુધવારે પોલીસે જણાવ્યું હતું કે, પોસ્ટમોર્ટમ નિષ્કર્ષ પર આવ્યું હતું કે તેઓ ફાંસીથી મૃત્યુ પામ્યા હતા અને તે આત્મહત્યાનો કેસ હતો, તેમ છતાં તેમના પરિવારના સભ્યોને ખોટી પ્રપંચની શંકા હતી. તેઓએ જણાવ્યું કે, પોસ્ટમોર્ટમના તારણો કેસની તેમની પ્રારંભિક તપાસ સાથે સુસંગત છે. ન્યૂઝ ૧૮ના અહેવાલ મુજબ પોલીસે જણાવ્યું કે, છોકરીઓને ખબર પડી કે બંને છોકરાઓ તેમની સાથે અન્ય છોકરીઓ સાથે છેતરપિંડી કરી રહ્યા છે, જેના પગલે તેઓએ પોતાનો જીવ લીધો. આ કેસમાં ધરપકડ કરાયેલા બંનેને શનિવારના રોજ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સમાચાર એજન્સી પીટીઆઈએ અહેવાલ આપ્યો હતો કે, અગાઉ પોલીસે જણાવ્યું હતું કે, ૧૫ અને ૧૮ વર્ષની વયની છોકરીઓ ૨૬ ઓગસ્ટના રોજ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જન્માષ્ટમીના અવસરે નજીકના મંદિરમાં જવા માટે તેમના ઘરેથી નીકળી હતી, પરંતુ તે પાછી ફરી ન હતી. મંગળવારના રોજ મૃતકના પરિવારજનોએ આ મામલે CB-CID તપાસની માંગ કરી હતી. બંને અધિકારીઓ પરિવારના સભ્યોને મળ્યા હતા અને તેમને આ મામલે ઝડપી તપાસની ખાતરી આપી હતી, ત્યારબાદ પરિવારો મૃતકના અંતિમ સંસ્કાર સાથે આગળ વધવા માટે સંમત થયા હતા. મંગળવારની સવાર ફતેહગઢના કયામગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામની બહાર કિશોરીઓના મૃતદેહ મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર છોકરીઓ વચ્ચે ગાઢ મિત્રતા હતી અને એક જ પાડોશમાં રહેતી હતી. તેઓએ કહ્યું કે, લાશ બે દુપટ્ટા સાથે લટકતી હતી જે એકસાથે બાંધેલી હતી. ચીફ મેડિકલ ઓફિસર (CMO) અવનીન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, છોકરીઓનું મૃત્યુ લટકી જવાને કારણે થયું હતું અને બહારથી કોઈ ઈજાના નિશાન મળ્યા નથી. CMOએ જણાવ્યું હતું, પોસ્ટમોર્ટમ ડૉક્ટરોની પેનલ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. તેઓ (છોકરીઓ) લટકવાને કારણે મૃત્યુ પામ્યા હતા. શરીર પર કોઈ બાહ્ય ઈજાના નિશાન જોવા મળ્યા નથી. CMOએ વધુમાં જણાવ્યું હતું કે, ડૉક્ટર પેનલે બળાત્કારની શક્યતાને નકારી કાઢવા માટે યોનિમાર્ગના પ્રવાહીની સ્લાઈડ્સ લેબોરેટરીમાં મોકલી છે.

# મેરઠ : ચાર યુવકોએ દલિત યુવતીનું અપહરણ કરી તેની સાથે સામૂહિક બળાત્કાર કર્યો, મુખ્ય આરોપી સમીરની ધરપકડ, અન્યની શોધ ચાલુ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨

મેરઠમાં એક દલિત યુવતી સાથે સામૂહિક બળાત્કારની ઘટના સામે આવી છે. અન્ય સમુદાયના ચારથી વધુ યુવકો પર બળાત્કારનો આરોપ છે. હિંદુ સંગઠનોએ પોલીસ પર બેદરકારીનો આરોપ લગાવીને હોબાળો મચાવ્યો હતો અને જો આ મામલે કડક કાર્યવાહી નહીં થાય તો મોટા આંદોલનની ચેતવણી પણ આપી છે. વાસ્તવમાં સમગ્ર મામલો મેરઠના ફલાવડા પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામનો છે. અહીં રહેતી દલિત છોકરી ૨૯ ઓગસ્ટના રોજ શૌચ કરવા ગઈ હતી ત્યારે તે જ ગામના રહેવાસી સમીર, રાજા અને સમીરે તેમના સાથીઓ સાથે મળીને છોકરીનું અપહરણ કરીને એક પછી બળાત્કાર કર્યો હતો. ૩૦ ઓગસ્ટના રોજ ગામથી કેટલાય કિલોમીટર દૂર અન્ય એક ગામમાં છોકરી કઢંગી હાલતમાં મળી આવી હતી. બાળકીની હાલત જોઈ પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ, યુવતીને મેડિકલ માટે મોકલવામાં આવી અને આ ઘટનાએ અરાજકતા ફેલાવી. દલિત યુવતી પર સામૂહિક બળાત્કારની ઘટનાએ સનસનાટી મચાવી દીધી છે. તમામ આરોપી અન્ય સમુદાયના યુવકો હોવાની જાણ થતાં જ હિન્દુ સંગઠનોએ ફલાવડા પોલીસ સ્ટેશનમાં હંગામો મચાવ્યો હતો અને પોલીસ પર બેદરકારીનો આરોપ પણ લગાવ્યો હતો. હિન્દુ સંગઠનોએ મોટા આંદોલનની ચેતવણી આપી છે. આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદ બજરંગ દળના જિલ્લા પ્રમુખ આદેશ ચૌધરીએ ચેતવણી આપી છે કે જો જલ્દી કડક કાર્યવાહી કરવામાં નહીં આવે અને તમામ આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવે તો મોટું આંદોલન કરવામાં આવશે. તેમણે સવાલ ઉઠાવ્યો કે પોલીસ કેમ શાંત છે. મામલો દલિત યુવતી પર સામૂહિક બળાત્કારનો હોવાથી પોલીસે પણ કેસ નોંધવામાં મોડું કર્યું ન હતું. પરિવારે સલીમના પુત્રો સમીર, રાજા અને અજાણ્યા શખ્સ તેમજ તે જ ગામમાં રહેતા અન્ય લોકો સામે ફલાવડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. એસએચઓ ફલાવડા રાજેશ કંબોજનું કહેવું છે કે, પોલીસે ગેંગ રેપના મુખ્ય આરોપી સમીરની ધરપકડ કરી લીધી છે, જ્યારે અન્ય આરોપીઓની શોધ માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે, તેમની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

# ઈંડાં નહીં, લસણ નહીં, ડુંગળી નહીં : ઝારખંડમાં આદિવાસી વિદ્યાર્થીઓએ સ્વાદવિહીન અને પોષણની ઊણપ ધરાવતાં મધ્યાહન ભોજનને નકારી કાઢ્યું

(એજન્સી) રાંચી, તા. ૨

બે વર્ષથી, અન્નામૃત ફાઉન્ડેશનનું કેન્દ્રિય રસોડું, જે પશ્ચિમ સિંઘભૂમિ જિલ્લાના ચાર વિભાગમાં સરકારી શાળાઓને મધ્યાહન ભોજન પૂરૂં પાડવા માટે જવાબદાર છે, તે વિવાદના કેન્દ્રમાં છે. ભોજનની ગુણવત્તા અને સ્વાદ અંગે વાલીઓ અને વિદ્યાર્થીઓ બંને તરફથી અસંખ્ય ફરિયાદો હોવા છતાં, રસોડું ચાલુ છે.


અસંખ્ય ફરિયાદો અને સર્વે અહેવાલો છતાં, સમસ્યાઓના નિરાકરણ માટે કોઈ નોંધપાત્ર પગલાં લેવામાં આવ્યા નથી. ધારાસભ્ય નિરલ પૂર્તિએ તાજેતરમાં વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવ્યો, પ્રાથમિક શિક્ષણ નિયામકને ફરિયાદોની પ્રાપ્તિની પુષ્ટિ કરવા માટે પ્રોત્સાહિત કર્યા, પરંતુ નિરાકરણ માટે કોઈ નક્કર યોજના પ્રદાન કરવામાં નિષ્ફળ રહી.

જાન્યુઆરી-એપ્રિલ ૨૦૨૩માં પૂર્વ સિંઘભૂમ, પશ્ચિમ સિંઘભૂમ, સરાઈકેલા અને લોહરદાગા જિલ્લાના વિવિધ વિભાગોમાં ૮૪૮ સરકારી શાળાઓમાં ૮૬૬૫૬ વિદ્યાર્થીઓ માટે મધ્યાહ્ન ભોજન તૈયાર કરવા માટે કેન્દ્રિય રસોડા સિસ્ટમ લાગુ કરવામાં આવી હતી.

પશ્ચિમ સિંઘભૂમિમાં સદર, ઢીંકપાની, ખુંટપાની અને તંતનગરના ચાર વિભાગમાં ૩૭૦ સરકારી શાળાઓના ૨૯૦૪૮ વિદ્યાર્થીઓને રસોડું ભોજન પીરસે છે.

અન્નામૃત ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ પહેલ - એક ઈસ્કોન સંલગ્ન સંસ્થા, ટાટા સ્ટીલ અને જિલ્લા વહીવટીતંત્રના સમર્થનથી સ્થાપિત કરવામાં આવી હતી. કેન્દ્રીય સુવિધામાં તૈયાર કરાયેલ ખોરાકને વાહન દ્વારા શાળાઓમાં પહોંચાડવામાં આવે છે.

ખાદ્ય સુરક્ષા જન અધિકાર મંચના સ્વયંસેવક અશોક મુન્દ્રીએ આ મુદ્દા વિશેની વિગતો ધ મૂકનાયક સાથે શેર કરી. તેમણે કહ્યું કે, મંચે સપ્ટેમ્બર અને નવેમ્બર ૨૦૨૩માં એક સર્વે કર્યો હતો, જેમાં કેન્દ્રિય રસોડા પ્રણાલીના અમલીકરણ પહેલા અને પછી ખોરાકની ગુણવત્તા વચ્ચે ચિંતાજનક વિસંગતતાઓ બહાર આવી હતી. સર્વેક્ષણમાં ચાઈબાસા શહેરથી ૧થી ૩૫ કિમી સુધીની ૨૩



પંચાયતોની ૪૨ શાળાઓને આવરી લેવામાં આવી હતી.

**તારણો ઊંડાણપૂર્વક સંબંધિત છે:**

● **ગુણવત્તા અને સ્વાદની ચિંતાઓ :** સર્વેક્ષણ કરાયેલ તમામ ૪૨ શાળાઓએ અહેવાલ આપ્યો છે કે અગાઉ સાઈટ પર રાંધવામાં આવેલ ભોજન કેન્દ્રિય રસોડા દ્વારા આપવામાં આવતા ભોજન કરતાં નોંધપાત્ર રીતે વધુ સારું હતું. ૯૨% શિક્ષકો સંમત થયા કે શાળાઓમાં તૈયાર કરવામાં આવતા ખોરાકની ગુણવત્તા અને સ્વાદ શ્રેષ્ઠ છે. વિદ્યાર્થીઓએ એ પણ નોંધ્યું હતું કે કેન્દ્રિય રસોડામાંથી આવતા ખોરાકમાં ઘણીવાર અપ્રિય ગંધ અને સ્વાદ હોય છે. સામાન્ય સમસ્યાઓમાં ઓછા રાંધેલા શાકભાજી, વાસી ચોખા અને પાણીયુક્ત દાળનો સમાવેશ થાય છે. અમુક પ્રસંગોએ ખોરાકમાં જંતુઓ મળવાની ફરિયાદો પણ કરવામાં આવી છે.

● **પોષક તત્ત્વોની ઊણપ :** કેન્દ્રિય રસોડા દ્વારા પીરસવામાં આવતા ભોજનમાં તાજા લીલા શાકભાજી અને ઈંડા જેવા પૌષ્ટિક તત્ત્વોથી વંચિત હોવાનું કહેવાય છે, જેનો અગાઉ સમાવેશ કરવામાં આવ્યો હતો. ઈંડા, જે અઠવાડિયામાં બે વાર આપવાના હતા, તે ભોજનમાંથી વારંવાર ખૂટે છે, કેટલાક કિસ્સાઓમાં તેના બદલે કેળા આપવામાં આવે છે. આનાથી તે દિવસોમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે જ્યારે ઈંડા અગાઉ પીરસવામાં આવતા હતા, ત્યારે વિદ્યાર્થીઓની હાજરી સુધારેલી હતી.

● **વિદ્યાર્થી અને શિક્ષકનો પ્રતિસાદ :** ૮૦% શાળાના રસોઈયાએ અહેવાલ આપ્યો કે પાછલા મહિનામાં ઓછામાં ઓછું એકવાર, તેઓને મળેલો ખોરાક બગડ્યો હતો. વિદ્યાર્થીઓએ શાકભાજીના પુલાવ અને ખીચડી જેવી વિશિષ્ટ વાનગીઓ પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો, જેના કારણે ખોરાકનો બગાડ વધી ગયો. શિક્ષકો અને રસોઈયાઓએ નોંધ્યું હતું કે અગાઉ તૈયાર કરેલ ભોજન ગરમ, તાજું અને સ્વાદિષ્ટ હતું, જે હાલના અર્પણો સાથે ખૂબ જ વિપરીત હતું.

● **સમયસરતા અને પારદર્શિતાના મુદ્દાઓ :** જોકે ૫૮% શાળાઓએ અહેવાલ આપ્યો છે કે ખોરાક સામાન્ય રીતે સમયસર પહોંચે છે, ૩૫% એ પ્રસંગોપાત વિલંબની જાણ કરી. તદુપરાંત, કેન્દ્રિય રસોડાની કામગીરીમાં પારદર્શિતાનો અભાવ છે. ઉચ્ચ-સ્તરની પરવાનગીની જરૂરિયાતને ટાંકીને સ્થાનિક ટીમો દ્વારા રસોડાની તપાસ કરવાના પ્રયાસોને નિષ્ફળ કરવામાં આવ્યા હતા. દેખરેખના આ અભાવે શિક્ષકો અને વાલીઓ વચ્ચે શંકા અને નિરાશાને વેગ આપ્યો છે.

● **આર્થિક અસર :** કેન્દ્રિય રસોડામાં સંક્રમણથી સ્થાનિક અર્થતંત્રોને પ્રતિકૂળ અસર થઈ છે. અગાઉ, સ્થાનિક ખેડૂતો શાળાના ભોજન માટે તાજી પેદાશો પૂરી પાડતા હતા, જે નવી સિસ્ટમના અમલીકરણ પછી બંધ થઈ ગઈ છે. વધુમાં, સ્થાનિક રસોઈયાને ચૂકવણી બાકી રહે છે, જે નોકરીની સુરક્ષા અને સમુદાય પર વ્યાપક અસર અંગે ચિંતાઓ ઊભી કરે છે.

મુન્દ્રીએ તેની નિષ્ક્રિયતા માટે વહીવટીતંત્રની ટીકા કરી, એમ કહીને કે વારંવારની અપીલ છતાં સાત મહિના પછી પણ પરિસ્થિતિ યથાવત્ છે. મૂકનાયકે અન્ય સ્વયંસેવક ડોબ્રો બારી સાથે વાત કરી જેમણે ઈસ્કોન જૂથ દ્વારા સંચાલિત કેન્દ્રિય રસોડા સાથેના નોંધપાત્ર મુદ્દા પર પ્રકાશ પાડ્યો. બારીએ ધ્યાન દોર્યું કે રસોડું તેની ખાદ્ય તૈયારીઓમાં લસણ અને ડુંગળીનો ઉપયોગ કરવાનું જાણી જોઈને ટાળે છે, જે સંસ્થાના આહાર સિદ્ધાંતોમાં રહેલ પ્રથા છે.

વિદ્યાર્થીઓની હાજરીમાં હિતધારકની બેઠક દરમિયાન, બારીએ નોંધ્યું હતું કે, કેન્દ્રીય રસોડાના પ્રતિનિધિએ દાવો કરીને આ પસંદગીનો બચાવ કર્યો હતો કે લસણ અને ડુંગળી કોઈ નોંધપાત્ર પોષક લાભો આપતા નથી. જો કે, આ ખુલાસાની સ્થાનિક સ્વયંસેવકો અને હિતધારકો તરફથી આકરી ટીકા કરવામાં આવી છે.

### આર્મીમેનના પુત્રએ કમાલ કરી દીધી

# યોગેશ કથુનિયાએ ડિસ્કસ થ્રોમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો



પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતના યોગેશ કથુનિયાએ પુરૂષોના ડિસ્કસ થ્રો F56 ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતી દેશને ગૌરવ અપાવ્યું છે. હરિયાણાનો રહેવાસી ૨૭ વર્ષીય યોગેશે પોતાના પ્રથમ પ્રયાસમાં ૪૨.૨૨ મીટર દૂર ડિસ્કસ ફેંકી બીજું સ્થાન પ્રાપ્ત કર્યું. યોગેશે આ પહેલાં ૨૦૨૦ ટોક્યો પેરાલિમ્પિકમાં પણ સિલ્વર મેડલ જીત્યો હતો. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ભારતે અત્યાર સુધી આઠ મેડલ જીતી લીધા છે, જેમાંથી ચાર એથ્લેટિક્સ અને ચાર શૂટિંગમાં આવ્યા છે. યોગેશની આ ઈવેન્ટમાં બ્રાઝિલના ક્લાઉડિની બતિસ્તા ડોસ સેન્ટોસે ૪૬.૮૬ મીટરના પેરાલિમ્પિક રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. જ્યારે ગ્રીસના કોન્સ્ટાન્ટિનોસે ૪૧.૩૨ મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. યોગેશ ઈન્ડિયન આર્મી મેનનો પુત્ર છે. તેને નવ વર્ષની ઉંમરમાં ગુલિયન બૈરે સિન્ડ્રોમ થઈ ગયો હતો. તેના પિતા ચંડી મંદિર છાવણીમાં સેનામાં તૈનાત હતા. યોગેશે ચંદીગઢની ઈન્ડિયન આર્મી સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. તેની માતાએ ફિઝિયોથેરાપી શીખી અને ત્રણ વર્ષની અંદર જ ૧૨ વર્ષની ઉંમરમાં યોગેશે ફરીથી ચાલવાની તાકાત પ્રાપ્ત કરી લીધી, બાદમાં તેણે દિલ્હીની કોલેજમાં કોમર્સમાં ગ્રેજ્યુએટ કર્યું હતું. યોગેશ કથુનિયાએ ૨૦૨૦ના પેરાલિમ્પિક માટે ક્વોલિફાઈ કર્યું અને પુરૂષોની ડિસ્કસ થ્રો F56 ઈવેન્ટમાં ભાગ લીધો. તેણે ૪૪.૩૮ મીટર દૂર ડિસ્કસ ફેંકી પોતાનો પ્રથમ પેરાલિમ્પિક સિલ્વર મેડલ જીત્યો. આ સિદ્ધિ માટે તેને નવેમ્બર ૨૦૨૧માં ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે અર્જુન એવોર્ડથી સન્માનિત કર્યો હતો.

# પેરાલિમ્પિક ગેમ્સમાં IIT સ્નાતક નિતેશ કુમારે બેડમિન્ટનમાં જીતી લીધો પ્રથમ ગોલ્ડ

પેરિસ, તા. ૨



પેરાલિમ્પિક ૨૦૨૪માં ભારતના ખાતામાં બીજો ગોલ્ડ મેડલ આવી ગયો છે. બેડમિન્ટનમાં નિતેશકુમારે ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો છે. પુરૂષ સિંગલ્સના એસએલ૩ કેટેગરીમાં ૨૯ વર્ષના નિતેશે બ્રિટનના ડેનિયલ બેથેલને ૨૧-૧૪, ૧૮-૨૧, ૨૩-૨૧થી પરાજય આપ્યો. ભારતીય ખેલાડીનો આ પ્રથમ ઓલિમ્પિક મેડલ છે. જે પેરાલિમ્પિકમાં ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ શૂટિંગમાં અવનિ લેખરાએ જીત્યો હતો. રાજસ્થાનમાં જન્મેલા નિતેશકુમારે પ્રથમ ગેમ આસાનીથી જીતી લીધી હતી. બીજી ગેમમાં પણ તે આગળ ચાલી રહ્યો હતો. જો કે, પુનરાગમન કરી બેથેલે બીજી ગેમ જીતી લીધી. આ રીતે મુકાબલો ત્રીજી ગેમમાં પહોંચ્યો. બેથેલને મેચ પોઈન્ટ પણ મળ્યો. જો કે, નિતેશે તેને સફળ થવા દીધો નહીં અને ગેમ ૨૩-૨૧થી જીતી ભારતને ગોલ્ડ મેડલ અપાવી દીધો. નિતેશકુમારને આ જ વર્ષ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં બ્રોન્ઝ મેડલથી સંતોષ કરવો પડ્યો હતો. ત્યાં સેમિફાઈનલમાં નિતેશ બેથેલ સામે હારી ગયો હતો પણ હવે પેરાલિમ્પિકની ફાઈનલમાં બેથેલને હરાવી નિતેશે હિસાબ ચૂકતે કરી દીધો છે.

### ફરહાન અહેમદે કાઉન્ટી ક્રિકેટમાં ૧૦ વિકેટ ઝડપી ઈતિહાસ રચ્યો

# ૧૬ વર્ષના ફરહાને ૧૫૯ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો

**ફરહાન અહેમદ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની એક મેચમાં ૧૦ વિકેટ લેનાર વિશ્વનો સૌથી યુવા બોલર બની ગયો**

**ફરહાન પોતાના ભાઈ રેહાનના પગલે ચાલી રહ્યો છે, રેહાને ઇંગ્લેન્ડ માટે ૨૦૨૨માં પોતાનું ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું**



લંડન, તા. ૨

ઈંગ્લેન્ડ માટે કાઉન્ટી ક્રિકેટમાં ૧૬ વર્ષના ઓફ સ્પિનર ફરહાન અહેમદે ઈતિહાસ રચી દીધો છે. ફરહાને નોટિંઘમશાયર માટે સરે વિરુદ્ધ બંને ઈનિંગોમાં મળી કુલ ૧૦ વિકેટ ઝડપી. આ સાથે જ ફરહાન ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની એક મેચમાં ૧૦ વિકેટ લેનાર વિશ્વનો સૌથી યુવા બોલર બની ગયો છે. જો કે, તેના દમદાર પ્રદર્શન છતાં નોટિંઘમશાયર અને સરે વચ્ચેની મેચ ડ્રો થઈ. ફરહાને ફર્સ્ટ ક્લાસ ક્રિકેટની એક મેચમાં ૧૦ વિકેટ ઝડપી ૧૫૯ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાંખ્યો અને તે આવું કરનાર વિશ્વનો સૌથી યંગ બોલર બની ગયો છે. આ મામલામાં તેણે WG ગ્રેસનો રેકોર્ડ તોડ્યો. જેમણે ૧૮૬૫માં આ સિદ્ધિ મેળવી હતી. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ગ્રેસે ૧૬ વર્ષ ૩૪૦ દિવસની ઉંમરમાં મેચમાં ૧૦ વિકેટ ઝડપી વિશ્વ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. જ્યારે ફરહાને આ સિદ્ધિ ૧૬ વર્ષ ૧૯૧ દિવસની ઉંમરમાં મેળવી છે. ફરહાનનો જન્મ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૦૮ના રોજ થયો હતો. ફરહાને સૌથી નાની ઉંમરમાં ફાઈવ વિકેટ હોલ લેવાનો પણ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. સરે વિરુદ્ધ આ મેચમાં ફરહાને પ્રથમ ઈનિંગમાં સાત વિકેટ પોતાના નામે ઝડપી જ્યારે બીજી ઈનિંગમાં તેના ખાતામાં ત્રણ

**પાકિસ્તાની મૂળના ફરહાનના પિતા નઈમ અહેમદે ટેક્સી ચલાવીને ત્રણેય પુત્રોને ક્રિકેટર બનાવ્યા**

વિકેટ આવી. ફરહાન અહેમદ પોતાના ભાઈ રેહાન અહેમદના પગલે ચાલી રહ્યો છે. ફરહાનનો ભાઈ રેહાન ઈંગ્લેન્ડ માટે વર્ષ ૨૦૨૨માં પ્રથમ ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. રેહાન પણ સ્પિન બોલિંગ કરે છે તેવી જ રીતે ફરહાન પણ સ્પિનર છે. ફરહાન અહેમદને ફક્ત ૧૫ વર્ષની ઉંમરમાં ઈંગ્લેન્ડ માટે અન્ડર-૧૯ વિશ્વકપમાં રમવાની તક મળી ગઈ હતી. ત્યારબાદ તેને નોટિંઘમશાયર માટે રમવાની તક મળી છે. ફરહાનના પિતા મર્હૂમ અહેમદ પાકિસ્તાની મૂળના છે. પાકિસ્તાનથી ઈંગ્લેન્ડ આવ્યા બાદ તેના પિતાએ ટેક્સી ડ્રાઈવરનું કામ કર્યું અને ત્રણેય પુત્રોને ક્રિકેટર બનાવ્યા છે. ફરહાન અને રેહાન બંને સ્પિન બોલિંગ કરે છે. જ્યારે તેમનો એક ભાઈ રહીમ ઝડપી બોલર છે. ફરહાનના ભાઈ રેહાને પાકિસ્તાન વિરુદ્ધ કરાચી ટેસ્ટ ૨૦૨૨માં ઈંગ્લેન્ડ માટે ડેબ્યુ કર્યું હતું. તે સમયે તેની ઉંમર ૧૮ વર્ષ ૧૨૬ દિવસ હતી અને તે ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ ડેબ્યુ કરનાર સૌથી યુવા ખેલાડી બન્યો હતો. રેહાન અહેમદ ઈંગ્લેન્ડ માટે ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ મળીને કુલ ૧૦ ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે. આ દરમ્યાન તેણે ટેસ્ટમાં ૧૮, વન-ડેમાં ૧૦ અને ટી-૨૦માં ૯ વિકેટ ઝડપી છે.


**કબજાની સૂચના**
**(સ્થાવર મિલકત માટે)**
**પરિશિષ્ટ ૪ (જુઓ નિયમ ૮ (૧))**

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરેલ) નિયમો, ૨૦૦૨ એ **તા. ૨૪/૦૧/૨૦૨૦**ના રોજ માગણી નોટિસ જારી કરીને દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટર્સ **(૧) શ્રી શ્રી કલેકશન એન્ડ ગિફ્ટ (૨) કાકડિયા કિશોરભાઈ વલ્લભભાઈ (૩) કાકડિયા ગીતાબેન કિશોરભાઈ (૪) કાકડિયા ભૂપત વલ્લભભાઈ (૫) કાકડિયા ભાવનાબેન ભૂપતભાઈ (૬) પટેલ શિરીષભાઈ બાલુભાઈ રૂા.૬,૪૪,૦૪,૮૯૮.૧૦/- (રૂપિયા છ કરોડ ચુમ્માલીસ લાખ ચાર હજાર આઠસો અઠ્ઠાણુ અને દસ પૈસા માત્ર)** તા.૧૪/૦૧/૨૦૨૦ મુજબ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદરને લગતી ચૂકવણી કરવી.

દેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ જવા પર, દેણદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ ઉપરોક્ત કલમના નિયમ ૮ની સાથે વંચાયેલ ઉપરોક્ત અધ્યાદેશની કલમ ૧૩(૪) હેઠળ પ્રાપ્ત અધિકાર હેઠળ સરફેસી કેસ નં. એમએજી/સરફેસી/કેસ નં.૧૨૮૯/૨૨/૨૦૨૩માં માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સ્થિત સુરતના ઓર્ડર તા. ૦૩/૦૨/૨૦૨૩ના કલમ ૧૪ હેઠળ અનુપાલનમાં વર્ષ ૨૦૨૪ ઓગસ્ટની ૨૯મી તારીખે અત્રે દર્શાવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.

ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે પ્રોપર્ટી સાથે કોઈ લેવડ-દેવડ ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના રૂા.૬,૪૪,૦૪,૮૯૮.૧૦/- (રૂપિયા છ કરોડ ચુમ્માલીસ લાખ ચાર હજાર આઠસો અઠ્ઠાણુ અને દસ પૈસા માત્ર)** અને માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતના સરફેસી કેસ નં.એમએજી/સરફેસી/કેસ નં.૧૨૮૯/૨૨/૨૦૨૩ કલમ ૧૪ હેઠળના ઓર્ડર તા. **૦૩.૦૨.૨૦૨૩**ના રોજ તેના પરનું વ્યાજ ચાર્જને આધીન રહેશે.

અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈઓ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે. સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે સમય ઉપલબ્ધ છે.

**સ્થાવર મિલકત-૧નું વર્ણન :**
**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૧)**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતું **ફ્લેટ નં.૧૦૦૪ ૧૦મા માળે, ક્ષેત્રફળ ૧૮૩૫ ચો.ફૂટ સુપરબિલ્ટઅપ એરિયા અને ૧૦૮૧ ચો.ફૂટ એટલે કે ૧૦૦.૪૬ ચો.મી. બિલ્ટઅપ એરિયા, બિનવહેંચાયેલ હિસ્સા સાથે "શિવાલીક હાઈટ્સ પાર્કિંગમાં", બિલ્ડિંગ નં.બી, સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૨૨ બ્લોક નં.૬૯, ટી.પી. સ્કીમ નં. ૭૩, ફાઈનલ પ્લોટ નં.૪૪ ક્ષેત્રફળ ૮૩૩૫ ચો.મીટર્સ મોજે ઉતરાન, સુરત** શહેરના જેની ખૂંટ નીચે મુજબ છે.

પૂર્વ: લાગુ શોપિંગ
પશ્ચિમ: લાગુ રોડ અને સી.ઓ.પી. જગ્યા
ઉત્તર: બિલ્ડિંગ-એ.
દક્ષિણ: ૭.૧૪ મીટર રોડ અને બ્લોક નં.૭૦, એફ.પી.નં.૪૫

**તા. : ૨૯/૦૮/૨૦૨૪** **વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**
**સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી**



**કબજાની સૂચના**
**(સ્થાવર મિલકત માટે)**
**પરિશિષ્ટ ૪ (જુઓ નિયમ ૮ (૧))**

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરેલ) નિયમો, ૨૦૦૨ એ **તા. ૨૪/૦૧/૨૦૨૦**ના રોજ માગણી નોટિસ જારી કરીને દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટર્સ **(૧) શ્રી શ્રી કલેક્શન એન્ડ ગિફ્ટ (૨) કાકડિયા કિશોરભાઈ વલ્લભભાઈ, (૩) કાકડિયા ગીતાબેન કિશોરભાઈ (૪) કાકડિયા ભૂપતભાઈ વલ્લભભાઈ, (૫) કાકડિયા ભાવનાબેન ભૂપતભાઈ, (૬) પટેલ શિરીશભાઈ બાબુભાઈ** નોટિસમાં ઉલ્લેખિત **રૂા.૬,૪૪,૦૪,૮૯૮.૧૦/- (રૂપિયા છ કરોડ ચુમ્માલીસ લાખ ચાર હજાર આઠસો અઠ્ઠાણું અને દસ પૈસા માત્ર)** તા.૧૪.૦૧.૨૦૨૦ મુજબ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદરને લગતી ચૂકવણી કરવી.

દેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ જવા પર, દેણદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ ઉપરોક્ત કલમના નિયમ ૮ની સાથે વંચાયેલ ઉપરોક્ત અધ્યાદેશની કલમ ૧૩(૪) હેઠળ પ્રાપ્ત અધિકાર હેઠળ સરફેસી કેસ નં. એમએજી/સરફેસી/કેસ નં.૧૩૬૧/૨૨/૨૦૨૩માં માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સ્થિત સુરતના ઓર્ડર તા. ૦૩/૦૨/૨૦૨૩ના અનુપાલનમાં વર્ષ ૨૦૨૪ ઓગસ્ટની ૨૮મી તારીખે અત્રે દર્શાવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.

ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જનતાને આથી સાવધાન કરવામાં આવે છે કે પ્રોપર્ટી સાથે કોઈ લેવડ-દેવડ ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના રૂા.૬,૪૪,૦૪,૮૯૮.૧૦/- (રૂપિયા છ કરોડ ચુમ્માલીસ લાખ ચાર હજાર આઠસો અઠ્ઠાણું અને દસ પૈસા માત્ર)** અને માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતના સરફેસી કેસ નં.એમએજી/સરફેસી/કેસ નં.૧૩૬૧/૨૨/૨૦૨૩ ઓર્ડર તા.૩-૨-૨૦૨૩ કલમ ૧૪ હેઠળના ઓર્ડર તા. **૦૩.૦૨.૨૦૨૩**ના રોજ તેના પરનું વ્યાજ ચાર્જને આધીન રહેશે.

અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈઓ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે. સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે સમય ઉપલબ્ધ છે.

**સ્થાવર મિલકત-૧નું વર્ણન :**
**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૧)**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા દુકાન નં.એલ-૨૦, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૩૪૮ ચો.ફૂટ એટલે કે ૩૨.૩૩ ચો.મી. સાથે ૧. ચો.મી., બિનવહેંચાયેલ હિસ્સાની જમીન 'સારથી કોમ્પ્લેક્ષ-પોડિયમ બિલ્ડિંગની સારથી કો.ઓ.હા.સો.લિ.' સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૩૮+૩૯+૪૦ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૭(ફુલપાડા) ઓ.પી. નં.૪૭, ફાઈનલ પ્લોટ નં.૯૬/બી ક્ષેત્રફળ ૬૦૪૦ ચો.મી. ફુલપાડા, વરાછા રોડ સિટી સુરત. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : એન.એ.
પશ્ચિમ : એન.એ.
ઉત્તર : એન.એ.
દક્ષિણ : એન.એ.

**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૨)**

દુકાન નં.એલ-૨૩, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૩૮૫ ચો.ફૂટ એટલે કે ૩૫.૭૭ ચો.મી. બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે 'સારથી કોમ્પ્લેક્ષ-પોડિયમ બિલ્ડિંગની સારથી કો.ઓ.હા.સો.લિ.' સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૩૮+૩૯+૪૦ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૭(ફુલપાડા) ઓ.પી. નં.૪૭, ફાઈનલ પ્લોટ નં.૯૬/બી ક્ષેત્રફળ ૬૦૪૦ ચો.મી. ફુલપાડા, વરાછા રોડ સિટી સુરત. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : એન.એ.
પશ્ચિમ : એન.એ.
ઉત્તર : એન.એ.
દક્ષિણ : એન.એ.

**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૩)**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા દુકાન નં.એલ-૨૪, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૩૮૫ ચો.ફૂટ એટલે કે ૩૫.૭૭ ચો.મી., બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે 'સારથી કોમ્પ્લેક્ષ-પોડિયમ બિલ્ડિંગની સારથી કો.ઓ.હા.સો.લિ.' સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૩૮+૩૯+૪૦ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૭(ફુલપાડા) ઓ.પી. નં.૪૭, ફાઈનલ પ્લોટ નં.૯૬/બી ક્ષેત્રફળ ૬૦૪૦ ચો.મી. ફુલપાડા, વરાછા રોડ સિટી સુરત. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : એન.એ.
પશ્ચિમ : એન.એ.
ઉત્તર : એન.એ.
દક્ષિણ : એન.એ.

**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૪)**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા દુકાન નં.એલ-૨૫/એ, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૨૭૬૮ ચો.ફૂટ બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે 'સારથી કોમ્પ્લેક્ષ-પોડિયમ બિલ્ડિંગની સારથી કો.ઓ.હા.સો.લિ.' સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૩૮+૩૯+૪૦ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૭(ફુલપાડા) ઓ.પી. નં.૪૭, ફાઈનલ પ્લોટ નં.૯૬/બી ક્ષેત્રફળ ૬૦૪૦ ચો.મી. ફુલપાડા, વરાછા રોડ સિટી સુરત. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : પાર્કિંગ/ ટુરાવા રોડ
પશ્ચિમ : રસ્તો/નિસરણી/દુકાન નં.એલ/૨૩ અને ૨૪
ઉત્તર : દુકાન નં.એલ/૨૨, ૨૩, ૨૪, ૨૫-બી
દક્ષિણ : સારથી કોમ્પ્લેક્ષ ડોક્ટર હાઉસ પાર્કિંગ

**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૫)**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા દુકાન નં.એલ-૨૫/બી, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર ક્ષેત્રફળ ૩૧૭૮ ચો.ફૂટ એટલે કે ૨૯૫.૨૩ ચો.મી. બિલ્ટ અપ એરિયા ૨૪૬.૦૩ ચો.મી. કાર્પેટ એરિયા બિનવહેંચાયેલ હિસ્સાની જમીન સાથે 'સારથી કોમ્પ્લેક્ષ-પોડિયમ બિલ્ડિંગની સારથી કો.ઓ.હા.સો.લિ.' સ્થિત અત્રે રેવન્યુ સર્વે નં.૩૮+૩૯+૪૦ પૈકી ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૧૭(ફુલપાડા) ઓ.પી. નં.૪૭, ફાઈનલ પ્લોટ નં.૯૬/બી ક્ષેત્રફળ ૬૦૪૦ ચો.મી. ફુલપાડા, વરાછા રોડ સિટી સુરત. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : પાર્કિંગ/ટુરાવા રોડ
પશ્ચિમ : દુકાન નં.એલ/૧૯, ૨૦, ૨૧ અને ૨૨
ઉત્તર : દુકાન નં.એલ/૨૫-બી પૈકી જગ્યા
દક્ષિણ : દુકાન નં.એલ/૨૫-એ

**તા. : ૩૧/૦૮/૨૦૨૪** **વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**
**સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી**



**કબજાની સૂચના**
**(સ્થાવર મિલકત માટે)**
**પરિશિષ્ટ ૪ (જુઓ નિયમ ૮ (૧))**

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરેલ) નિયમો, ૨૦૦૨ એ **તા. ૦૬/૦૪/૨૦૨૧**ના રોજ માગણી નોટિસ જારી કરીને દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટર્સ **(૧) જીવન જ્યોત મોટર્સ પ્રા.લિ. (૨) સ્વ.શ્રી નરેશભાઈ જીવનલાલ ઈંટવાલા (સ્વર્ગસ્થ) તેના કાયદાકીય વારસદાર શ્રી તનિષ્ક નરેશભાઈ ઈંટવાલા દ્વારા (સ્વ.શ્રી નરેશભાઈ જીવનલાલ ઈંટવાલાના પુત્ર) અને જયશ્રીબેન નરેશચંદ્ર ઈંટવાલા (સ્વ.શ્રી નરેશભાઈ જીવનલાલ ઈંટવાલાની પત્ની), (૩) જયશ્રીબેન નરેશચંદ્ર ઈંટવાલા (૪) ગંગા ઓટોમોબાઈલ્સ અને (૫) હેમંત દિલીપસિંહ સોલંકી** નોટિસમાં ઉલ્લેખિત **રૂા.૧૭,૫૦,૦૯,૬૩૬.૩૫/- (રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ નવ હજાર છસ્સો છત્રીસ અને પાંત્રીસ પૈસા માત્ર)** તા.૦૫/૦૪/૨૦૨૧ મુજબ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદરને લગતી ચૂકવણી કરવી.

દેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ જવા પર, દેણદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ ઉપરોક્ત કલમના નિયમ ૮ની સાથે વંચાયેલ ઉપરોક્ત અધ્યાદેશની કલમ ૧૩(૪) હેઠળ પ્રાપ્ત અધિકાર હેઠળ સરફેસી કેસ નં. એમએજી/સરફેસી/કેસ નં.૧૨૮૯/૨૨/૨૦૨૩માં માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સ્થિત સુરતના ઓર્ડર તા. ૦૩/૦૨/૨૦૨૩ના કલમ ૧૪ હેઠળ અનુપાલનમાં વર્ષ ૨૦૨૪ ઓગસ્ટની ૨૯મી તારીખે અત્રે દર્શાવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.

ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે પ્રોપર્ટી સાથે કોઈ લેવડ-દેવડ ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના રૂા.૧૭,૫૦,૦૯,૬૩૬.૩૫/- (રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ નવ હજાર છસ્સો છત્રીસ અને પાંત્રીસ પૈસા માત્ર)** અને માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતના સરફેસી કેસ નં.એમએજી/સરફેસી/કેસ નં.૧૨૯૯/૨૨/૨૦૨૩ કલમ ૧૪ હેઠળના ઓર્ડર તા. **૦૩.૦૨.૨૦૨૩**ના રોજ તેના પરનું વ્યાજ ચાર્જને આધીન રહેશે.

અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈઓ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે. સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે સમય ઉપલબ્ધ છે.

**સ્થાવર મિલકત-૧નું વર્ણન :**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ તે તમામ હક્ક, ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા લોઅર ગ્રાઉન્ડ ફ્લોર અને અપર ગ્રાઉન્ડ ફ્લોર ઘર નં.A ના ક્ષેત્રફળ લગભગ ૨૪૨૩.૦૦ ચો.ફૂટ બરાબર ૨૨૫.૧૯ ચો.મી., અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ લગભગભ ૧૭૦૦.૦૦ ચો.ફૂટ, બરાબર ૧૪૬.૩૭ ચો.મી. અને સુપર બિલ્ટ અપ એરિયા ક્ષેત્રફળ લગભગ ૨૬૧૫.૦૦ ચોફૂટ, બરાબર ૨૪૩.૦૬ ચો.મી. અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ લગભગભ ૧૫૭૫.૦૦ ૬૧.૩૮ (૨૩.૦૭+૩૮.૦૧ ક્રમશઃ અને સાથે પણ કુલ બિનવહેંચાયેલ યોગ્ય હિસ્સો નીચેની જમીનનું ક્ષેત્રફળ આશરે) ચો.મી. બિલ્ડિંગ નામે ટવેન્ટી ફર્સ્ટ સેન્ચ્યુરી બિઝનેસ સેન્ટર, જમીન પર બંધાયેલ સિટી સર્વે નોંધ નં.૩ પૈકી ભાગ ૧, ૨, ૧૩ અને ૧૪ વોર્ડ નં.૨ના અત્રે રૂસ્તમપુરા રીંગ રોડ, ઉધના દરવાજા પાસે, સુરત-૩૯૫૦૦૨. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : એન.એ.
પશ્ચિમ : એન.એ.
ઉત્તર : એન.એ.
દક્ષિણ : એન.એ.

**તા. : ૩૧/૦૮/૨૦૨૪** **વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**
**સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી**



**કબજાની સૂચના**
**(સ્થાવર મિલકત માટે)**
**પરિશિષ્ટ ૪ (જુઓ નિયમ ૮ (૧))**

જ્યારે, સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)ના નિયમ ૩ સાથે વાંચવામાં આવેલી કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલી સત્તાના ઉપયોગ હેઠળ **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**ના અધિકૃત અધિકારી તરીકે નીચે સહી કરેલ) નિયમો, ૨૦૦૨ એ **તા. ૦૬/૦૪/૨૦૨૧**ના રોજ માગણી નોટિસ જારી કરીને દેણદાર અને સહ-દેણદારો/ગેરેન્ટર્સ **(૧) જીવન જ્યોત મોટર્સ પ્રા.લિ. (૨) સ્વ.શ્રી નરેશભાઈ જીવનલાલ ઈંટવાલા (સ્વર્ગસ્થ) તેના કાયદાકીય વારસદાર શ્રી તનિષ્ક નરેશભાઈ ઈંટવાલા દ્વારા (સ્વ.શ્રી નરેશભાઈ જીવનલાલ ઈંટવાલાના પુત્ર) અને જયશ્રીબેન નરેશચંદ્ર ઈંટવાલા (સ્વ.શ્રી નરેશભાઈ જીવનલાલ ઈંટવાલાની પત્ની), (૩) જયશ્રીબેન નરેશચંદ્ર ઈંટવાલા (૪) ગંગા ઓટોમોબાઈલ્સ અને (૫) હેમંત દિલીપસિંહ સોલંકી** નોટિસમાં ઉલ્લેખિત **રૂા.૧૭,૫૦,૦૯,૬૩૬.૩૫/- (રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ નવ હજાર છસ્સો છત્રીસ અને પાંત્રીસ પૈસા માત્ર)** તા.૦૫/૦૪/૨૦૨૧ મુજબ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદરને લગતી ચૂકવણી કરવી.

દેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ જવા પર, દેણદાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે હસ્તાક્ષરકર્તાએ ઉપરોક્ત કલમના નિયમ ૮ની સાથે વંચાયેલ ઉપરોક્ત અધ્યાદેશની કલમ ૧૩(૪) હેઠળ પ્રાપ્ત અધિકાર હેઠળ સરફેસી કેસ નં. એમએજી/સરફેસી/કેસ નં.૧૨૮૯/૨૨/૨૦૨૩માં માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સ્થિત સુરતના ઓર્ડર તા. ૦૩/૦૨/૨૦૨૩ના કલમ ૧૪ હેઠળ અનુપાલનમાં વર્ષ ૨૦૨૪ ઓગસ્ટની ૨૮મી તારીખે અત્રે દર્શાવેલ મિલકતનો ભૌતિક કબજો લીધો છે.

ખાસ કરીને દેણદારને અને સામાન્ય રીતે જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે પ્રોપર્ટી સાથે કોઈ લેવડ-દેવડ ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર **સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના રૂા.૧૭,૫૦,૦૯,૬૩૬.૩૫/- - (રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ નવ હજાર છસ્સો છત્રીસ અને પાંત્રીસ પૈસા માત્ર)** અને માનનીય જિલ્લા મેજિસ્ટ્રેટ સુરતના સરફેસી કેસ નં.એમએજી/સરફેસી/કેસ નં.૧૨૮૯/૨૨/૨૦૨૩ કલમ ૧૪ હેઠળના ઓર્ડર તા. **૦૩.૦૨.૨૦૨૩**ના રોજ તેના પરનું વ્યાજ ચાર્જને આધીન રહેશે.

અધિનિયમની કલમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈઓ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે. સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે સમય ઉપલબ્ધ છે.

**સ્થાવર મિલકત-૧નું વર્ણન :**
**શિડ્યુલ**
**(મોર્ગેજ સ્થાવર મિલકત-૧)**

તે તમામ ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ તે તમામ હક્ક, ટાઈટલ અને હિત મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા દુકાન નં.એલ/૧/એ-બી, (૨૨૦૦ ચોફૂટ), સારથી કોમ્પ્લેક્ષ-પોડિયમ બિલ્ડિંગ સારથી કો.ઓ.હા.સો.લિ. દ્વારા બંધાયેલ' જમીન ધરાવતા સર્વે નં.૩૮+૩૯+૪૦ ફુલપાડા, ટુરાવા કમ્પાઉન્ડ, હીરાબાગ, વરાછા રોડ, ટીપી નં.૧૭, ૩૮, ૩૯, ૪૦ પૈકી એફપી નં.૯૬/બી મોજેઃ ફુલપાડા, તા. પુણા, સિટી સુરત, સુરત-૩૯૫૦૦૬. જેની નીચે મુજબ ખૂંટ
પૂર્વ : એન.એ.
પશ્ચિમ : એન.એ.
ઉત્તર : એન.એ.
દક્ષિણ : એન.એ.

**તા. : ૩૧/૦૮/૨૦૨૪** **વતી, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક**
**સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી**

# મુસ્લિમો પર સતત હુમલા વચ્ચે સરકારી તંત્ર મૂકદર્શક બની ગયું છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૨

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ હરિયાણા અને મહારાષ્ટ્રમાં મોબ લિંચિંગની ઘટનાઓને મામલે ભાજપ સરકાર પર નિશાન સાધ્યું છે. રાહુલે કહ્યું કે, બદમાશોને ભાજપ સરકાર તરફથી ખૂલી છૂટ મળી છે, તેથી જ તેમનામાં આટલી હિંમત છે. લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમો પર સતત હુમલાઓ ચાલુ છે અને સરકારી તંત્ર મૂક પ્રેક્ષક બનીને તમાસો જોઈ રહ્યું છે. રાહુલે વધુમાં કહ્યું કે ભાજપ ગમે તેટલા પ્રયાસ કરે, અમે નફરત સામે ભારતને એક કરવાની લડાઈ જીતીશું. રાહુલનું કહેવું છે કે ભાજપ પાર્ટી નફરતનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરીને સત્તાની સીડી પર ચઢી રહી છે અને દેશમાં ભયનું વાતાવરણ ઊભું કરી રહી છે. ગુનેગારો ખુલ્લેઆમ ટોળાના રૂપમાં હિંસા ફેલાવી રહ્યા છે અને તેઓને ભાજપ સરકારથી ખૂલી છૂટ છે. આવા ગુનેગારો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. મહારાષ્ટ્રમાં ચાલુ ટ્રેનમાં એક વૃદ્ધ પર હુમલાની ઘટના સામે આવી છે. સાથી મુસાફરોએ વૃદ્ધને થપ્પડ મારી હતી અને દુર્વ્યવહાર કર્યો, તેના પર ગૌમાંસ લઈ જવાનો આરોપ લગાવ્યો હતો. આ દરમિયાન ટ્રેનમાં બેઠેલા બાકીના લોકો ચૂપચાપ આ તમાસો જોઈ રહ્યા હતા. આ ઘટના થોડા દિવસો પહેલાં ઈગતપુરી પાસે ધુલે એક્સપ્રેસમાં બની હતી. તેનો વીડિયો સામે આવ્યા બાદ, થાણે જીઆરપીએ પાંચથી વધુ મુસાફરો વિરૂદ્ધ એફઆઈઆર નોંધી છે. AIMIM સાંસદ ઈમ્તિયાઝ જમીલે વીડિયો શેર કરતા સરકાર અને પોલીસની નિંદા કરી હતી. હરિયાણાના ચરખી



દાદરીમાં ગૌમાંસ ખાવાની શંકામાં એક યુવકને માર મારવામાં આવ્યો હતો. ઘટના ૨૭મી ઓગસ્ટની છે. તેનો વીડિયો શનિવારે (૩૧ ઓગસ્ટ) સામે આવ્યો હતો. વીડિયોમાં કેટલાક લોકો યુવકને લાકડીઓ વડે માર મારી રહ્યા છે. પોલીસે આ કેસમાં ૨૯ ઓગસ્ટે ૭ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમાંથી બે સગીર છે. સગીરોને જુવેનાઈલ હોમમાં મોકલી દેવામાં આવ્યા છે. સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું હતું કે આ ઘટના દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે એમ પણ કહ્યું કે લોકોમાં ગાય માતા પ્રત્યે આદર છે. આવી સ્થિતિમાં લોકોની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચે તેવી પ્રવૃત્તિઓમાં લોકોએ સામેલ ન થવું જોઈએ.

# પ.બંગાળ વિરોધી પ્રોપેગેન્ડા ચલાવનારી ત્રણ ટીવી ચેનલોનો તૃણમૂલ કોંગ્રેસે કર્યો બહિષ્કાર

(એજન્સી) તા.૨

પશ્ચિમ બંગાળમાં સત્તામાં રહેલી મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે સોમવારે બંગાળ વિરોધી એજન્ડા ચલાવવા માટે ત્રણ ન્યૂઝ ચેનલોનો બહિષ્કાર કરવાનું એલાન કર્યું હતું. ટીએમસીએ આ ન્યૂઝ ચેનલો પર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા તાલીમાર્થી ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાના વિરોધ વચ્ચે બંગાળ વિરોધી એજન્ડા ચલાવવાનો આરોપ લગાવ્યો છે. TMCએ સોમવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે તેઓ તેમના પક્ષના પ્રવક્તાને બંગાળ વિરોધી એજન્ડા ચલાવતી ત્રણ ચેનલોને ચર્ચા માટે મોકલશે નહીં. પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે ચેનલોને 'દિલ્હીના માલિકોને ખુશ કરવા દબાણ કરવામાં આવે છે કારણ કે તેમના પ્રમોટર્સ, કંપનીઓ તપાસ અને અમલીકરણ કેસોનો સામનો કરી રહી છે.' જેમાં ચર્ચા દરમિયાન આ ચેનલો પર પક્ષના સમર્થક કે સહાનુભૂતિ દર્શાવનારા લોકોને ગેરમાર્ગે ન દોરવા અપીલ પણ



કરવામાં આવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ લોકો પક્ષ દ્વારા અધિકૃત નથી અને તેઓ પક્ષના સત્તાવાર પદનું પ્રતિનિધિત્વ કરતા નથી. બંગાળના લોકોએ આ અપવિત્ર વિરોધી જોડાણને સતત નકારી કાઢ્યું છે અને હંમેશા પ્રચાર કરતાં સત્યને પસંદ કર્યું છે. તે જ સમયે આ મામલે મમતા બેનરજી અને ભારતીય જનતા પાર્ટી આમને-સામને છે. ભાજપે મુખ્ય પ્રધાનના રાજીનામાની માગણી કરી, કહ્યું કે તેઓ મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહ્યા છે, જેના કારણે પશ્ચિમ બંગાળ દેશનું સૌથી અસુરક્ષિત રાજ્ય છે. આ સિવાય ટીએમસીએ ભાજપના આરોપોને ફગાવી દીધા છે અને તેમના પર લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી મમતા બેનરજી સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. ઉપરાંત, ટીએમસીએ ભાજપના બંગાળ બંધ સામે ત્રણ દિવસના વિરોધની જાહેરાત કરી હતી અને બંગાળ વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવ્યું હતું અને આરોપીઓને મૃત્યુદંડની સજા અને હાલના કાયદાઓમાં સુધારાની જાહેરાત કરી હતી. તમને જણાવી દઈએ કે ૯ ઓગસ્ટના રોજ કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બીજા વર્ષની પીજી મેડિકલની વિદ્યાર્થિની સાથે બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. પોલીસ આ કેસમાં આરોપી સંજય રોય અને કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની સતત પૂછપરછ કરી રહી છે.

# અમે ૪૦ બેઠકો મુસ્લિમ ઉમેદવારોને ફાળવીશું : પ્રશાંત કિશોર

**ન્યુઝ GT પોઈન્ટ** મુસ્લિમ મત તોડનાર એક રાજકીય પક્ષથી સંતોષ ન થયો એટલે આ બીજા ઊભા થયા ! યુપીના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીએ કહ્યું છે કે બટોગે તો કટોગે.

(એજન્સી) તા.૨

બિહારની રાજનીતિમાં હાથ અજમાવવા માટે ઉતરેલા ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે પોતાની પાર્ટીમાં મુસ્લિમોની ભાગીદારી અંગે મોટી જાહેરાત કરી છે. પ્રશાંત કિશોરે મંચ પરથી જાહેરાત કરી છે કે તેમની પાર્ટી આગામી વર્ષની બિહાર વિધાનસભા ચૂંટણીમાં ઓછામાં ઓછા ૪૦ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપશે. તેમણે એ પણ જણાવ્યું છે કે તેમની પાર્ટીની કોર ટીમમાં કેટલા મુસ્લિમોને સ્થાન મળશે. વાસ્તવમાં જન સૂરજે રવિવારે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેનો વિષય હતો 'રાજકારણમાં મુસ્લિમોની ભાગીદારી'. આ કાર્યક્રમમાં પ્રશાંત કિશોરે પણ ભાગ લીધો હતો. પીકેએ આ દરમિયાન કહ્યું કે ભાજપને હરાવવા માટે ગાંધીજીની વિચારધારાને અપનાવવી પડશે. આ દરમિયાન પ્રશાંત કિશોરે કહ્યું કે જન સૂરજનું નેતૃત્વ કરવા માટે ૨૫ લોકોની ટીમ બનાવવામાં આવશે, જેમાં ૪-૫ લોકો મુસ્લિમ સમુદાયના હશે. શું કેસી ત્યાગીની સ્પષ્ટવક્તા તેમના રાજીનામાનું કારણ બની હતી ? શંખ અવાજ જુઓ પટનાના બાપુ સભાગર ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં




મુસ્લિમ સમાજના લોકોએ ભાગ લીધો હતો. જન સૂરજના નેતા પ્રશાંત કિશોરે સભાને સંબોધતા જણાવ્યું હતું કે, 'આજની રાજકીય અને સામાજિક પરિસ્થિતિને જોતા એમ કહી શકાય કે ગાંધી, આંબેડકર, લોહિયા અને જેપીની વિચારધારાને પુનર્જીવિત કરવાનો સમય આવી ગયો છે.' પીકેએ કહ્યું, 'મેં ૨૦૧૪માં નરેન્દ્ર મોદીની જીતમાં ફાળો આપ્યો હતો, પરંતુ તે પછી ૨૦૧૫થી ૨૦૨૧ સુધી મેં હંમેશા ભાજપ વિરૂદ્ધ લડી રહેલા પક્ષો અને નેતાઓની જીતમાં ફાળો આપ્યો. તમારે જાણવું જોઈએ કે ભાજપ માત્ર ૩૭ ટકા મતો સાથે દિલ્હીમાં ત્રણ વખત સરકાર બનાવવામાં સફળ રહી છે, જ્યારે દેશની વસ્તી ૮૦ ટકા હિંદુઓની છે. મતલબ કે ૪૦ ટકા હિંદુઓએ ભાજપ વિરૂદ્ધ વોટ આપ્યા છે. વિચારધારા વિશે વાત કરતાં પ્રશાંત કિશોરે વધુમાં કહ્યું કે, '૪૦ ટકા હિંદુઓએ નફરતની રાજનીતિની વિચારધારા વિરૂદ્ધ મતદાન કર્યું છે. એટલા માટે જો તમે તમારા બાળકો સાથે ન્યાય કરવા માંગતા હોવ તો હવે સમય આવી ગયો છે કે તમે ગાંધી અને સમાજવાદની વિચારધારા સાથે જોડાઓ અને ભાજપને હરાવવામાં મદદરૂપ બનો.

# મિયાં બિહુ સિંગરની ધરપકડ : હિમંતા સરમાએ ઝેર ઓક્યું- "બિહુ ગીતોને બદલવાના પ્રયાસો સાંખી નહીં લઈએ"

(એજન્સી) તા.૨

આસામના મુખ્યમંત્રી હિમંતા વિશ્વ સરમાએ કહ્યું કે 'મિયા બિહુ'ને લોકપ્રિય બનાવવાનો પ્રયાસ કરવા બદલ એક ગાયકની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે કોઈપણ આસામી વ્યક્તિ તેમના પરંપરાગત બિહુ ગીતોને 'ખૂબ અલગ' બનાવવાના કોઈપણ પ્રયાસને સહન કરશે નહીં. સરમાએ શનિવારે મોડી રાત્રે ફેસબુક પર એક પોસ્ટમાં કહ્યું, "કેટલાક લોકો 'મિયા બિહુ'ને લોકપ્રિય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવા જ એક ગાયક અલ્તાફ હુસૈનની પોલીસે ધરપકડ કરી છે." રવિવારે મુખ્યમંત્રી કાર્યાલય (સીએમઓ) દ્વારા શેર કરવામાં




આવેલી ૨.૨૭-મિનિટની વિડિઓ ક્લિપમાં, સરમાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી આસામી સમાજ ટકી રહેશે ત્યાં સુધી તે ગૌરવ સાથે કરશે. તેમણે કહ્યું, "અમે અમારી સામાજિક વ્યવસ્થા પર કોઈપણ હુમલાને સહન નહીં કરીએ અને અમારા પર હુમલો કરવાના આવા પ્રયાસો ન થવા જોઈએ." મુખ્યમંત્રીએ કહ્યું કે કોઈપણ આસામી વ્યક્તિ સંસ્કૃતિ, વારસો, ખોરાક, ગીતો, નૃત્ય સ્વરૂપોને 'ખૂબ જ અલગ રીતે' રજૂ કરવાના કોઈપણ પ્રયાસને સ્વીકારશે નહીં. તેણે કહ્યું, 'જો અમારા ગૌરવ બિહુ ગીતોને બદલીને 'મિયા બિહુ' કરવામાં આવે તો કયો આસામી તેને સ્વીકારશે ?' 'મિયા' એ વાંધાજનક શબ્દ છે જે મૂળ આસામમાં બંગાળી-ભાષી મુસ્લિમો માટે વપરાય છે અને બિન-બંગાળી-ભાષી લોકો સામાન્ય રીતે તેમને બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ માને છે.

# ભાજપના લઘુમતી મોરચા વકફ બિલ અંગે મુસ્લિમોના સલાહ-સૂચન મંગાશે, સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરશે

(એજન્સી) તા.૨

કેટલાક અગ્રણી મુસ્લિમ સંગઠનો દ્વારા વકફ (સુધારા) બિલની તીવ્ર ટીકા વચ્ચે ભાજપ લઘુમતી મોરચા વકફ બોર્ડમાં સુધારા માટે મુસ્લિમો પાસેથી સૂચનો માંગશે અને બિલની તપાસ કરતી સંસદીય સમિતિ સમક્ષ રજૂ કરશે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્ય વકફ બોર્ડના અધ્યક્ષ સહિત ભાજપના સાત સભ્યોની એક ટીમ દેશભરના લઘુમતી સમુદાયના મંતવ્યો મેળવશે અને અનેક મુદ્દાઓ પર તેમની ચિંતાઓને દૂર કરશે. ભાજપના એક નેતાએ દાવો કર્યો હતો કે અમે દરેક સૂચન અંગે સમિતિને જાણ કરીશું. જો બિલના કોઈપણ પાસા પર કોઈ ચિંતા હશે તો અમે તેને પણ વ્યક્ત કરીશું. પરંતુ વકફ બોર્ડમાં સુધારાની જરૂરિયાત દરેક જગ્યાએ સમુદાય દ્વારા અનુભવાય છે. લઘુમતી મોરચો તેનો અહેવાલ ભાજપ નેતૃત્વ અને પાર્ટીના વરિષ્ઠ સાંસદ જગદંબિકા પાલની આગેવાની હેઠળની સંસદીય સમિતિ સાથે શેર કરશે. લઘુમતી મોરચાની ટીમના સભ્યોમાં શાદાબ શમ્સ, સંવર પટેલ અને મોહસીન લોખંડવાલા, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ અને ગુજરાતના વકફ બોર્ડના વડા અને હરિયાણા વકફ




બોર્ડના પ્રશાસક ઝાકિર હુસૈનનો સમાવેશ થાય છે. ગયા અઠવાડિયે બીજેપી હેડક્વાર્ટર ખાતે લઘુમતી મોરચાની બેઠકમાં પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે પક્ષના નેતૃત્વએ મોરચાના વડા જમાલ સિદ્દીકીને દેશભરના મુસ્લિમોનો સંપર્ક કરવા અને વકફ કાયદામાં સુધારાની તરફેણમાં વાતાવરણ ઊભું કરવા કહ્યું છે, જેથી વિવિધ વકફ બોર્ડની કામગીરીને વધુ જવાબદાર અને પારદર્શક બનાવી શકાય. જમીયત ઉલેમા-એ-હિંદ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ જેવા અગ્રણી મુસ્લિમ સંગઠનો પ્રસ્તાવિત બિલનો વિરોધ કરી રહ્યા છે અને આરોપ લગાવી રહ્યા છે કે તે તેમની ધાર્મિક પ્રથાઓ વિરૂદ્ધ છે અને બંધારણનું ઉલ્લંઘન છે.

# ઉન્નાવ આઘાત : ગંગા નદીમાં ડૂબી જવાથી આરોગ્ય અધિકારીનું મૃત્યુ; મિત્રોનો દાવો ડાઈવર્સે તેને બચાવવા માટે રૂા.૧૦,૦૦૦ માંગ્યા હતા

## એક ડાઈવર્સના ખાતામાં પૈસા ડિજિટલી ટ્રાન્સફર થયા ત્યાં સુધીમાં આદિત્ય તણાઈ ગયો હતો

(એજન્સી) તા.૨

યુપી હેલ્થ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી ડાયરેક્ટર આદિત્ય વર્ધન સિંહનું ઉન્નાવના બિલ્હૌરમાં નાનમાઉ ઘાટ પર સ્નાન કરતી વખતે ભારે વહેણમાં વહી જવાથી ગંગા નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. અહેવાલો અનુસાર, જ્યારે આદિત્યના મિત્રોએ સ્થાનિક ડાઈવર્સ પાસેથી મદદ માંગી તો તેઓએ તેને બચાવવાનો ઈન્કાર કર્યો અને તેને બચાવવા માટે ૧૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી. અહેવાલો મુજબ સિંહ, જે તેના મિત્રો સાથે નદીમાં




સ્નાન કરી રહ્યા હતા તે તેમના તેના મિત્ર દ્વારા ફોટો ખેંચાવવા માટે માટે ઊંડા પાણીમાં ગયા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સિંહ સૂર્યદેવને 'અર્ઘ્ય' અર્પણ કરતો ફોટો પડાવવા માંગતા હતા. તે તરવયનું જાણતા હતા પરંતુ જોરદાર કરંટમાં ફસાઈ જઈને તણાઈ ગયા હતા. ઘટનાસ્થળે હાજર રહેલા આદિત્યના એક મિત્રએ આક્ષેપ કર્યો હતો કે તેઓએ સ્થાનિક ડાઈવર્સને તેને બચાવવા માટે વિનંતી કરી હતી, પરંતુ તેઓએ ૧૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી. એક ડાઈવર્સના ખાતામાં પૈસા ડિજિટલી ટ્રાન્સફર થયા ત્યાં સુધીમાં આદિત્ય તણાઈ ગયા હતા. સિંહના મૃતદેહને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. એસડીઆરએફ, પોલીસ અને ખાનગી ડાઈવર્સની ટીમ સર્ચ ઓપરેશનમાં સામેલ છે. ડાઈવર્સે સિંઘને બચાવવા માટે પૈસાની માંગણી કરી હોવાના દાવા અંગે પોલીસે જણાવ્યું કે ડાઈવર્સે કહ્યું કે તેમણે માત્ર તેમની સ્ટીમરને બળતણ આપવા માટે પૈસા માંગ્યા હતા. પોલીસે કહ્યું છે કે તેઓ સિંહના મિત્ર દ્વારા કરવામાં આવેલા આરોપની વધુ તપાસ કરશે.



**...બાળકોના પેશાબમાં ભીંજવેલી ઢીંગલીઓ, ડ્રોન : માનવભક્ષી વરૂઓને આવી રીતે શોધી રહ્યો છે યુપીનો વન વિભાગ**



**મુંબઈ : નશાખોર મુસાફરે લાલબાગ જંક્શન પાસે બેસ્ટની બસનું સ્ટીયરિંગ વ્હીલ અચાનક ફેરવી નાંખતા અકસ્માતોની વણઝાર : મહિલાનું મોત : ૧૦ ઘાયલ**



**જમ્મુ અને કાશ્મીરમાં લશ્કરના મથક પર ત્રાસવાદી હુમલો, એક સૈનિક ઘાયલ**

# શિમલામાં ગેરકાયદે બાંધકામ ગણાવીને મસ્જિદના વિરોધમાં સેંકડો લોકોના દેખાવ

(એજન્સી) તા.૨

રવિવારે શિમલાના સંજૌલી ખાતે સેંકડો લોકો એકઠા થયા હતા અને મસ્જિદના એક બાંધકામને "ગેરકાયદેસર" બાંધકામ ગણાવ્યો હતો અને શહેરના માલ્યાના વિસ્તારમાં વેપારી પરના હુમલાનો વિરોધ કર્યો હતો.

દેખાવકારોએ આ મસ્જિદને તોડી પાડવાની માગ કરી અને શુક્રવારે વેપારી પર હુમલો કરીને તેને ગંભીર રીતે ઘાયલ કરનારાઓ સામે હત્યાના પ્રયાસનો કેસ નોંધવાની માંગ કરી હતી.

શહેરના વિવિધ ભાગોમાંથી લગભગ ૫૦૦ લોકોએ પ્રદર્શનમાં ભાગ લીધો હતો અને શિમલામાં લઘુમતી સમુદાયના સ્થળાંતર કરનારાઓની વધતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આ "બહારના લોકો"ની પોલીસ ચકાસણી અને નોંધણીની પણ માંગ કરી હતી.

જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ આંદોલનકારીઓને શાંત કરવા ઘટનાસ્થળે પહોંચ્યા હતા.



અધિકારીઓએ સ્વીકાર્યું હતું કે વકફ બોર્ડની જમીન પર બાંધવામાં આવેલ માળખાનો એક ભાગ "ગેરકાયદેસર" હતો અને આ મામલો શનિવારે મ્યુનિસિપલ કોર્પોરેશન કોર્ટમાં સુનાવણી માટે આવશે. તેઓએ કહ્યું કે, આ મામલો સંવેદનશીલ છે અને તેમાં સમુદાયોની ધાર્મિક લાગણીઓ સામેલ છે. શિમલાના પોલીસ અધિક્ષક સંજીવ કુમાર ગાંધીએ જણાવ્યું હતું કે વેપારી પર હુમલાના કેસમાં હત્યાના પ્રયાસની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને દેખાવકારોને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

તેમણે કહ્યું કે, કેસની તપાસ ડીએસપી રેન્કના અધિકારીને સોંપવામાં આવી છે અને અન્ય રાજ્યોમાંથી આવતા સ્થળાંતર કરનારાઓની નોંધણી કરવામાં આવશે. શિમલાના ડેપ્યુટી કમિશનર અનુપમ કશ્યપે કહ્યું કે સંબંધિત જોગવાઈઓ હેઠળ તપાસ હાથ ધરવામાં આવશે.

ઉક્ત મસ્જિદ ઉપરનો માળ અનધિકૃત ગણાવાયો હતો અને એમસી કોર્ટમાં આ મામલે કાર્યવાહી ચાલી રહી છે. બાંધકામનું કામ અટકાવી દેવામાં આવ્યું છે, "એક નાગરિક સંસ્થાના અધિકારીએ જણાવ્યું હતું કે, એક મહિના પહેલા એક શૌચાલય "ગેરકાયદેસર" રીતે બાંધવામાં આવ્યું હતું જે ૨૪ કલાકની નોટિસ આપ્યા બાદ તોડી પાડવામાં આવ્યું હતું.

મુશ્કેલી ત્યારે શરૂ થઈ જ્યારે માલ્યાના વિસ્તારમાં વેપારી અને કેટલાક અન્ય વેપારીઓ પર લઘુમતી સમુદાયના અડધા ડઝન લોકોએ સળિયા અને લાકડીઓ વડે હુમલો કર્યો અને તેમાંથી ચારને શુક્રવારે રાત્રે જ્યારે તેઓ ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે તેમને ઘાયલ કર્યા.

વાતચીત થયા બાદ સરકાર પોતાની વાત પરથી ફરી ગઈ : ડોક્ટર્સ અગ્રણી

# સ્ટાઈપેન્ડમાં વધારાના મુદ્દે રેસિડેન્ટ્સ ડોક્ટર્સની હડતાળ : હજુ વધુ તબીબો જોડાશે

## ● વધારા અંગેનો ઠરાવ ગેરવાજબી, હડતાળ વધુ વ્યાપ સાથે જારી રાખવાનો હુંકાર ● ડોક્ટર હડતાળ કરે તો થઈ શકે છે પોલીસ કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

તાજેતરમાં રેપ-મર્ડર કેસમાં હડતાળ પર ઊતરેલા રાજ્યભરના રેસિડેન્ટ ડોક્ટરો વધુ એકવાર સ્ટાઈપેન્ડના મુદ્દે હડતાળ પર ઉતર્યા છે. આ હડતાળ દરમિયાન રેસિડેન્ટ ડોક્ટરો ઈમરજન્સી સહિતની તમામ સેવાઓથી પણ અળગા રહ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે, ગુજરાત જ વધારે સ્ટાઈપેન્ડ આપતું રાજ્ય નથી દિલ્હી, બિહાર અને યુપીમાં પણ વધારે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. અન્ય હોસ્પિટલમાં ડોક્ટરોને સિનિયર દ્વારા દબાવવામાં આવ્યા છે. જેથી હડતાળ નથી કરી. પરંતુ તેઓએ સમર્થન આપ્યું છે. હડતાળને લઈને સિવિલ સુપરિન્ટેન્ડન્ટ અને બીજે મેડિકલ કોલેજમાં ડીન વચ્ચે બેઠક ચાલી રહી છે. જેમાં JDA પ્રેસિડેન્ટ પણ હાજર છે.

જો કે, ડોક્ટરોની હડતાળને પગલે બીજે મેડિકલ ડીને આવતીકાલે સવારે ૯ વાગ્યે તમામને ફરજિયાત હાજર થવા સૂચના આપી છે. ડોક્ટર હાજર ના થાય તો તેમની સામે શિક્ષાત્મક પગલાં લેવાનો ઉલ્લેખ કરાયો છે. ડોક્ટરોનો આક્ષેપ છે કે, તેમને હક માટે હડતાળ કરતા વિદ્યાર્થીઓને અધ્યાપકો માનસિક પ્રતાડિત કરી રહ્યા છે.

બીજી મેડિકલ કોલેજમાં હડતાળ મામલે ડીને શાહીબાગ પોલીસને જાણ કરી છે. આવતીકાલે ડોક્ટરોને હડતાળ ના કરવા જાણ કરી છે. સરકારી હોસ્પિટલનો ઉપયોગ સરકારનો



વિરોધ કરી શકાય નહીં. જેથી આવતીકાલે ડોક્ટર દ્વારા કોઈ અઘટિત ઘટના ન બને તે માટે પગલાં લેવા જાણ કરવામાં આવી છે. જોકે, આવતીકાલે ડોક્ટર હડતાળ કરે તો પોલીસ કાર્યવાહી થઈ શકે છે. બીજી તરફ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બીજે મેડિકલ કેમ્પસમાં રેસિડેન્ટ અને ઈન્ટર્ન ડોક્ટરો હડતાળ પર ઉતર્યા છે. સ્ટાઈપેન્ડ મામલે ડોક્ટરોએ હડતાળ શરૂ કરી છે. જ્યાં સુધી સરકાર દ્વારા સ્ટાઈપેન્ડ વધારવાનું તથા સ્ટાઈપેન્ડ દર ૩ વર્ષે વધારવાનો નિર્ણય કરવામાં નહીં આવે ત્યાં સુધી હડતાળ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી છે. ૧ લાખથી વધુની રકમનું સ્ટાઈપેન્ડ લાંબા સમયથી રેસિડેન્ટ ડોક્ટરોને આપવામાં આવે છે. તેમાં પણ સરકારે ૨૦ ટકાનો વધારો કરીને ૧.૩૦ લાખ સુધીનું કર્યું છે. દેશમાં અન્ય રાજ્યોમાં આપતા સ્ટાઈપેન્ડની સામે ગુજરાતમાં રેસિડેન્ટ ડોક્ટરોને અપાતું સ્ટાઈપેન્ડ વધુ છે. વધુમાં અન્ય રાજ્યોમાં ત્રણ વર્ષના બોન્ડ જેની સામે ગુજરાતમાં એક જ વર્ષનો બોન્ડ છે. બીજે મેડિકલ કોલેજના જુનિયર ડોક્ટર એસોસિએશનના પ્રમુખ ધવલ ગામેતીએ જણાવ્યું હતું કે, સતત છેલ્લા છ મહિનાથી સ્ટાઈપેન્ડ વધારા બાબતે આરોગ્યમંત્રી તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ સમક્ષ કાયદાકીય રીતે રજૂઆત કરી છે. આ રજૂઆતો મુજબ દર ત્રણ વર્ષે જુનિયર ડોક્ટરોના સ્ટાઈપેન્ડમાં ૪૦% વધારો થતો હોય છે. જેનો આખરી વધારો ૧ એપ્રિલ, ૨૦૨૧માં થયો હતો. જેના ત્રણ વર્ષ ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ પૂર્ણ થયાં હતા. અમારી માગ સરકારના પરિપત્ર મુજબ ૧ એપ્રિલ, ૨૦૨૪થી અમારા સ્ટાઈપેન્ડમાં ૪૦%ના વધારા માટે હતી. પરંતુ સ્ટાઈપેન્ડ વધારવામાં પણ ૫૦ ટકાનો કાપ મૂક્યો છે. જેથી અમે હડતાળ કરી રહ્યા છીએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, અન્ય રાજ્યોની વાત કરવામાં આવે તો દિલ્હી, યુપી અને બિહારમાં પણ વધારે સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. અન્ય રાજ્યોમાં અનેક સરકારી મેડિકલ કોલેજ છે. જ્યારે ગુજરાતમાં માત્ર ૬ મેડિકલ કોલેજ છે. જેમાં ૧૯૯૫ બાદ એકપણ સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવી નથી. હડતાળ એ છેલ્લું શસ્ત્ર છે. અમારી વાતચીત થયા બાદ સરકાર પોતાની વાત પરથી ફરી ગઈ છે. અમદાવાદની બીજે મેડિકલ કોલેજ પણ લડવા તૈયાર છે. અન્ય કોલેજમાં સિનિયર ડોક્ટરોએ કામ કરવું પડશે એટલે જુનિયર ડોક્ટરોને દબાવવામાં આવે છે, જુનિયર ડોક્ટરો પાસે કામ કરાવવામાં આવે છે. અમને સમર્થન મળ્યું છે આવતીકાલથી અન્ય સરકારી હોસ્પિટલમાં પણ ડોક્ટરો હડતાળ પર ઊતરશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં રેસિડેન્ટ ડોક્ટરો હજી સુધી હડતાળ પર ઉતર્યા નથી. આજે સોમવારે સવારથી જ ડોક્ટરો રાબેતા મુજબ પોતાની ડ્યૂટી ઉપર હાજર હતા. શહેરના સરસપુર વિસ્તારમાં આવેલી શારદાબેન હોસ્પિટલ, એલિસબ્રિજ નગરી આંખની હોસ્પિટલ, મણીનગર એલજી હોસ્પિટલ અને એસવીપી હોસ્પિટલ ખાતે રેસિડેન્ટ ડોક્ટરો પોતાની સવારની ઓપીડીમાં હાજર જોવા મળ્યા હતા. કોઈપણ દર્દીને હાલાકીનો સામનો કરવો પડ્યો નથી. જો કે, મોડેથી ડોક્ટરો હડતાળ ઉપર ઉતરે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. સિવિલ હોસ્પિટલમાં રેસિડેન્ટ ડોક્ટરોની હડતાળને લઈને એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, રેસિડેન્ટ ડોક્ટરોની હડતાળને લઈને ઈમર્જન્સી અને OPDને અસર થઈ શકે છે. અમે સરકાર પાસે વધારાના મેડિકલ ઓફિસરની માગ કરી છે. વધારાના ૫૦ મેડિકલ ઓફિસર ફાળવવામાં આવ્યા છે. ૨૫ નોન ટીચિંગ સ્ટાફ પણ હાજર રહેશે. ૩૬ અન્ય ડોક્ટરો પણ હાજર રહેશે. તમામ ડોક્ટરોની રજા કેન્સલ કરવામાં આવી છે. દર્દીઓનાં એવાં ઓપરેશન કે જેમાં ઈમર્જન્સીની જરૂર ન હોય તે રિ-શિડ્યુલ કરવામાં આવશે. અંદાજિત ૫૦ ટકા જેટલી સર્જરી અને પ્લાન્ટ ઓપરેશન મોકૂફ રાખવામાં આવશે. અત્યારે ઈમર્જન્સીને પ્રાથમિકતા આપવામાં આવશે. OPD ચાલુ જ છે.

સુરતની સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાં તમામ સેવાઓ રાબેતા મુજબ ચાલુ છે, કોઈ હડતાળ નથી. રેસિડેન્ટ તબીબો હાલ આ હડતાળમાં જોડાયા નથી. બેઠક બાદ નિર્ણય કરવામાં આવશે, જ્યારે વડોદરાના રેસિડેન્ટ ડોક્ટરો બેઠક યોજ્યા બાદ હડતાલ અંગે નિર્ણય કરશે. સયાજી હોસ્પિટલ અને ગોત્રી હોસ્પિટલમાં તમામ સેવાઓ ચાલુ છે.

# અમદાવાદ શહેરમાં મેઘરાજા તૂટી પડ્યા ત્રણ કલાકમાં બેથી ત્રણ ઈંચ વરસાદ

## ● અનેક સ્થળોએ પાણી ભરાતા સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકી ● વાસણા બેરેજના ૪ દરવાજા બે ફૂટ ખોલાયા





અમદાવાદ,તા.૨

રાજ્યમાં ત્રણ ચાર દિવસના વિરામ બાદ અનેક સ્થળોએ ફરી વરસાદી માહોલ જામ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૧૧ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. ત્યારે વિરામ બાદ અમદાવાદ શહેરમાં પણ સોમવારના રોજ મેઘાએ નવી ઈનિંગનો પ્રારંભ કરતા અનેક સ્થળોએ રથી ૩ ઈંચ જેટલો વરસાદ પડયો હતો. જેને પગલે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા, જેને પગલે સ્થાનિક લોકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ગાજવીજ અને વિજળી કડાકા સાથે વરસાદ શરૂ થતાં અનેક વાહન ચાલકો રસ્તા પર ઉભા રહી જવું પડ્યું હતું. આ ઉપરાંત, થોડી જ વારમાં પૂર્વ વિસ્તારમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. રસ્તા પર પાણી ભરાઈ જતાં અનેક વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. રાજ્યમાં અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં સારો એવો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે અમદાવાદમાં એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે ગાંધીનગરમાં એક કલાકમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં સૌથી વધુ નરોડામાં ત્રણ ઈંચ અને ઓઢવમાં બે ઈંચ, વિરાટ નગર અને મણીનગરમાં દોઢ ઈંચ, વટવામાં સવા ઈંચ, નિકોલમાં એક ઈંચ, મેમ્કોમાં એક ઈંચ અને ચકુડીયામાં એક ઈંચ વરસાદ ખાબક્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સાંજે અમદાવાદના વટવા, મણિનગર, ઈસનપુર, ઘોડાસર સહિતના વિસ્તારોમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે. જ્યારે સરખેજ, મકરબા, પ્રહલાદ નગર, વટવા, દાણીલીમડા, શાહેઆલમ, જમાલપુર, શાહીબાગ, મેમ્કો, ઈસ્કોન, પકવાન ચાર રસ્તા, થલતેજ, શીલજ, બોપલ, સાયન્સ સિટી રોડ, કોમર્સ છ રસ્તા, ગુજરાત, યુનિવર્સિટી, ચાંદખેડા, ગોતા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ગાંધીનગર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. ભારે પવન સાથે વરસાદી ઝાપટાં પડવાનું શરૂ થતાં ટુ-વ્હીલર ચાલકોએ રસ્તા કિનારે ઉભા રહી જવાની ફરજ પડી હતી. જયારે સાંજના ૬ વાગ્યા સુધી વાસણા બેરેજનું લેવલ ૧૩૧.૨૫ ફૂટ હતું. જયારે વાસણા બેરેજના કુલ ૪ દરવાજા ૨ ફૂટ ખોલાયા છે.

ભારે વરસાદની વાહન વ્યવહાર પર અસર

# રાજ્યમાં બે નેશનલ હાઈવે સહિત ૩૫૭ રસ્તાઓ વરસાદને કારણે બંધ

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં ભારે વરસાદના કારણે વાહનવ્યવહાર પર અસર થઈ છે. જેમાં રાજ્યના ૩૫૭ રસ્તાઓ વરસાદના કારણે બંધ છે. તેમજ રાજ્યમાં ૨ નેશનલ હાઈવે પર વાહનવ્યવહાર બંધ કરાયા છે. રાજ્યના ૨૧ સ્ટેટ હાઈવે તથા ૩૦૫ પંચાયત હસ્તકના રસ્તા બંધ છે. તેમજ વડોદરા જિલ્લામાં ભારે વરસાદ અને પૂરના કારણે વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના માર્ગ મકાન પંચાયત હસ્તકના રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થતાં નુકસાન થયુ છે.

વડોદરા શહેરના રસ્તાઓના રિપેરીંગ, રી-સરફેસીંગ અને મેટલવર્ક કરવાની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી રહી છે. વડોદરા જિલ્લામાં ભારે વરસાદને કારણે માર્ગ મકાન વિભાગ સ્ટેટ અને પંચાયતના કુલ ૫૪ માર્ગો પ્રભાવિત થયા હતા. માર્ગ મકાન વિભાગ દ્વારા આ માર્ગોને શરૂ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી છે. જેપૈકી કુલ ૫૦ માર્ગો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ચાર માર્ગો કોઝ વે પર ઓવરટેપિંગ અને પાણી ભરાવાને કારણે બંધ હાલતમાં છે જે પાણી ઓસર્યા બાદ શરૂ થશે. માર્ગ મકાન પંચાયત વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે કે વડોદરા જિલ્લામાં પૂરના કારણે પંચાયત હસ્તકના કુલ ૪૬ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા હતા. પૂરના પાણી ઓસરતાં જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા આ રસ્તાઓની મરામત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. જેમાં ૪૨ રસ્તાઓનું રીપેરીંગ, ખાડા પુરાણ, મેટલ પેચવર્ક, સહિતની કામગીરી કરીને રસ્તાઓને પૂર્વવત કરવામાં આવ્યા છે. જિલ્લામાં હાલમાં કરજણ તાલુકાના ત્રણ અને પાદરા તાલુકાનો એક માર્ગ રસ્તા પર પાણી ભરાવ અને કોઝ વે પર ઓવરટેપિંગના કારણે બંધ હાલતમાં છે. જે પાણી ઓસર્યા બાદ શરૂ થશે.

# સાબર ડેરીમાં ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી ત્રણ સપ્તાહમાં યોજવા હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

રાજયના સાબરકાંઠા જિલ્લામાં આવેલી સાબર ડેરીમાં ચેરમેન અને વાઈસ ચેરમનની ચૂંટણી નહિ યોજવામાં આવતા ગુજરાત હાઈકોર્ટમાં પૂર્વ ધારાસભ્ય દ્વારા પિટિશન કરવામાં આવી હતી. આ પિટિશનની સુનાવણી બાદ બંને હોદ્દાની ચૂંટણી ત્રણ સપ્તાહમાં યોજવા ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી ડી.નાણાવટીએ હુકમ કર્યો છે.

કેસની વિગત અનુસાર બાયડના ભાજપના પૂર્વ ધારાસભ્ય જશુભાઈ પટેલ દ્વારા હાઈકોર્ટમાં કરાયેલી રિટ અરજીમાં રજૂઆત કરવામાં આવી હતી કે, સાબર ડેરીના ડિરેકટરોની ચૂંટણી માર્ચ માસમાં યોજાઈ ગઈ હતી પરંતુ ત્યારબાદ ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી બાકી હતી અને હજુ સુધી યોજવામાં આવી નથી. આ સમગ્ર મામલે અરજદાર દ્વારા સ્થાનિક જિલ્લા કલેકટરને પણ વારંવાર રજૂઆત કરવામાં આવી હતી પરંતુ કલેકટર તરફથી એક યા બીજા પ્રકારના વાંધાઓ કાઢી સાબર ડેરીના ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી વિલંબિત કરાઈ રહી છે, જેને લઈ હજારો પશુપાલકો અને સભ્યોની સાથે સાથે ડેરીની કામગીરીને પણ વિપરીત અસરો થઈ રહી છે.

અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, કાયદાકીય જોગવાઈ અનુસાર કલેકટરે ડેરીના ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી યોજવી જ પડે પરંતુ ખોટા વાંધાઓ કાઢી ચૂંટણી પ્રક્રિયા વિલંબિત કરાઈ છે. કલેકટરના નિષ્ક્રિયતાના કારણે સાબર ડેરીના આટલા મહત્ત્વના હોદ્દાની ચૂંટણી યોજાઈ રહી નથી. અરજદારપક્ષ તરફથી અદાલતને બતાવવામાં આવ્યું હતું કે, સ્થાનિક જિલ્લા કલેકટરની ઉદાસીનતાના કારણે ચૂંટણી યોજાઈ રહી નથી, તેથી કેસની તમામ હકીકતો ધ્યાનમાં લીધા બાદ હાઈકોર્ટના જસ્ટિસ વૈભવી ડી.નાણાવટીએ સાબર ડેરીના ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી ત્રણ સપ્તાહમાં યોજવા અગત્યનો આદેશ કર્યો હતો.

વિશ્વભરમાં આજે ૩ સપ્ટેમ્બર આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસ તરીકે ઉજવાય છે

# રાજ્યમાં ગગનચુંબી ઈમારતોના પ્રોજેક્ટ્સમાં નોંધાયો ઉછાળો : ૩૦ નવી ઈમારતોને મળી મંજૂરી

## રાજ્યમાં આ પ્રોજેક્ટ્સને લઈ રૂ.૧૦૦૦ કરોડની આવક ઊભી થઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

દર વર્ષે ૩જી સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસ ઉજવવામાં આવે છે. ગુજરાત માટે આ દિવસ ખૂબ મહત્વનો છે કેમ કે, તાજેતરના વર્ષોમાં રાજ્યમાં અનેક ગગનચુંબી ઈમારતો નિર્માણ પામી રહી છે અને આ દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. વર્ષ ૨૦૧૭ સુધી ગુજરાતમાં ઈમારતો માટે મહત્તમ ૭૦ મીટરની ઊંચાઈ માન્ય હતી.



શહેરી વિસ્તરણની જરૂરિયાત

અને વર્ટિકલ ગ્રોથની સંભાવનાને ઓળખીને રાજ્ય સરકારે ૧૦૦ મીટરથી વધુ ઊંચી, આઈકોનિક બિલ્ડિંગોના નિર્માણને પ્રોત્સાહન આપતા ૨૭ મે, ૨૦૨૧ના રોજ નવા નિયમો જાહેર કરી અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર જેવા મોટા શહેરોમાં ગગનચુંબી ઈમારતોના વિકાસ માટે માર્ગ મોકળો કર્યો હતો. આ નિયમો અમલમાં આવ્યા બાદ અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ ગગનચુંબી ઈમારતોને મંજૂરી આપવામાં આવી છે. ફાઈનાન્શિયલ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં પહેલેથી જ બે ગગનચુંબી ઈમારતોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, અને અન્ય ૧૦ ઈમારતોનું બાંધકામ થઈ રહ્યું છે.

ગુજરાતમાં વર્ટિકલ ડેવલપમેન્ટના કારણે નોંધપાત્ર આવક ઊભી થઈ જેમાં સ્થાનિક સંસ્થાઓને પ્રીમિયમ FSI દ્વારા આશરે રૂ.૧૦૦૦ કરોડની આવક ઊભી થઈ છે. દિવાળી પહેલાં આવા અનેક પ્રોજેક્ટ પૂર્ણ થવાની ધારણા છે, આ ઈમારતો ટેરેસ લેવલ પર મિવાન ફોર્મવર્ક, શીયર વૉલ અને સ્કાયવૉક્સ જેવી અદ્યતન કન્સ્ટ્રક્શન ટેક્નોલોજીનો સમાવેશ સાથે ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સામેલ છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ : **શેખ મો. જાફર ઐયુબ ભાઈ** તે બદલીને મારૂં નવું નામ : **મુહમ્મદ જાફર ઐયુબ ભાઈ શૈખ** કરેલ છે.

સરનામું : ૭૧/૧, મુન્શિ નગર, રહીમ ભાઈની ચાલી પાસે, મિલ્લત નગર, મણિનગર, અહમદાબાદ.

પૂરની તારાજીથી ત્રસ્ત લોકોનો રોષ ભાજપ માટે નવો પડકાર !

# વડોદરામાં લોકોના આક્રોશને ઠારવા ગૃહ રાજ્યમંત્રીના સતત આંટાફેરા જારી

## લાગણી-વિશ્વાસ હોય તેના પર જ ગુસ્સો આવે : મંત્રીનો સ્વીકાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી પાંચ દિવસમાં ત્રીજીવાર વડોદરાની મુલાકાતે આવ્યા હતા. તેઓએ વડોદરા કલેક્ટર કચેરી ખાતે સાંસદ, ધારાસભ્યો અને અધિકારીઓ સાથે રિવ્યૂ બેઠક બાદ હર્ષ સંઘવીએ લોકોના આક્રોશ અંગે જણાવ્યું હતું કે, 'જેની ઉપર લાગણી હોય, શ્રદ્ધા હોય અને વિશ્વાસ હોય એની ઉપર જ ગુસ્સો ઠાલવી શકે છે, લોકોના ઈન્સ્યોરન્સની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. વડોદરાને ઝડપથી ધબકતું કરવું છે, જેને લઈને સતત બેઠકો કરવામાં આવી રહી છે. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા કલેક્ટર કચેરી ખાતે વડોદરા જિલ્લામાં પૂરને લઈને રાહત કામગીરી કરી રહેલા અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે સ્વચ્છતા, સ્વાસ્થ્ય, કેશડોલ અને ઘરવખરીને લઈને આપવાની સહાય અંગે આજે રિવ્યૂ મિટિંગ રાખવામાં આવી હતી. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૬૪,૩૬૦ પરિવારોને કેશડોલ આપવામાં આવી છે. વડોદરા ગ્રામ્યમાં ૨૦,૬૧૦ પરિવારને કેશડોલ આપવામાં આવી છે. કુલ મળીને વડોદરા જિલ્લામાં ૮૪,૯૭૦ પરિવારોને કેશડોલ આપવામાં આવી છે. આ ઉપરાંત ઘરવખરી સહાય વડોદરામાં ૫૮૩૫ પરિવારોને અને વડોદરા ગ્રામ્યમાં ૩૯૩૩ સુધી ઘરવખરી સહાય પહોંચાડવામાં આવી છે. એટલે કે, કુલ ૯,૭૬૮ પરિવારોને ઘરવખરી સહાય પહોંચાડી દેવામાં આવી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ખાસ કરીને ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓને જણાવવામાં આવ્યું છે કે, કોઈપણ પ્રકારની લોકોની માગણી હોય કે, કોઈ ફરિયાદ હોય તો તુરંત જ કલેક્ટર કચેરી ખાતે નોડલ ઓફિસરને જાણકારી આપવામાં આવે. જેથી તેમના દ્વારા ટીમ મોકલીને ઘરવખરી કે કેશડોલની સહાય આપવામાં આવશે, તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ખેતીના સરવેની કામગીરી આજે સવારથી શરૂ થઈ ગઈ છે. ઈલેક્ટ્રિસિટી રેસ્ટોરેશનનું ૯૯ ટકા કામ પતી ગયું છે. કોઈ ફરિયાદો આવી હોય તો આજ સાંજ સુધીમાં નવી ટીમ બનાવીને એ કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવાની સૂચના આપી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મેડિકલ ટીમ, પેરા મેડિકલ ટીમ, મોબાઈલ ટીમ અને જિલ્લા બહારની ટીમ ઘર ઘર જઈને સર્વે કામગીરી કરી રહી છે. આગામી ૧૦ દિવસ સુધી આ કામગીરી ચાલતી રહેશે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નગરજનો સાથે મળીને સાફસફાઈ ઝુંબેશ ચાલી રહી છે. સોસાયટીમાંથી ફરિયાદ આવતી હશે તે પણ ઝડપથી સાફ-સફાઈની કામગીરી પૂર્ણ કરવામાં આવશે અને આ પ્રકારે સાફ-સફાઈની કામગીરી હંમેશાં ચાલુ રહે તે માટે આયોજન કરવામાં આવે તે માટે પણ તંત્રને પણ સૂચના આપવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં મંજૂરી અપાતા મુખ્યમંત્રીએ આભાર વ્યક્ત કર્યો

# સાણંદમાં વધુ એક સેમિકંડક્ટર પ્લાન્ટની સ્થાપના માટે મળી મંજૂરી

## સેમિકંડક્ટર મિશન અન્વયે દેશમાં પાંચ પૈકી ૪ પ્લાન્ટ ગુજરાતમાં

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકે ઈન્ડિયા સેમિકંડકટર મિશન અંતર્ગત ગુજરાતના સાણંદમાં વધુ એક સેમિકંડકટર યુનિટની સ્થાપનાની મંજૂરી આપી છે. આ પ્લાન્ટ કેયન્સ સેમિકોન પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂપિયા ૩૩૦૦ કરોડના સૂચિત રોકાણ સાથે સ્થપાશે. રોજની ૬૦ લાખ ચિપ્સનું ઉત્પાદન થવાની ક્ષમતા સાથેનો આ પ્લાન્ટ બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં વાઈબ્રન્ટ સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના નિર્માણને વેગ આપવાની પ્રતિબદ્ધતા સાથે વડાપ્રધાને આપેલી આ વધુ એક પ્લાન્ટની ભેટ માટે સમગ્ર ગુજરાત વતી વડાપ્રધાન મોદીનો આભાર વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રી જણાવ્યું કે, ગુજરાત સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ હેતુસર ૨૦૨૩માં સાણંદમાં માઈક્રોનના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટની સ્થાપના માટે મંજૂરી બાદ ફેબ્રુઆરી ૨૦૨૪માં ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સના સેમિકન્ડક્ટર પ્લાન્ટ માટે અને સી.જી. પાવરને સાણંદમાં આ પ્રકારના પ્લાન્ટ માટે વડાપ્રધાને મંજૂરી આપી છે. હવે કેયન્સ સેમિકંડક્ટર દ્વારા ગુજરાતનો આ ચોથો પ્લાન્ટ સાણંદમાં સ્થપાશે. આના પરિણામે રોજગારીની તકો પણ વ્યાપક બનશે. કેન્દ્ર સરકારે ભારતમાં સેમિકંડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમને વેગ આપવા રૂપિયા ૭૬ હજાર કરોડની જોગવાઈ સાથે ઈન્ડિયા સેમિકંડક્ટર મિશન કાર્યરત કરેલું છે. અત્યાર સુધીમાં આ મિશન અન્વયે દેશમાં ૩ ગુજરાતમાં અને ૧ આસામમાં એમ ૪ પ્રોજેક્ટસ સ્થાપવાની કામગીરી વેગવંતી બની છે આ બધા જ મળીને અંદાજે ૧.૫૦ લાખ કરોડના રોકાણ સાથે પ્રતિદિન ૭ કરોડ ચીપ્સનું ઉત્પાદન થવાની સંભાવનાઓ છે.

# સોલામાં ભાગવત બ્રિજ નીચેથી દારૂ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨

સોલામાં એસ.જી.હાઈવે પર ભાગવત વિદ્યાપીઠ બ્રિજ નીચેથી કારમાં દારૂ ભરીને વઈ જવાતો હોવાની માહિતી સ્ટેટ મોનીટરીંગ સેલ (એસએમસી)ના અધિકારીઓને મળી હતી. આ માહિતીને આધારે પોલીસે બ્રિજ પાસે જાળ બિછાવી હતી. જેમાં પોલીસે કાર અટકાવીને તેમાંથી ૨,૩૬,૭૦૦ ની કિંમતનો દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે દારૂ અને કાર મળીને કુલ રૂા. ૧૦,૬૬,૭૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે કારના ડ્રાઈવર અને રાજસ્થાનના રહેવાસી રૂપારામ ઉર્ફે રૂપકિશોર જાટ અને હેલ્પર જસારાજ જાટની ધરપકડ કરી હતી. જયારે અન્ય બે આરોપી ફરાર થઈ જતા પોલીસે તેમની શોધ હાથ ધરી છે. જેમાં પોલીસે દારૂનો જથ્થો મોકલનારા પવનગિરી ઉર્ફે પવન મહારાજ અને સેટેલાઈટમાં દારૂનો જથ્થો મગાવનારા શખ્સની શોધ હાથ ધરી છે.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

મંગળવાર, 3 સપ્ટેમ્બર 2024; સાંજે 6:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
હોટેલ પ્રેસિડેન્ટ, એસ.ટી. રોડ, સુરેન્દ્રનગર – 363001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ તુષાર ભીમાણી, મોબાઈલ : 99049 77001.

બુધવાર, 4 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ બ્લુઆઈવી, ગણેશ મંદિર પાસે, 80 ફીટ રોડ, આણંદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરવ જોષી, મોબાઈલ : 70166 95863.

બુધવાર, 4 સપ્ટેમ્બર 2024; સાંજે 6:45 વાગ્યાથી.
હોટેલ પ્લેટિનમ, જ્યુબિલી ગાર્ડન સામે, જવાહર રોડ, રાજકોટ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કેયુર મહેતા, મોબાઈલ : 90990 38111.

બુધવાર, 4 સપ્ટેમ્બર 2024; સાંજે 7:00 વાગ્યાથી.
લક્ષ્મીનારાયણ ક્લબ એન્ડ રિસોર્ટ, સન ફાર્મા રોડ, પ્રમુખ સ્વામી નગર, અટલાદરા, વડોદરા – 390012, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અશ્વિની જોષી, મોબાઈલ : 81609 01639.

ગુરૂવાર, 5 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ પ્રોમીનેન્ટ કોર્પોરેટ રેસીડેન્સી, ઉઘાટિ પોળ રોડ, કુડાસણ, ગાંધીનગર – 382 421, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ આનંદ નાયક, મોબાઈલ : 95123 20010.

શુક્રવાર, 6 સપ્ટેમ્બર 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ ફનસિટી, એનએચ8 પાસે, સ્ટેશન, નવસારી – 396 445, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ કેયુર ઠક્કર, મોબાઈલ : 98987 24101.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે. વૉક-ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav — HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેણદેણ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**


# મુસ્લિમો સાથે પરામર્શ વચ્ચે, વકફ બિલ મુદ્દે JPCએ હિતધારકો પાસેથી સૂચનો માંગ્યા

**વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ મુદ્દે સંસદની સંયુક્ત સમિતિએ જનતા, એનજીઓ, નિષ્ણાતો, હિતધારકો અને સંસ્થાઓ પાસેથી મંતવ્યો અને સૂચનો માંગ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દેશના વિવિધ વિપક્ષી પક્ષો અને મુસ્લિમ સંસ્થાઓ દ્વારા દર્શાવવામાં આવેલ ચિંતાઓ વચ્ચે, વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ પર સંસદની સંયુક્ત સમિતિએ બુધવારે જાહેર જનતા, એનજીઓ, નિષ્ણાતો, હિતધારકો અને સંસ્થાઓને મંતવ્યો અને સૂચનો આપવા આમંત્રિત કર્યા છે.

જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલ આ વિવાદાસ્પદ કાયદા પર વિવિધ મુસ્લિમ સંસ્થાઓ સાથે પરામર્શ કરી રહ્યા છે. પાલ મંગળવારે લખનૌમાં ધાર્મિક નેતાઓ અને બૌદ્ધિકોને મળ્યા હતા અને તેમને ખાતરી આપી હતી કે વકફ સાથે કોઈ અન્યાય કરવામાં આવશે નહીં. સમિતિને આ લેખિત સૂચનો સંયુક્ત સચિવ, લોકસભા સચિવાલય, રૂમ નંબર ૪૪૦, સંસદ ગૃહ એનેક્સી, નવી દિલ્હી-૧૧૦૦૦૧ પર મોકલી શકાય છે અને



jpcwaqf-lss@sansad.nic.in પર પણ મેઈલ કરી શકાય છે.

લોકસભા સચિવાલય દ્વારા આ સૂચના જારી કરવામાં આવેલ છે અને સૂચનો અંગ્રેજી અથવા હિન્દીમાં લખીને મોકલી શકાશે. આ જાહેરાતના પ્રકાશનની તારીખથી ૧૫ દિવસની અંદર આ સૂચનો આપવાના છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જેઓ સમિતિ સમક્ષ હાજર થવા માંગે છે તેઓને તે સૂચવવા વિનંતી કરવામાં આવે છે. સબમિશનને ગોપનીય ગણવામાં આવશે અને વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ લોકસભાની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. લખનૌ મુલાકાત દરમિયાન વિવિધ સંસ્થાઓ વતી પાલને ૨૦-પોઈન્ટનું મેમોરેન્ડમ સુપરત કરવામાં આવ્યું હતું. ૩૧ સભ્યોની બનેલી JPCને બિલની તપાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જેમાં વકફ બિલ ૧૯૯૫માં વ્યાપક ફેરફારોની દરખાસ્ત કરવામાં આવી હતી. સરકારનું કહેવું છે કે વકફ (સુધારા) બિલનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વકફ મિલકતોની કામગીરીને સુવ્યવસ્થિત કરવામાં આવે અને બહેતર શાસન સુનિશ્ચિત કરવા માટે આ સુધારા જરૂરી છે.

# મહિલા પેનલ દ્વારા યેદિયુરપ્પા પર હુમલાનો આરોપ મૂકનાર મહિલાના મૃત્યુની તપાસની માંગ

**કર્ણાટકમાં મહિલા પેનલે તેના મૃત્યુ અને તેના દફનવિધિના સંચાલન અંગેની શંકાઓ વચ્ચે એક મહિલાના મૃત્યુની પોલીસ તપાસ માટે હાકલ કરી હતી જેણે બીએસ યેદિયુરપ્પા પર તેની સગીર પુત્રીનું જાતીય શોષણ કરવાનો આરોપ મૂક્યો હતો**

(એજન્સી) તા.૨

કર્ણાટક રાજ્ય મહિલા આયોગે કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બીએસ યેદિયુરપ્પા પર તેની સગીર પુત્રીનું જાતીય શોષણ કરવાનો આરોપ મૂકનાર મહિલાના મૃત્યુની પોલીસ તપાસની માંગ કરી છે. મહિલાના મૃત્યુ અને દફનવિધિ અંગે શંકા વચ્ચે પેનલે બેંગલુરૂ પોલીસ પાસેથી રિપોર્ટ પણ માંગ્યો છે.

મહિલા, જેણે ફરિયાદ કરી હતી કે ભાજપના નેતાએ ફેબ્રુઆરીમાં તેના બેંગલુરુના નિવાસસ્થાને તેની ૧૭ વર્ષની પુત્રીની છેડતી કરી હતી, તે મે મહિનામાં મૃત્યુ પામી હતી. ડોકટરોએ જણાવ્યું હતું કે તેનું મૃત્યુ ફેફસાના કેન્સરથી થયું હતું.

જો કે, મહિલા પેનલે તેના મૃત્યુ અને તેના મૃતદેહને દફનાવવાના સંજોગો અંગે શંકા વ્યક્ત કરી હતી. પોસ્ટમોર્ટમ વિના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હોવાની ફરિયાદ મે મહિનામાં નોંધવામાં આવી હતી. મહિલા આયોગના અધ્યક્ષ નાગલક્ષ્મી ચૌધરીએ બેંગલુરૂ પોલીસ કમિશનરને પત્ર લખીને આ કેસની ઝડપી અને સંપૂર્ણ તપાસ કરવા જણાવ્યું છે.

મીડિયા ટીવી સાથે વાત કરતા, "તેના



ચપીડિતાના ભાઈ અને કેટલીક સંસ્થાઓએ ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યું છે કે મહિલા ચમાનું પોસ્ટમોર્ટમ તેના મૃત્યુ પછી પણ કરવામાં આવ્યું ન હતું. તેમને તે ખૂબ જ શંકાસ્પદ લાગે છે કે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું ન હતું. જ્યારે ફરિયાદ દાખલ કરવામાં આવે છે, ત્યારે પોલીસ તપાસ કરવા બંધાયેલી છે."

યેદિયુરપ્પા સામે જાતીય શોષણની ફરિયાદ માર્ચ ૨૦૨૪૨માં નોંધવામાં આવી હતી. જો કે, આ કેસમાં પોલીસ દ્વારા કથિત નિષ્ક્રિયતાને ટાંકીને પીડિતાના ભાઈએ જૂનમાં કોર્ટમાં નવી અરજી દાખલ કરી, યેદિયુરપ્પાની તાત્કાલિક ધરપકડ અને પૂછપરછ કરવાની માંગ કરી.

કર્ણાટક પોલીસના ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID), જે ૮૧ વર્ષીય પૂર્વ મુખ્યમંત્રી વિરૂદ્ધ કેસની તપાસ કરી રહી છે, તેણે ૨૫ જુલાઈના રોજ પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટ હેઠળ તેની ચાર્જશીટ દાખલ કરી. ચાર્જશીટ મુજબ, મહિલા અને તેની પુત્રીએ પુત્રી સાથે સંકળાયેલા જાતીય શોષણના અગાઉના કેસ માટે ન્યાય મેળવવામાં મદદ મેળવવા માટે યેદિયુરપ્પાની મુલાકાત લીધી હતી. યેદિયુરપ્પાએ કથિત રીતે સગીરનો જમણો કાંડો પકડી લીધો અને પછી છોકરીને મીટિંગ રૂમમાં લઈ જઈને રૂમને તાળું મારી દીધું. રૂમની અંદર, યેદિયુરપ્પાએ કથિત રીતે છોકરીને પૂછ્યું કે શું તેને તેના પર બળાત્કાર કરનાર વ્યક્તિનો ચહેરો યાદ છે. જ્યારે છોકરી, જે હુમલા સમયે સાડા છ વર્ષની હતી, તેણે જવાબ આપ્યો કે તેને યાદ છે, તો યેદિયુરપ્પાએ આરોપનામામાં જણાવ્યા મુજબ કથિત રીતે તેની છેડતી કરી. જો કે, યેદિયુરપ્પાએ આરોપોને નકારી કાઢ્યા છે અને તેને "પાયાવિહોણા" ગણાવ્યા છે. તેમણે કહ્યું કે તે આરોપો સામે કોર્ટમાં લડશે.

# કંગના રણૌત ભાજપ માટે માથાનો દુ:ખાવો બની ગઈ છે પરંતુ શું કરવું તે ખબર નથી

(એજન્સી) તા.૨

કંગના રણૌતે સતત વિવાદાસ્પદ નિવેદનો કરીને ભાજપને મુશ્કેલીમાં મુકી દીધી છે, એટલા માટે પાર્ટીએ તેમની સામે ગેગ ઓર્ડર જારી કરવો પડ્યો. રાણાવતને મેનેજ કરવાનું ભાજપ નેતૃત્વને કેમ મુશ્કેલ લાગી રહ્યું છે ? બીજેપી નેતૃત્વ ખૂબ જ વિચિત્ર સમસ્યાનો સામનો કરી રહ્યું છે અને તેનું નામ કંગના રણૌત છે. મંડીના સાંસદ એક પછી એક વિવાદાસ્પદ નિવેદનો માટે સમાચારમાં રહ્યા છે - ૨૦૨૦-૨૧ના ખેડૂતોના વિરોધ દરમિયાન બળાત્કારના આરોપથી લઈને જાતિની વસ્તી ગણતરીની માંગની ખુલ્લેઆમ ટીકા કરવા સુધી. મામલો એટલી હદે વધી ગયો કે ભાજપે તેમની સાથે "અસંમતિ" વ્યક્ત કરતું નિવેદન બહાર પાડવું પડ્યું અને સ્પષ્ટતા કરવી પડી કે તેઓ "નીતિના મુદ્દાઓ પર નિવેદનો આપવા માટે અધિકૃત નથી". હવે ભાજપ મોટાભાગે એક એવા પક્ષ તરીકે ઓળખાય છે કે જેના નેતાઓ ભાગ્યે જ તેમના જાહેર નિવેદનોમાં પાર્ટી લાઇનથી વિચલિત થાય છે. તેથી તે ખરેખર મોટી વાત છે કે પાર્ટીએ તેમનાથી દૂર રહેવા માટે આટલું કડક નિવેદન બહાર પાડવું પડ્યું. એટલું જ નહીં, તેમને પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડા દ્વારા ૨૯ ઓગસ્ટના રોજ બોલાવવામાં આવ્યા હતા. પણ વાત એટલી સરળ નથી. એ વાતને નકારી શકાય નહીં કે રણૌતને વિચિત્ર નિવેદનો કરવાની આદત છે. પરંતુ એ પણ સાચું છે કે તે ભાજપના કાર્યકરોના એક વર્ગમાં તેમજ સોશિયલ મીડિયા પર હિંદુત્વ તરફી તત્વોમાં લોકપ્રિય છે. તો ભાજપ નેતૃત્વ અને અભિનેત્રીમાંથી રાજકારણી બનેલા રાણાવત વચ્ચે ખરેખર શું ચાલી રહ્યું છે ? અને શું પક્ષ તેમને અસરકારક રીતે સંભાળી શકશે ?




**"તમે સારો પ્રશ્ન કર્યો છે પણ તમારા પ્રશ્ને મને દુ:ખ પહોંચાડ્યું"**

કંગના રણૌતની સુપરહિટ ફિલ્મ તનુ વેડ્સ મનુ રિટર્ન્સનો આ સૌથી ફેમસ ડાયલોગ હતો. જો કે તે ફિલ્મમાં અભિનેતા દીપક ડોબરિયાલે કહ્યું હતું, તે રાણાવતને તેના તાજેતરના ઈન્ટરવ્યુ પછી વધુ લાગુ પડે છે.

તાજેતરના ઈન્ટરવ્યુમાં ખેડૂતોના વિરોધ અંગે રણૌતની ટિપ્પણીઓએ ભાજપને પહેલેથી જ મુશ્કેલીમાં મૂકી દીધી છે, ખાસ કરીને હરિયાણામાં આગામી મહિને યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જે ખેડૂતોના વિરોધનું કેન્દ્ર છે. આ નિવેદન પર ભાજપે જોરદાર જવાબ આપ્યો છે. પાર્ટીએ જણાવ્યું કે, "ભાજપ સાંસદ કંગના રણૌત દ્વારા ખેડૂતોના આંદોલનના સંદર્ભમાં આપવામાં આવેલ નિવેદન પાર્ટીનો અભિપ્રાય નથી. બીજેપી કંગના રણૌતના નિવેદન સાથે અસંમત છે. પાર્ટી કંગના રણૌતને પાર્ટીની નીતિના મુદ્દાઓ પર નિવેદન આપવાની મંજૂરી આપતી નથી. તેથી ન તો તેમને મંજૂરી છે અને ન તો તે કરવાનો અધિકાર છે." ભાજપે તેમને ભવિષ્યમાં આવું કોઈ નિવેદન ન કરવા સૂચના આપી છે." કંગના રણૌતની ટિપ્પણી પર બીજેપીનું નિવેદન જો હરિયાણાની ચૂંટણી ન થઈ હોત, તો પાર્ટી તેનને રાણાવતના અંગત અભિપ્રાય તરીકે સરળતાથી ફગાવી શકી હોત. પરંતુ વિરોધ કરી રહેલા ખેડૂતોને "બળાત્કારી" કહેવાનું સ્પષ્ટપણે ન હતું. લલનટોપના સૌરભ દ્વિવેદી સાથેના તેમના ઈન્ટરવ્યુમાં, રણૌતે કહ્યું, "આવું બિલકુલ ન થવું જોઈએ" આ મુદ્દે ભાજપના સાવચેતીભર્યા અભિગમને કારણે જ્યારે દ્વિવેદીએ દલિત જાતિઓ માટે હકારાત્મક કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો ત્યારે રણૌતે જણાવ્યું કે, "અનામત માત્ર ગરીબો માટે જ હોવી જોઈએ." તેઓ ગરીબ છે", દેખીતી રીતે જાતિના ભેદભાવને નકારી કાઢે છે. કમનસીબે રનૌત માટે શરમનો અંત ન આવ્યો. તેમણે ખોટી રીતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને "રામ કોવિડ જી" તરીકે ઓળખાવ્યા અને તેમને "ભારતના પ્રથમ દલિત રાષ્ટ્રપતિ" તરીકે ખોટી ઓળખ આપી. ઈન્ટરવ્યુ લેનારએ તરત જ ધ્યાન દોર્યું કે કેઆર નારાયણન હકીકતમાં પ્રથમ દલિત રાષ્ટ્રપતિ હતા અને રણૌતે "ખોટી માહિતી" હોવા બદલ માફી માંગવી પડી હતી. **(સૌ.: ધ ક્વિન્ટ.કોમ)**

# આર.જી. કર હોસ્પિટલની ઘટના માટે વિરોધ કરી રહેલા લોકોને ધમકી આપતા તૃણમૂલે તેના નેતાને સસ્પેન્ડ કર્યા

**આતિશ સરકારનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તેઓ આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનો વિરોધ કરી રહેલા લોકોને ધમકી આપતા જોવા મળ્યા હતા અને તે પછી TMC દ્વારા તેઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા**

(એજન્સી) તા.૨

બંગાળના શાસક પક્ષ TMCએ પૂર્વ કાઉન્સિલરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધો હતો જ્યારે તેનો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં તે આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં અનુસ્નાતક તાલીમાર્થી પર બળાત્કાર અને હત્યાનો વિરોધ કરનારાઓને ધમકી આપતો જોવા મળ્યો હતો. કોલકાતાથી લગભગ ૫૦ કિમી ઉત્તર-પૂર્વમાં ઉત્તર ૨૪ પરગણાના અશોકનગરના તૃણમૂલના નેતા, આતિશ સરકારે કહ્યું હતું કે, દીદીએ અમને હિંસા કરવા માટે સૂચના આપી છે. આ વીડિયો વ્યાપકપણે શેર કરવામાં આવ્યો છે. તે આ વીડિયોમાં કહે છે કે, તમારામાંથી જેઓ દીદી સાથે દુર્વ્યવહાર કરે છે, તે તેમનું ચારિત્ર્યહનન કરે છે, જો અમે તમારી માતાઓ અને બહેનોના અશ્લીલ પોસ્ટરો બનાવીએ અને દીવાલો પર લગાવીએ, તો તમે તેને દૂર કરી શકશો નહીં અને તે દિવસ ટૂંક સમયમાં આવવાનો છે. રવિવારે રાત્રે બંગાળી ટેલિવિઝન અને ફિલ્મ ઉદ્યોગના સભ્યો શહેરના મધ્યમાં એક બેઠકમાં કોલકાત્તાના રહેવાસીઓ સાથે જોડાયા હતા. આતિશ સરકારે વિરોધ પ્રદર્શનમાં જોડાનારાઓને સાવધાની રાખવાની ચેતવણી આપતા કહ્યું કે, જો અમે સવાર-સાંજ દરેક વિસ્તારમાં વિરોધ શરૂ કરીએ તો શું તમે તમારા ઘરની બહાર નીકળી શકશો? તૃણમૂલની વિદ્યાર્થી પાંખના સ્થાપના દિવસે, મુખ્યમંત્રીએ તેમના સંબોધનમાં તૃણમૂલ કાર્યકર્તાઓને બંગાળને બદનામ કરનારાઓ સામે લડત આપવા સૂચના આપી હતી. આ આયોજિત કાર્યક્રમમાં તેમના ભાષણમાં મમતાએ કહ્યું હતું કેઃ જો હું મારી ધીરજ ગુમાવીશ, તો તમને ખ્યાલ નથી કે હું શું કરી શકું છું. મેં ક્યારેય વેર વાળ્યું નથી. અમારે બદલો નહીં ન્યાય જોઈએ છે એવું સૂત્ર આપ્યું છે. હું આજે કહું છું કે આ સૂત્ર છોડો. તૃણમૂલના સભ્યોએ જે કરવું પડશે તે કરશે. હું કોઈ હિંસા ઈચ્છતી નથી, પરંતુ તમે બંગાળ વિરુદ્ધ કાવતરું ઘડનારાઓને તમે લડત આપી શકો છો. એક દિવસ પછી તેણીએ સ્પષ્ટતા કરી કે તેના શબ્દો ભાજપ માટે હતા અને તે ડોકટરો અથવા વિરોધીઓ માટે ન હતા અને કહ્યું કે તેઓને બદનામ કરવાની દૂષિત ઝુંબેશ ચાલી રહી છે. તેણીએ કહ્યું કે હિસિંગ બીટ રામકૃષ્ણ પરમહંસની કહેવત હતી. વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ તેમના X (ટ્વિટર) હેન્ડલ પર એક ઓડિયો ક્લિપ શેર કરી હતી જ્યાં તેમણે આરોપ લગાવ્યો હતો કે તૃણમૂલના કેનિંગ ધારાસભ્યએ બુધવારે રાત્રે દક્ષિણ ૨૪-



પરગણા શહેરમાં રિક્લેમ ધ નાઈટ વિરોધનું આયોજન કરી રહેલા સ્થાનિક રહેવાસીઓને ધમકી આપી હતી. તેમણે કહ્યું હતું કે, સીપીએમ, કોંગ્રેસ અને ભાજપે ફરી એક વાર અમારી પાર્ટી વિરુદ્ધ નફરત ફેલાવવાનું ષડયંત્ર રચ્યું છે. હું પક્ષના તમામ નેતાઓ, સંગઠનના આગેવાનો, પંચાયત અને પંચાયત સમિતિના પ્રતિનિધિઓને સૂચના આપું છું કે ૪ સપ્ટેમ્બરે કોઈપણ યુવતી કે પુરૂષને તેમના ઘરની બહાર નીકળવા દેવામાં ન આવે. આ પહેલીવાર નથી જ્યારે તૃણમૂલના નેતાઓએ ડોકટરો, વિદ્યાર્થીઓ અને અન્ય લોકોને વિરોધ પ્રદર્શનમાં જોડાવા અને રાજ્ય સંચાલિત મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં સલામત કામના વાતાવરણની માંગ કરતા લોકોને ધમકી આપી હોય. ઉત્તર બંગાળના વિકાસ મંત્રી ઉદયન ગુહાએ મુખ્યમંત્રી પર આંગળી ઉઠાવનારાના હાથ તોડી નાખવાની ધમકી આપી હતી. સુવેન્દુએ તેના 'X' હેન્ડલ પર લખ્યું કે, જો કોઈને હજુ પણ એવી આશા છે કે મમતા બેનરજી અને તેમના પક્ષના સભ્યો ન્યાય આપશે, તો કૃપા કરીને આ ઑડિયો ક્લિપ સાંભળો. જ્યારે મમતા બેનરજી રાજીનામું આપશે ત્યારે જ બંગાળની પરિસ્થિતિ સુધરશે. ત્યાં સુધી કોઈ આશા નથી. આજે બંગાળ વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવવામાં આવનાર છે જેમાં બળાત્કારીઓ માટે તપાસ, ટ્રાયલ અને ફાંસીની સજાને ઝડપી બનાવવાનો કાયદો પસાર કરવામાં આવશે. ગુહાએ તેમના મતવિસ્તાર દિનહાટામાં પાર્ટીના કાર્યક્રમમાં કહ્યું કેઃ જો તેઓ અમને એકવાર કરડે તો અમારે પાંચ વાર કરડીને બદલો લેવો પડશે.

# 'IC-814' સિરીઝ વિવાદ મુદ્દે Netflix કન્ટેન્ટ હેડને I&B મંત્રાલયનું સમન્સ

**પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ હરકત-ઉલ-મુજાહિદ્દીન સાથે સંકળાયેલા હાઈજેકર્સના નામ જાણીજોઈને બદલીને 'ભોલા' અને 'શંકર' જે હિન્દુ નામો રાખવામાં આવ્યા તે બદલ નિર્માતાઓની ટીકા કરવામાં આવી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

માહિતી અને પ્રસારણ મંત્રાલયે OTT પ્લેટફોર્મ Netflixના કન્ટેન્ટ હેડને IC-814 - ધ કંદહાર હાઈજેક શ્રેણીમાં હાઈજેકર્સને દર્શાવવાના વિવાદ અંગે ખુલાસો માંગતો સમન્સ મોકલ્યો છે. વિજય વર્મા અભિનીત વેબ સિરીઝ, ૧૯૯૯માં હાઈજેક થયેલી ઈન્ડિયન એરલાઈન્સની ફ્લાઈટના સેંકડો મુસાફરોના કરૂણ અનુભવોનું વર્ણન છે અને અફઘાનિસ્તાનમાં તાલિબાન-નિયંત્રિત કંદહારમાં સમાપ્ત થતાં પહેલાં તેને બહુવિધ સ્થળોએ વાળવામાં આવી હતી. પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ હરકત-ઉલ-મુજાહિદ્દીન સાથે સંકળાયેલા અપહરણકર્તાઓના નામ જાણીજોઈને બદલીને 'ભોલા' અને 'શંકર' રાખવામાં આવ્યા છે જે હિન્દુ નામો છે, એવી ટીકાઓ સામે આવ્યા બાદ આ શ્રેણી ગંભીર તપાસ હેઠળ આવી હતી.

બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ જણાવ્યું હતું કે હાઈજેકર્સ ભયંકર આતંકવાદીઓ હતા જેમણે તેમની મુસ્લિમ ઓળખ છુપાવવા માટે ઉપનામ મેળવ્યા હતા. બાદમાં આતંકવાદીઓના નામ ઈબ્રાહિમ અથર, સન્ની અહેમદ કાઝી, ઝહૂર ઈબ્રાહિમ, શાહિદ અખ્તર અને સૈયદ શાકિર હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.. માલવીયાએ X પરની પોસ્ટમાં લખ્યું કે,"ફિલ્મ નિર્માતા અનુભવ સિન્હાએ



તેમના બિન-મુસ્લિમ નામો આગળ વધારીને તેમના ગુનાહિત ઈરાદાને કાયદેસર બનાવ્યો. દાયકાઓ પછી લોકો વિચારશે કે હિંદુઓએ IC-814ને હાઈજેક કર્યું." માલવિયાએ કહ્યું કે, "પાકિસ્તાની આતંકવાદીઓ, બધા મુસ્લિમોના ગુનાઓ પર ઢાંક પિછોડો કરવાનો ડાબેરી એજન્ડા સફળ રહ્યો છે. આ સિનેમાની શક્તિ છે, જેનો સામ્યવાદીઓ ૭૦ના દાયકાથી અને કદાચ તેના પણ પહેલાના સમયથી આક્રમક રીતે ઉપયોગ કરી રહ્યા છે. આ ફક્ત ભારતની સુરક્ષાને જ નબળી નહીં પાડે પણ તેની સામે ખતરો પણ પેદા કરશે અને લાંબા ગાળે તમામ રક્તપાત માટે જવાબદાર ધાર્મિક જૂથને પણ જવાબદારીમાંથી છટકવા દેશે."

જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે 'કાશ્મીર ફાઈલ્સ' જેવી મૂવીઝને સનાતન સત્ય માની લેનાર લોકોને નેટફ્લિક્સ શોમાં IC814ની ઘટનાઓ જે રીતે દર્શાવવામાં આવી છે તે જોઇને વિચલિત થતાં જોવાનું ખરેખર રમૂજી છે.

અબ્દુલ્લાહે X પર કહ્યું, "હવે અચાનક તેઓ સ્ક્રિપ્ટમાં ચોકસાઈ અને સૂક્ષ્મતા ઈચ્છે છે."

આ શ્રેણી પત્રકાર શ્રીંજોય ચૌધરી અને હાઈજેક થયેલી ફ્લાઈટના કેપ્ટન દેવી શરણ દ્વારા લખાયેલ 'ફ્લાઈટ ઈન ફિયરઃ ધ કેપ્ટન્સ સ્ટોરી'નું પુસ્તક રૂપાંતરણ છે.

# 'IC 814' વિવાદ વચ્ચે કંગના રણૌત દ્વારા OTT સામગ્રી નિયમનની ટીકા

**કંગના રણૌતે ખાસ કરીને નેટફ્લિક્સ શ્રેણી 'IC 814 : ધ કંદહાર હાઈજેક'ને લક્ષ્યાંક બનાવતા OTT પ્લેટફોર્મ્સ પર સામગ્રી નિયમનની વર્તમાન સ્થિતિ પ્રત્યે તેમની હતાશા વ્યક્ત કરી હતી. તેની ફિલ્મ 'ઈમરજન્સી'ની રિલીઝ પણ મોકૂફ રાખવામાં આવી છે**

અનુભવ સિન્હાની નવીનતમ નેટફ્લિક્સ શ્રેણી, 'IC 814: ધ કંદહાર હાઈજેક'ની ટીકા કરવામાં સોશિયલ મીડિયા પર ઘણા લોકો સાથે અભિનેત્રી કંગના રણૌત પણ જોડાઈ. અભિનેત્રી તથા રાજકારણી એવી કંગનાએ OTT પ્લેટફોર્મ્સ પર સામગ્રી નિયમનની વર્તમાન સ્થિતિથી તેણીની હતાશા વ્યક્ત કરી હતી. તેની પોસ્ટ તેના જીવનચરિત્રાત્મક રાજકીય ફિલ્મ 'ઈમરજન્સી'ની રજૂઆતને મુલતવી રાખ્યાના એક દિવસ પછી આવી છે. અહેવાલ મુજબ આ ફિલ્મ હવે ૬ સપ્ટેમ્બરે રિલીઝ થશે નહીં. કંગનાએ ધ્યાન દોર્યું હતું કે રાજકીય રીતે પ્રેરિત એજન્ડાને ફિટ કરવા માટે ભારે હિંસા, નગ્નતા અને ઐતિહાસિક ઘટનાઓને વિકૃત કરવા માટે અનિયંત્રિત સ્વતંત્રતા હોવાનું જણાય છે.

તેણે X પર લખ્યું, "દેશનો કાયદો એ છે કે કોઈ પણ પરિણામ અથવા સેન્સરશીપ વિના OTT પ્લેટફોર્મ પર અકલ્પનીય હિંસા અને નગ્નતા બતાવી શકે છે; વ્યક્તિ તેમના રાજકીય રીતે પ્રેરિત અશુભ હેતુઓને અનુરૂપ વાસ્તવિક જીવનની ઘટનાઓને પણ વિકૃત કરી શકે છે. ત્યાં બધી સ્વતંત્રતા છે. વિશ્વભરના સામ્યવાદીઓ અથવા ડાબેરીઓ માટે આવા રાષ્ટ્રવિરોધી અભિવ્યક્તિઓ માટે, પરંતુ રાષ્ટ્રવાદી તરીકે કોઈ પણ OTT પ્લેટફોર્મ અમને એવી ફિલ્મો બનાવવાની મંજૂરી આપતું નથી જે ભારત (sic)ની અખંડિતતા અને એકતાની આસપાસ ફરે છે." કંગનાએ ઉમેર્યું, "એવું લાગે છે કે સેન્સરશિપ આપણામાંના કેટલાક લોકો માટે જ છે જેઓ આ રાષ્ટ્રનું 'ટુકડે' ઈચ્છતા નથી અને ઐતિહાસિક તથ્યો પર ફિલ્મો બનાવે છે. તે ખૂબ જ નિરાશાજનક અને અન્યાયી (sic) છે." અભિનેત્રીએ એક પોસ્ટના જવાબમાં પોતાનો અભિપ્રાય લખ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે 'IC 814: ધ કંદહાર હાઈજેક'ના નિર્માતાઓએ ચોક્કસ સમુદાયના આતંકવાદીઓનું રક્ષણ કરવા માટે હાઈજેકરોના નામ બદલીને 'શંકર' અને 'ભોલા' કર્યા છે.




'IC 814: ધ કંદહાર હાઈજેક' કાઠમંડુથી પ્રસ્થાન થયાની માત્ર ૪૦ મિનિટ પછી ૨૪ ડિસેમ્બર, ૧૯૯૯ના રોજ પાંચ આતંકવાદીઓ દ્વારા ૧૯૯૯માં ભારતીય વિમાનના હાઈજેકનું પ્રદર્શન કરે છે. છ એપિસોડની શ્રેણી ૨૯ ઓગસ્ટના રોજ Netflix પર સ્ટ્રીમિંગ થવી શરૂ થઈ હતી.

# દેશમાં દાવા કર્યા વિનાની મિલકતો રૂા. ૨ લાખ કરોડથી વધુની છે : ભારતમાં એસેટ ટ્રાન્સમિશન માટેના પડકારો

## મનીલાઈફ ફાઉન્ડેશનના એક અહેવાલમાં જણાવાયું છે કે, સરકાર અને નાણાકીય નિયમનકારોની અસ્કયામતો ૧૫%-૨૦%ના વાર્ષિક દરે વધી રહી છે

(એજન્સી) તા.૨

પ્રખ્યાત બેંકર અને જિયો ફાયનાન્શિયલ સર્વિસિસના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન કામથે મનીલાઈફ ફાઉન્ડેશનના અહેવાલ પર દાવો ન કરેલા ભંડોળને પુનઃપ્રાપ્ત કરવા વિશે આ કાર્યક્રમમાં વાત કરી હતી અને આ રકમ રૂ. ૨ લાખ કરોડ કે તેથી વધુ છે. મનીલાઈફ ફાઉન્ડેશનના સ્થાપક-ટ્રસ્ટી સુચેતા દલાલ દ્વારા સંચાલિત આ પેનલ ચર્ચા બાદ આ રિપોર્ટ રિલીઝ કરવામાં આવ્યો હતો. ICICI બેંકના ભૂતપૂર્વ ચીફ કામથ કહે છે કે, હું મારી સંપત્તિનો દાવો કરવામાં પડકારોમાંથી પસાર થઈ રહ્યો છું ત્યારે હું કલ્પના કરી શકું છું કે એવા સામાન્ય માણસ માટે તે કેવો પડકાર હશે, જેની પાસે જ્ઞાન નથી. જો કે, ટેક્નોલોજી સાથે, એસેટ ટ્રાન્સમિશનની સમસ્યા, જેના વિશે આપણે વાત કરી રહ્યા છીએ તે પ્રક્રિયા સરળ હોવી જોઈએ. અમારે ખાતરી કરવાની જરૂર છે કે નિયમનકાર અમારી ચિંતાઓ સમજે છે. આ અહેવાલની પ્રસ્તાવનામાં કામથે કહ્યું છે કે, તમામ સંબંધિત નિયમનકારોએ આ સમસ્યાને ઓળખી લીધી છે અને પ્રક્રિયાને કેવી રીતે સરળ બનાવી શકાય તે જોવા માટે નક્કર પગલાં લેવાનું શરૂ કર્યું છે. આ એક સારી શરૂઆત છે અને ટેક્નોલોજીમાં વર્તમાન વિકાસને જોતાં, નવા ઉકેલ આવી શકે છે. જો કે, મોટી રકમ ફસાયેલી હોવાને કારણે, શક્ય તેટલી વહેલી તકે આ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાની તાકીદની જરૂર છે. મનીલાઈફ ફાઉન્ડેશનના અહેવાલમાં જણાવાયું છે કે ૨ લાખ કરોડ રૂપિયાથી વધુની દાવા વગરની અસ્કયામતો સરકાર અને નાણાકીય નિયમનકારોની પાસે છે અને તે વાર્ષિક ૧૫%-૨૦%ના દરે વધી રહી છે. સામાન્ય રીતે, નિષ્ક્રિય બેંક ખાતાઓ, વીમા કંપનીઓમાં નિષ્ક્રિય પોલિસીઓની પાકતી મુદતની આવક, બેંક ખાતાઓમાં વ્યક્તિઓની જીવન બચત, ઈક્વિટી અને બોન્ડ રોકાણો, પ્રોવિડન્ટ ફંડ એકાઉન્ટ્સ, મ્યુચ્યુઅલ ફંડ રોકાણો, પોસ્ટ-ઓફિસ બચત તેમજ ડિવિડન્ડમાંથી દાવા વગરની મિલકતો છે અને તેમાં વ્યાજ અને અન્ય કોર્પોરેટ લાભો કે વર્ષોથી રોકડ કરવામાં આવ્યા નથી. દાવા ન કરેલ વીમો, પોસ્ટ ઓફિસ સેવિંગ્સ અને પ્રોવિડન્ટ ફંડના નાણાં વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ ભંડોળ (SCWF)માં ટ્રાન્સફર કરવામાં આવે છે. વીમા નિયમનકારે લગભગ રૂા.૧૦,૦૦૦ કરોડ ટ્રાન્સફર કર્યાનું સ્વીકાર્યું છે. જો કે, અહેવાલમાં વિવિધ સ્ત્રોતોએ દાવો ન કરેલ વીમા ભંડોળ રૂા.૨૨,૦૦૦ કરોડથી રૂા.૨૭,૦૦૦ કરોડ હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. તેવી જ રીતે, bankbazar.comએ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) પાસે દાવા વગરનું ભંડોળ રૂા.૨૭,૦૦૦ કરોડ હોવાનો અંદાજ મૂક્યો છે. દાવા વગરના ભંડોળની રકમ અંગેના ચોક્કસ ડેટાનો અભાવ છે. મૃતકની સંપત્તિનો દાવો કરતી વખતે નોમિનીઓ અને કાનૂની વારસદારોને જે પડકારોનો સામનો કરવો પડે છે તેમાં નોમિનેશન માટેની અસંગત પ્રક્રિયાઓ, પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓનો અભાવ, ડેટાની નબળી શોધક્ષમતા, જ્ઞાનનો અભાવ અને અધિકારીઓ દ્વારા કનડગતને લીધે આવા દાવાના પતાવટમાં ગેરવાજબી વિલંબ થાય છે.

**અહેવાલની મુખ્ય ભલામણો :** મનીલાઈફ ફાઉન્ડેશન વિવિધ નાણાકીય અસ્કયામતોમાં માહિતી મેળવવા માટે દાવેદારો માટે એકીકૃત પ્લેટફોર્મ અથવા શોધી શકાય તેવા ડેટાબેસ તરીકે ટેક-આધારિત ઉકેલની ભલામણ કરે છે. આવી ઓનલાઈન રિપોઝીટરી જન્મ અને મૃત્યુ સંબંધિત માહિતીની જાળવણી અને ચકાસણી કરશે. અન્ય ભલામણોમાં તમામ નાણાકીય ક્ષેત્રોમાં વિગતવાર પ્રમાણિત ઓપરેટિંગ પ્રક્રિયાઓની સ્થાપના અને દાવેદારોને માર્ગદર્શન આપવા માટે સ્વીકાર્ય દસ્તાવેજોની સૂચિનો સમાવેશ થાય છે, પછી ભલે તે નોમિની અથવા કાનૂની વારસદાર હોય.

**ભારત માટે પ્રસ્તાવિત ઉકેલ :**

- કેન્દ્રિય ડેટાબેઝ : દાવેદારો માટે તમામ નાણાકીય અસ્કયામતોની માહિતી મેળવવા માટે એક એકીકૃત પ્લેટફોર્મ.
- સેન્ટ્રલ રિપોઝીટરી ઓફ ડેથ રજિસ્ટ્રેશન.
- સ્પષ્ટ SOP : સ્વીકાર્ય દસ્તાવેજોની સૂચિ સહિત દાવેદારોને માર્ગદર્શન આપવા માટે નાણાકીય ક્ષેત્રોમાં વિગતવાર, પ્રમાણિત SOP સ્થાપિત કરવા.
- કાનૂની સુધારાઓ: ઉત્તરાધિકાર અને વારસાની પ્રક્રિયાઓને સરળ બનાવવી.

આ રિપોર્ટમાં અસમર્થ પુખ્ત વયના લોકો માટે કાનૂની પ્રક્રિયાઓમાં ગંભીર ક્ષતિઓને પણ દર્શાવી છે જેમની પાસે ભંડોળ છે પરંતુ તેઓ પોતાના સ્વાસ્થ્ય અને તબીબી અથવા નાણાકીય નિર્ણયો લેવામાં અસમર્થ છે. આ અહેવાલનું વિમોચન દલાલ દ્વારા સંચાલિત પેનલ ચર્ચા દ્વારા કરવામાં આવ્યું હતું. સેફગાર્ડ્સ સાથે નોમિનેશન એસેટ ટ્રાન્સમિશન પ્રક્રિયાને સરળ બનાવવામાં મદદ કરી શકે છે કે કેમ તે અંગેના પ્રશ્નના જવાબમાં, ફી ઓન્લી ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સના સ્થાપક હર્ષ રૂંગટા કહે છે કે, લોકો વિલ લખવા માટે અણગમો ધરાવે છે, શું નોમિનેશન વિલને બદલી શકે છે ? હા કદાચ નાણાકીય અસ્કયામતોમાં આ શક્ય છે પરંતુ સ્થાવર અસ્કયામતો માટે તે વધુ જટિલ છે. સેબીના ભૂતપૂર્વ લીગલ ઓફિસર અને જોબી મેથ્યુ એન્ડ એસોસિએટ્સના સ્થાપક જોબી મેથ્યુ કહે છે કે, નોમિનેશન કરીને તમે મૂળભૂત રીતે વિશ્વને કહી રહ્યા છો કે આ તે વ્યક્તિને તમારી સંપત્તિઓ આપવી જોઈએ. એસેટ ટ્રાન્સમિશનને સરળ કરવાના માર્ગ વિશે કામથ કહે છે કે, દાવા વગરનું ભંડોળ ઘણું મોટું છે, પરંતુ આજે અમારી પાસે દરેક વસ્તુ માટે ટેક આધારિત ઉકેલો છે અને લગભગ દરેક વસ્તુ એકબીજા સાથે જોડાયેલી છે. આપણને આદર્શ રીતે આ સમસ્યા ન હોવી જોઈએ અને આપણે તેના ઉકેલની જરૂર છે. મનીલાઈફ ફાઉન્ડેશનનો અહેવાલ નોમિનેશન, ટ્રાન્સમિશન, દાવા વગરના ભંડોળ અને તેમાં સામેલ પ્રક્રિયાઓ સંબંધિત મુદ્દાઓ પર મૂળભૂત તથ્યોને દર્શાવે છે. સામાન્ય નાગરિકો માટે વસ્તુઓ સરળ બનાવવા માટે પ્રક્રિયાઓ ઘટાડવા, સરકારના વિવિધ ભાગો અને નિયમનકારી સંસ્થાઓ વચ્ચેની કાર્યવાહીનો સુમેળ કરવા માટે સંભવિત ઉકેલો સૂચવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

# SEBIનાં વડા ICICI પાસેથી પણ પગાર લેતાં હતાં કોંગ્રેસે આરોપ લગાવતા વડાપ્રધાન પર નિશાન સાધ્યું

## કોંગ્રેસે દાવો કર્યો છે કે, માધબી પુરી બુચે ૨૦૧૭માં SEBIમાં જોડાયાં ત્યારથી ICICI પાસેથી રૂા.૧૬.૮ કરોડની આવક મેળવી હતી, જે આ જ સમયગાળા દરમિયાન તેની રૂા.૩.૩ કરોડની SEBIની આવક કરતાં ૫.૦૯ ગણી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસે SEBIના ચેરપર્સન માધબી પુરી બુચ પર હિતોના સંઘર્ષનો આરોપ મૂક્યો હતો અને એવો આરોપ મૂક્યો હતો કે, તે માર્કેટ રેગ્યુલેટરી બોડીના પૂર્ણ-સમયના સભ્ય હોવા છતાં ખાનગી બેંકમાંથી નિયમિત આવક મેળવતા હતા. પક્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમની નિમણૂક પર સ્પષ્ટતા કરવા કહ્યું હતું. કોંગ્રેસે આરોપ લગાવ્યો કે, SEBIના વર્તમાન અધ્યક્ષે ૨૦૧૭માં પદ સંભાળ્યું ત્યારથી તે માત્ર SEBI પાસેથી પગાર મેળવતા નથી, પરંતુ ICICI બેંક અને તેના હોલ્ડિંગ્સમાં નફાની આવક પણ મેળવે છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું હતું કે, જ્યારે તમે એક કંપનીમાં કામ કરો છો, ત્યારે તમે માત્ર ત્યાંથી જ પગાર લો છો. જો કે, SEBIના ચેરપર્સન SEBIના સંપૂર્ણ સમયના સભ્ય હતા, ત્યારે તેઓ ICICI બેંક, પ્રુડેન્શિયલ અને ESOP તરફથી ૨૦૧૭-૨૦૨૪થી નિયમિત આવક મેળવતા હતા. રેગ્યુલેટરી બોડીમાં આટલા ઊંચા હોદ્દા પર તેઓને બીજે ક્યાંકથી પેમેન્ટ મળી રહ્યું છે, આ SEBIની કલમ ૫૪નું ઉલ્લંઘન છે.



માધબી બુચ ૫ એપ્રિલ, ૨૦૧૭થી ૪ ઓકટોબર, ૨૦૨૧ સુધી SEBIના સંપૂર્ણ સમયના સભ્ય હતા અને તેણીએ માર્ચ ૨૦૨૨ સુધી SEBIના અધ્યક્ષ તરીકેની ભૂમિકા સંભાળી હતી. બુચ એ ૧૯૮૯માં ICICI બેંક સાથે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી, તેણે ફેબ્રુઆરી ૨૦૦૯થી મે ૨૦૧૧ સુધી ICICI સિક્યોરિટીઝના CEO તરીકે સેવા આપી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, ૨૦૧૭માં SEBIમાં જોડાયા ત્યારથી લઈને આજ સુધીમાં બુચને આઈસીઆઈસીઆઈ તરફથી મળેલી કુલ રકમ રૂા.૧૬.૮ કરોડ છે, જે તે જ સમયગાળા દરમિયાન SEBI પાસેથી મળેલી આવકના ૫.૦૯ ગણા છે.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી ઈન્ચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે, અદાણી જૂથ દ્વારા સિક્યોરિટીઝ કાયદાના ઉલ્લંઘનની તપાસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ફરજિયાત તપાસમાં SEBIના અધ્યક્ષના હિતોના સંઘર્ષ પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. દેશના બિન-જૈવિક વડાપ્રધાન જેઓ તેમના મૌન દ્વારા SEBIના અધ્યક્ષને રક્ષણ આપવામાં સંડોવાયેલા છે, તેમણે સ્પષ્ટતા કરવી જોઈએ અને નીચેના પ્રશ્નોના જવાબ આપવા જોઈએ કે નિયમનકારી સંસ્થાઓના વડાઓની નિમણૂક માટે યોગ્ય માપદંડ શું છે ?

ICICI બેંકે સ્પષ્ટતા કરી છે કે, બુચને તેણીના નિવૃત્તિ પછી બેંક અથવા તેની જૂથ કંપનીઓ દ્વારા તેમના નિવૃત્ત લાભો સિવાય કોઈ પગાર ચૂકવવામાં આવ્યો નથી અથવા કોઈ ESOP આપવામાં આવ્યો નથી. ICICI ગ્રુપમાં તેણીની નોકરી દરમિયાન તેણીને લાગુ પડતી નીતિઓને અનુરૂપ પગાર, નિવૃત્ત લાભો, બોનસ અને ESOPsના રૂપમાં વળતર મળ્યું હતું.

# મુસ્લિમોને નિશાન બનાવવા માટે ખુલ્લી છૂટ આપવામાં આવી છે : રાહુલ ગાંધીએ લઘુમતીઓ પર વધતા જતા હુમલાઓ માટે મોદી સરકારની ટીકા કરી

(એજન્સી) તા.૨

રાહુલ ગાંધીએ લઘુમતીઓ, અને ખાસ કરીને મુસ્લિમો પર કરવામાં આવતા હુમલાઓ જેવા કે, હરિયાણામાં એક પરપ્રાંતિય કામદારને માર મારવામાં આવ્યો હતો અને મહારાષ્ટ્રમાં ગૌમાંસ લઈ જવાની શંકામાં એક વૃદ્ધ વ્યક્તિ પર ટ્રેનમાં હુમલો કરવામાં આવ્યો હતો તે અંગે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. લોકસભામાં વિપક્ષના નેતાએ લઘુમતીઓને મુસ્લિમોને નિશાન બનાવવાને બંધારણ પર હુમલો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે જો વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનશે તો બંધારણમાં ફેરફાર કરશે તેવી વિપક્ષની ઝુંબેશથી ભાજપને ચૂંટણીમાં નુકસાન પહોંચ્યું છે અને NDA સરકાર તેના નિર્ણયો પાછી ખેંચી રહી છે અથવા તેની નીતિઓમાં ફેરફાર કરી રહી છે. X પર હિન્દીમાં એક પોસ્ટમાં, રાહુલે કહ્યું કેઃ જે લોકો નફરતનો રાજકીય શસ્ત્ર તરીકે ઉપયોગ કરીને સત્તાની સીડી પર ચઢ્યા છે તેઓ સતત દેશભરમાં ભયનું શાસન સ્થાપિત કરી રહ્યા છે. ટોળાના રૂપમાં છુપાયેલા દ્વેષી તત્વો કાયદાના શાસનને પડકાર ફેંકીને ખુલ્લેઆમ હિંસા ફેલાવી રહ્યા છે. આવી હિંસા માટે ભાજપને જવાબદાર ઠેરવતા,



> **લોકસભામાં વિપક્ષના નેતાએ લઘુમતીઓ મુસ્લિમોને નિશાન બનાવવાને બંધારણ પર હુમલો ગણાવ્યો છે**

તેમણે કહ્યું કે, આ બદમાશોને ભાજપ સરકાર તરફથી સ્વતંત્રતા આપવામાં આવી છે, તેથી જ તેમને આ કરવાની હિંમત મળી છે. લઘુમતીઓ પર, ખાસ કરીને મુસ્લિમો પર હુમલાઓ ચાલુ છે અને સરકારી તંત્ર મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યું છે. ગયા અઠવાડિયે, કોંગ્રેસે બુલડોઝર ન્યાય વિરુદ્ધ પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. રાહુલે કહ્યું કેઃ આવા અરાજક તત્વો સામે કડક કાર્યવાહી કરીને કાયદાની સત્તા સ્થાપિત કરવી જોઈએ. ભારતની સાંપ્રદાયિક એકતા અને ભારતીયોના અધિકારો પરનો કોઈપણ હુમલો એ બંધારણ પર હુમલો છે, જેને અમે બિલકુલ સાંખી લઈશું નહીં. ભાજપ ગમે તેટલા પ્રયત્નો કરે, અમે ભારતને નફરત સામે એક કરવા માટે આ ઐતિહાસિક યુદ્ધ જીતીશું. હરિયાણામાં, બંગાળના એક સ્થળાંતરિત કામદાર સાબીર મલિકને ૨૭ ઓગસ્ટના રોજ ચરખીદાદરી જિલ્લામાં કથિત ગાયના રક્ષકો દ્વારા ગૌમાંસ ખાવાની શંકામાં માર મારવામાં આવ્યો હતો. હરિયાણાના મુખ્યપ્રધાન નાયબસિંહ સૈનીએ "મોબ લિંચિંગ" શબ્દના ઉપયોગનો વિરોધ કર્યો હતો, અને કહ્યું હતું કે રાજ્યમાં ગાય સંરક્ષણ માટે કડક કાયદા છે. મહારાષ્ટ્રમાં, ૨૮ ઑગસ્ટના રોજ ધુલે-CSMT એક્સપ્રેસમાં ગૌમાંસ લઈ જવા માટે પોલીસ ભરતીની પરીક્ષા માટે મુસાફરી કરી રહેલા યુવાનો દ્વારા ૭૨ વર્ષીય વ્યક્તિ સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો, માર મારવામાં આવ્યો હતો અને લાત મારવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પીડિત ભેંસનું માંસ લઈને જતો હતો જે મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત નથી.

# એ.પી. ધિલ્લોનના ઘર પર ફાયરિંગ : કેનેડાના વાનકુવરમાં જાણીતા પંજાબી ગાયકના ઘરની બહાર ગોળીબાર

## કેટલાક અહેવાલો સૂચવે છે કે, કેનેડાના વાનકુવરમાં જાણીતા પંજાબી ગાયક એ.પી. ધિલ્લોનના ઘરની બહાર એક અજાણ્યા વ્યક્તિએ ગોળીબાર કર્યો હતો

(એજન્સી) તા.૨

કેનેડાના વાનકુવરમાં વિક્ટોરિયા આઈલેન્ડ પર પંજાબી ગાયક એ.પી. ધિલ્લોનના ઘરની બહાર ગોળીબાર કરવામાં આવ્યો હતો. કથિત ગોળીબારનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે અને લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્ય રોહિત ગોદારા નામના વ્યક્તિએ કથિત રીતે આ ઘટનાની જવાબદારી લીધી છે. મીડિયા અનુસાર સોશિયલ મીડિયા પર ફરતા એક સંદેશમાં દાવો કરવામાં





આવ્યો છે કે, ૧ સપ્ટેમ્બરની રાત્રે એક ગેંગે કેનેડામાં બે સ્થળો-વિક્ટોરિયા આઈલેન્ડ અને વુડબ્રિજ, ટોરોન્ટો પર ગોળીબાર કર્યો હતો. લોરેન્સ બિશ્નોઈ ગેંગે અભિનેતા સલમાન ખાન સાથેના તેના જોડાણનો ઉલ્લેખ કરીને ધિલ્લોનને ધમકી પણ આપી છે અને તેને ચેતવણી આપી છે કે, 'હદમાં રહે, નહીં તો તે કૂતરાના મોતે' મરીશ.

# વાનકુવરમાં એ.પી. ધિલ્લોનના નિવાસની બહાર શા માટે ગોળી ચલાવવામાં આવી ? લોરેન્સ બિશ્નોઈ ગેંગના શૂટરે કારણ જાહેર કર્યું

## પ્રખ્યાત પંજાબી ગાયક અને રેપર એ.પી. ધિલ્લોનના ઘરની બહાર કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા કેનેડાના વાનકુવરમાં ગોળીબાર કથિત રીતે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન સાથે ધિલ્લોનના તાજેતરના સહયોગ સાથે સંકળાયેલો છે

(એજન્સી) તા.૨

ધિલ્લોનના ઘરની બહાર ગોળીબાર કરતો એક વણચકાસાયેલ વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. જો કે, સત્તાવાળાઓ તરફથી સત્તાવાર પુષ્ટિ હજુ બાકી છે. બિશ્નોઈ ગેંગના સભ્ય દ્વારા કથિત રીતે કરવામાં આવેલી પોસ્ટમાં ગેંગે દાવો કર્યો હતો કે, તેમણે ખાન સાથેના જોડાણને કારણે ગાયકના નિવાસસ્થાનને નિશાન બનાવ્યું હતું. લોરેન્સ બિશ્નોઈ ગેંગના જાણીતા સહયોગી રોહિત ગોદારાને આભારી પોસ્ટમાં વિક્ટોરિયા આઈલેન્ડ અને વુડબ્રિજ, ટોરોન્ટો એમ બે સ્થળોએ ગોળીબારની ઘટનાઓ વિશે બડાઈ મારવામાં આવી હતી. આ મેસેજ જે ત્યારથી વાયરલ થયો છે, તેણે ધિલ્લોનની ટીકા કરી સૂચવ્યું કે તેણે હુમલાખોરોનો સામનો કરવો જોઈએ. પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે, 'વિક્ટોરિયા આઈલેન્ડનું ઘર એ.પી. ધિલ્લોનનું છે. સલમાન ખાનને તેના ગીતમાં કાસ્ટ કર્યા પછી તે દેખાડો કરી રહ્યો હતો. અમે તમારા ઘરે આવ્યા હતા, તમારે બહાર આવીને અમને કંઈક એક્શન બતાવવું જોઈતું હતું. તમે જે અંડરવર્લ્ડ લાઈફની નકલ કરો છો, અમે વાસ્તવમાં તેને જીવી રહ્યા છીએ અપની ઔકાત મેં રહો નહીં તો કુત્તે કી મૌત મરોગે.'

# ભીષણ દુષ્કાળ વચ્ચે માંસ માટે હાથીઓને મારવાની નામિબિયાની યોજના : અહેવાલ

(એજન્સી) તા.૨

દક્ષિણ આફ્રિકન રાષ્ટ્ર તેની ૧.૪ મિલિયનની વસ્તીને ખવડાવવા માટે ૮૩ હાથીઓ સહિત ૭૦૦ થી વધુ જંગલી પ્રાણીઓને મારી નાખવાની યોજના ધરાવે છે. ગંભીર દુષ્કાળની વચ્ચે નામિબિયા દેશમાં હાથીઓને મારી નાખી તેમની ભૂખની કટોકટીનો ઉકેલ લાવવાની યોજના ધરાવે છે જેણે તેમની અડધી વસ્તી એવા લગભગ ૧.૪ મિલિયન લોકોને અસર કરી છે. મીડિયા અહેવાલ અનુસાર દેશના પર્યાવરણ, વનસંવર્ધન અને પર્યટન મંત્રાલયે જણાવ્યું હતું કે,આફ્રિકન દેશની વ્યૂહરચનામાં ૮૩ હાથીઓ સહિત ૭૨૩ જંગલી પ્રાણીઓને મારી નાખવાનો સમાવેશ થાય છે, જેનો 'સીધો સાદો' અર્થ એ થાય છે કે તે 'આપણા બંધારણીય આદેશને અનુરૂપ છે કે જ્યાં આપણા કુદરતી સંસાધનોનો ઉપયોગ નામીબિયાના નાગરિકોના લાભ માટે થાય'. યુનાઈટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના આફ્રિકા ઓફિસના ડિરેક્ટર રોઝ મ્વેબાઝાએ મીડિયાને કહ્યુંઃ 'સ્વસ્થ જંગલી પ્રાણીઓની વસ્તીની સારી રીતે વ્યવસ્થાપિત, ટકાઉ કતલ સમુદાયો માટે ખોરાકનો અમૂલ્ય સ્ત્રોત બની શકે છે.' જુનમાં યુએન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ મુજબ, દક્ષિણ આફ્રિકા દુષ્કાળથી પીડાઈ રહ્યું છે, સમગ્ર પ્રદેશમાં ૩૦ મિલિયનથી વધુ લોકો અસરગ્રસ્ત છે. યુ.એસ. એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના પ્રવક્તા બેન્જામિન સુરાતોના જણાવ્યા અનુસાર, દુષ્કાળ એ પ્રદેશમાં એક સામાન્ય ઘટના છે, ખાસ કરીને ૨૦૧૮ થી ૨૦૨૧ દરમિયાન વારંવાર દુકાળ પડ્યો છે. જો કે, હાલમાં દક્ષિણ આફ્રિકામાં જે દુષ્કાળ પડે છે તે



પહેલા કરતા વધુ વ્યાપક અને વિનાશક છે. નમિબિયામાં વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડના કન્ટ્રી ડિરેક્ટર જુલિયન ઝેઈડલરે જણાવ્યું હતું કે, 'લોકો માટે કોઈ ખોરાક નથી અને પ્રાણીઓ માટે કોઈ ખોરાક નથી.' બેન્જામિન સુઆરાતો માને છે કે આ વર્ષના ગંભીર દુષ્કાળના મુખ્ય કારણોમાંનું એક અલ નીનો છે, જે વિશ્વના ભાગોમાં ગરમ, સૂકા હવામાન સાથે સંકળાયેલ કુદરતી રીતે બનતી આબોહવાની પેટર્ન છે. શ્રી સુઆરતોએ જણાવ્યું હતું કે,આ આબોહવાની પેટર્નના પુનરાગમનને કારણે 'વિક્રમજનક દુષ્કાળ સર્જાયો છે જેમાં પ્રદેશના કેટલાક ભાગોમાં વાર્ષિક અડધાથી ઓછો વરસાદ પડ્યો છે,'. નમિબીઆમાં દુષ્કાળને કારણે તેમના તમામ મુખ્ય પાક સૂકાઈ ગયા છે અને તેમના પશુધન નાશ પામ્યું છે, તેમને તેમના ખોરાકના આગલા સ્ત્રોત તરીકે જંગલી પ્રાણીઓને ખાવાની ફરજ પડી છે. હાથીઓ ઉપરાંત, ૩૦૦ ઝેબ્રા, ૩૦ હિપ્પો, ૫૦ ઈમ્પાલા, ૬૦ ભેંસ, ૧૦૦ વાદળી વાઈલ્ડબીસ્ટ અને ૧૦૦ એલેન્ડ્સ (એક પ્રકારનું કાળિયાર) પણ કસાઈવાડે જવાના છે. જ્યારે માંસ એક કારણ છે, ત્યારે મનુષ્યો સાથેના ખતરનાક મુકાબલોને ઘટાડવા માટે પ્રાણીઓની પણ હત્યા કરવામાં આવી રહી છે, જે વધુ વારંવાર બની શકે છે કારણ કે મનુષ્ય અને પ્રાણીઓ બંને પાણી અને ખોરાક માટે એકબીજાથી સ્પર્ધા કરે છે.

# કપિલ સિબ્બલે પોતાની 'લાક્ષણિક અસ્વસ્થતા' અંગેની ટિપ્પણી માટે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની ટીકાનો જવાબ આપતા સમગ્ર દેશમાં જાતીય હુમલાના કેસોની સંખ્યાને ટાંકતા કહ્યું : 'ધનખડજી તમે આ જોયું છે ?'

(એજન્સી) તા.૨

સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA)ના પૂર્વ પ્રમુખ તરીકે કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજમાં તાલીમાર્થી ડોક્ટર પર બળાત્કાર અને હત્યાનું વર્ણન કરતા કથિત ઠરાવની ટીકા કરવા બદલ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પર વળતો પ્રહાર કર્યો હતો. X (ટ્વિટર) પર સિબ્બલે ૨૦૧૭થી ૨૦૨૨ દરમિયાન સમગ્ર દેશમાં જાતીય હુમલાના કેસોની સંખ્યા પર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલને ટાંક્યો હતો, જેમાં પશ્ચિમ બંગાળ આ યાદીમાં નથી. તેમણે લખ્યું કે, બળાત્કાર/ગેંગરેપ અને હત્યાના ૧૫૫૧ કેસમાંથી યુપીમાં સૌથી વધુ (૨૮૦) કેસ નોંધાયા છે, ત્યારબાદ એમપી (૨૦૭), આસામ (૨૦૫), મહારાષ્ટ્ર (૧૫૫) અને કર્ણાટક (૭૯) છે. ધનખડજી તમે આ જોયું

> **કપિલ સિબ્બલે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ તરીકે જારી કરાયેલા ઠરાવમાં કોલકાતા બળાત્કાર-હત્યાના કેસને 'લાક્ષણિક અસ્વસ્થતા' ગણાવ્યો હતો**

છે ? આ યાદીમાં પશ્ચિમ બંગાળ કેમ નથી ? શું તમને કોઈ અસ્વસ્થતા થતી નથી ? સિબ્બલ સુપ્રીમ કોર્ટમાં પશ્ચિમ બંગાળ સરકારનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આ કથિત ઠરાવમાં કોંગ્રેસ પક્ષના પૂર્વ સદસ્યએ એવું પણ સૂચન કર્યું હતું કે, આર.જી. કર જેવી ઘટનાઓ 'સામાન્ય' છે, આ નિવેદન માટે ઉપરાષ્ટ્રપતિને ગુસ્સો આવ્યો છે. ધનખડે સિબ્બલની તેમની આ ટિપ્પણી બદલ ટીકા કરતા કહ્યું હતું કે, હું ભયભીત છું અને મને દુઃખ થાય છે અને કંઈક અંશે આશ્ચર્ય પણ થાય છે કે, સુપ્રીમ કોર્ટ બારમાં હોદ્દો ધરાવનાર એક સંસદસભ્ય આવી રીતે વર્તન કરે છે અને તે આવું કહે છે ? શું આ ઘટના એક લક્ષણયુક્ત અસ્વસ્થતા છે અને તેમણે સૂચવ્યું કે આવી ઘટનાઓ સામાન્ય છે ? શું શરમજનક નથી ! આવા વલણની નિંદા કરવા માટે મારી પાસે શબ્દો નથી. તે તેમના ઉચ્ચ પદ સાથે અન્યાય કરી રહ્યા છે.

# યુપીના બહરાઈચમાં છ વર્ષના પોતાના માસૂમ દીકરાને વરૂના પંજામાંથી બચાવી લેતી મહિલા

(એજન્સી) લખનૌ, તા.૨

યુપીના બહરાઈચમાં રવિવારે ઘરની બહાર સૂતેલા લોકો પર ગુપ્ત બે હુમલા થતા વર્ગોના આતંકને પગલે છ દિવસ સુધી સર્જાયેલી શાંતિ ભંગ થઈ હતી. વરૂ એક છ વર્ષની વયના બાળકને ગળેથી પકડીને દબોચીને લઈ જતો હતો ત્યારે બાળકની દબાયેલી અવાજમાં બચાવવાની ચીસોથી તેની માતા જાગી ગઈ હતી અને માતાએ દીકરાને બચાવવા માટે વરૂ તરફ છલાંગ લગાવી દીધી હતી. હરડી ગામની ગુડિયા તેના ઘરના વરંડામાં તેના છ વર્ષના દીકરા પારસ સાથે ખાટલા પર સૂતી હતી ત્યારે ચોરી છુપેથી વરૂ ત્રાટકીઓ હતો અને બાળકને ઉપાડી જવાની કોશિશ કરી હતી આ પહેલાં પણ સાત વર્ષના એક બાળકને વરૂ ઉપાડી ગયો હતો તેના જેવો જ આ હુમલો હતો. એ સાત વર્ષના બાળક અયાનશને પણ વરૂ સુતેલી માતાની બાજુમાંથી ઉપાડી ગયો હતો અને બાળકને ફાડી ખાધો હતો આ ઘટના ૨૬ જુલાઈના રોજ બની હતી. જોકે પારસ પણ તેના નજીકના ગામ દરહિયાના ૫૫ વર્ષની ઉંમરના કુંડનું લાલની જેમ બચી ગયો હતો અને તેને માત્ર ગળા પર વરૂના બટકાથી ઈજા થઈ હતી. પ્રથમ હુમલા પછીના બે જ કલાક બાદ બાજુના ગામમાં હુમલો થયો હતો પણ કુનનુ લાલને તેના પરિવારજનો એ વરૂના પંજામાંથી બચાવી લીધો હતો. ગુડિયા એ જણાવ્યું હતું કે હું અચાનક જાગી ઉઠે ત્યારે વરૂ મારા દીકરાનું ગળું દબાવીને તેને ઉપાડી જતો જોયો હતો એટલે મેં થાય એટલી તાકાત ભેગી કરી હતી અને તુરંત જ ગમે તેમ કરીને મારા દીકરાને તેના પંજામાંથી બચાવી લીધો હતો અને તેના મોઢામાંથી ખેંચી લીધો હતો મારી રાડા રાડને પગલે અન્ય લોકો પણ ભેગા થઈ ગયા હતા એટલે વરૂ અંધારામાં નાસી ગયો હતો. એટલા બહરાઈ છ વિસ્તારમાં માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં સાત બાળકો સહિત આઠ લોકો વરૂના હુમલાનો શિકાર થયા છે. જ્યારે ૨૦થી જેટલા લોકો વરૂના હુમલાથી ઘાયલ થયા છે. પારસ નામના બાળક અને એ વૃદ્ધની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. વિભાગીય વન અધિકારી અજીત પ્રતાપ સિંઘે વરૂના હુમલા હોવાનું સમર્થન આપ્યું હતું. વરૂના આતંકને પગલે આ વિસ્તારમાં પી એસ સી ના ૧૫૦ જેટલા જવાનો અને વન વિભાગની ૨૫ ટીમો તૈનાત કરવામાં આવી છે.

# મુરાદાબાદમાં બુરખો પહેરીને યુવાન ગર્લફ્રેન્ડને મળવા ગયો, પકડાઈ જતાં સ્થાનિક લોકો દ્વારા ધોલાઈ : પોલીસે લાઈટર-પિસ્તોલ કબજે કરી

## સ્થાનિક લોકોને શંકા જતા યુવાનને પકડી લીધો અને બાદમાં સખત માર મારીને પોલીસને સોંપી દીધો, ઘટનાનો વીડિયો પણ ઉતરી ગયો અને કોઈએ વાયરલ કરી દીધો

(એજન્સી) મુરાદાબાદ, તા.૨

મુરાદાબાદમાં બનેલી એક વિચિત્ર પ્રકારની ઘટનામાં એક યુવાન બુરખો પહેરીને તેની ગર્લફ્રેન્ડને મળવા પહોંચી ગયો હતો. સ્થાનિક લોકોને શંકા જતા તેને પકડી લીધો હતો અને બાદમાં તેને ઢોરમાર મારીને પોલીસને હવાલે કરી દીધો હતો. આખી ઘટના કેમેરામાં કેદ થઈ હતી અને સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થઈ ગયો હતો. યુવાન પાસેથી લાઈટર દેશી પિસ્તોલ પણ મળી આવી હોવાનું કહેવાય છે. યુપીના મુરાદાબાદમાં ધોળે દિવસે આ ઘટના બની હતી. યુવાનની ઓળખ ચાંદ ભૂરા તરીકે થઈ છે. પ્રેમમાં ગળા ડૂબ યુવાન તેની ચાહતથી બુરખો પહેરીને પડોશમાં રહેતી ગર્લફ્રેન્ડને મળવા દોડી ગયો હતો પણ સ્થાનિકોને તેના વર્તનથી શંકા ગઈ હતી. લોકોએ પહેલાં તો તેને ચોર માની લીધો હતો અને કેટલાકે તેને બાળકોને ઉપાડી જનાર તસ્કર ગણાવી દીધો હતો એ પછી તેને પકડીને તેનો બુરખો હટાવી ખૂબ જ ધોલાઈ કરવામાં આવી હતી. બુરખો પહેરેલા યુવાનને જોઈને સ્થાનિક લોકો ચોંકી ગયાનો વીડિયો વાયરલ થયો છે જેમાં યુવાન બિલ્ડિંગની બહાર આવતો દેખાય છે અને લોકો તેની પૂછપરછ કરી રહેલા દેખાય છે. વીડિયોમાં એ પણ દેખાય છે કે, લોકો તેનો બુરખો ઉતારી રહ્યા છે અને બુરખો ઉતાર્યા પછી આ યુવાન નજરે પડતાં લોકોએ તેની પાસે આધારકાર્ડ માંગ્યું હતું અને એ પછી તેને માર મારવાનું શરૂ કર્યું હતું અને પોલીસ આવી ત્યાં સુધી તેને પકડી રાખ્યો હતો. પોલીસ સ્થળ પર આવી જતા લોકોએ તેને પોલીસને સોંપી દીધો હતો. પોલીસે યુવાનને ટોળાની વચ્ચેથી બચાવી લીધો હતો અને તેને કસ્ટડીમાં લીધો હતો પોલીસે પ્રારંભિક તપાસ શરૂ કરી દીધી છે. આ પ્રકારની જ એક બીજી ઘટનામાં યુપીના જ જોનપુરમાં એક હિન્દુ યુવતી એક જુદા ધર્મના તેના બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવા માટે બુરખો પહેરીને સિવિલ કોર્ટમાં આવી પહોંચી હતી. બુરખા હેઠળ આવેલી યુવતીએ તેના માથા પર સિંદૂર પણ લગાડ્યું હતું. લોકોએ યુવાનને પકડીને પોલીસને હવાલે કર્યો હતો અને બાદમાં યુવતીનું અપહરણ કરવાના આરોપસર તેની ધરપકડ કરી લીધી હતી.

### ઓડિશાના ડિપ્રેશનની અસર દેખાશે ગુજરાતમાં

# રાજ્યમાં ચાર સિસ્ટમ સક્રિય થતાં ફરી ભારેથી અતિભારે વરસાદની આગાહી

**● ભારે વરસાદને પગલે દક્ષિણ ગુજરાતની નદીઓમાં ઘોડાપૂર ● તાપીની ઓલણ અને ઝાંખરી, ડાંગની ખાપરી અને નવસારીની પૂર્ણા તેમજ અંબિકા અને કાવેરી નદીઓ બની ગાંડીતૂર ● અનેક ગામો અને નીચાણવાળા વિસ્તારોને કરાયા એલર્ટ**





અમદાવાદ, તા.૨

રાજ્યમાં બીજી ધમાકેદાર ઈનિંગમાં વિસ્ફોટક બેટિંગ કરતા મેઘરાજાએ દક્ષિણ ગુજરાતને બરોબરનું ધમરોળતા અનેક નદીઓમાં પૂરની સ્થિતિ જોવા મળી રહી છે જ્યારે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યમાં વરસાદના પાંચથી સાત દિવસના વિરામ બાદ ફરી એક વખત આજે વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. એવામાં હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાત પર ચાર સિસ્ટમ સક્રિય છે, જેને કારણે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ક્યાંક મધ્યમથી ભારે તો ક્યાંક અત્યંત ભારે વરસાદની શક્યતા છે. ઓરિસા પાસે જે ડિપ્રેશન સર્જાયું હતું એ હાલમાં પૂર્વ પર સક્રિય છે. આ ડિપ્રેશનને કારણે દક્ષિણ અને પૂર્વ-મધ્ય ગુજરાતના ભાગો પર વરસાદની અસર રહેશે. જ્યારે ઉત્તર ગુજરાતના ભાગોમાં રાજસ્થાનના જેસલમેરમાં જે મોન્સૂન ટ્રફ સક્રિય છે એને કારણે વરસાદ રહેશે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ઓફ શોર ટ્રફની અસર રહેશે. આ ઉપરાંત ગુજરાત નજીક ૨૦ અલ્ટિટ્યૂડ ઉત્તરમાં સિયર ઝોન સક્રિય છે. આ ચાર સિસ્ટમને કારણે ગુજરાતમાં આગામી એક સપ્તાહ દરમિયાન મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં આગામી ૨૪ કલાકમાં વરસાદની તીવ્રતાને લઈને જુદાં જુદાં એલર્ટ જાહેર કરવામાં આવ્યાં છે, જેમાં જે જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી હોય ત્યાં રેડ એલર્ટ, અતિભારે વરસાદની આગાહી હોય ત્યાં ઓરેન્જ એલર્ટ અને ભારે વરસાદની શક્યતા હોય એ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

જે મુજબ સુરત, નર્મદા, છોટાઉદેપુરમાં રેલ એલર્ટ તો બનાસકાંઠા, ભરૂચ, વડોદરા, પંચમહાલ, દાહોદ, નવસારી, વલસાડ, તાપી, ડાંગ, દમણ, દાદરા અને નગર-હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જ્યારે અમદાવાદ, ખેડા, આણંદ, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, ભાવનગર, અમરેલીમાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે. તો બીજી તરફ રાજ્યમાં વરસાદી માહોલ છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદને પગલે નદીઓ ગાંડીતૂર બનતાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. તાપીના સોનગઢમાં સાડા આઠ ઈંચ વરસાદ ખાબકતાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. જેને કારણે ઝાંખરી નદી ગાંડીતૂર બની છે ત્યારે ડાંગના વધઈમાં પોણા આઠ ઈંચ વરસાદની ખાપરી નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. તાપીમાં ઓલણ નદીમાં પણ ઘોડાપૂરની સ્થિતિ જોવા મળી રહી છે. જ્યારે નવસારીમાં પણ ભારે વરસાદને પગલે પૂરની સ્થિતિનું નિર્માણ થયું છે. અંબિકા નદીએ ૨૯ ફૂટની ભયજનક સપાટી વટાવીને ૩૨ ફૂટ પર પહોંચી છે. જેને પગલે ગણદેવીના ૧૬ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જ્યારે અંબિકા નદીમાં રેતી ખનન કરવા આવેલી બે ટ્રકો નદીના પૂરમાં તણાતા ૧૦ લોકોના જીવ જોખમમાં મૂકાયા છે. જ્યારે નવસારી શહેરની પૂર્ણા નદી પણ ભયજનક સપાટીની નજીક પહોંચી છે. જેને પગલે નવસારી શહેરના નીચાણવાળા વિસ્તારના લોકોને એલર્ટ કરવામાં આવ્યા છે. જ્યારે અંબિકા નદીના જળસ્તરમાં વધારો થતાં વાંસદા તાલુકાના ૧૩ નાગરિકોને સલામત સ્થળે ખસેડાયા હતા. તો બીજી તરફ ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સોનગઢથી સાપુતારા તરફ જતા માર્ગ પર પાણી ફરી વળતા સાવચેતીના ભાગરૂપે માર્ગ બંધ કરવામાં આવ્યો છે. બીજી તરફ નર્મદા જિલ્લામાં પણ ભારે વરસાદને પગલે ચારે બાજુ પાણી જ પાણીના દશ્યો જોવા મળ્યા હતા. જ્યારે પૂર બાદ વડોદરામાં ફરી વરસાદ શરૂ થયો છે જ્યારે ભરૂચમાં પણ ફરી એકવાર વરસાદી માહોલ જોવા મળ્યો છે. રાજ્યમાં કયાંક ધોધમાર તો કયાંક ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે સવારના ૬થી સાંજના ૬ સુધી રાજ્યના સોનગઢ તાલુકામાં ૮.૫૮ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે વ્યારા ૮.૨૩, વાઘાઈ ૭.૬૪, ઉચ્છલ ૬.૮૫, ડોલવણ ૬.૫૭, વાંસડા ૬.૫૪, સુબીર ૫.૭૯, ભરૂચ ૫.૩૫, ડાંગ-આહવા ૪.૩૩, વાલોડ ૩.૫૪, માંડવી ૨.૬૮, લુણાવાડા ૨.૫૬, પ્રાંતિજ ૨.૪૮, મોરવા (હડફ) ૨.૩૨, ફતેપુરા ૨.૨૪, બારડોલી ૨.૨૦, મહુવા ૨.૦૧, લીમખેડા ૧.૯૭, નાંદોદ ૧.૯૩, તિલકવાડા ૧.૮૯, કપડવંજ ૧.૭૭, જેતપુર પાવી ૧.૭૭, ગરૂડેશ્વર ૧.૬૯, સિંગવડ ૧.૬૯, ઝાલોદ ૧.૬૧, દસક્રોઈ ૧.૫૭, હિંમતનગર ૧.૫૭, વિરપુર ૧.૫૦, બાલાસિનોર ૧.૫૦, સંતરામપુર ૧.૫૦, વાલિયા ૧.૪૬, ગલતેશ્વર ૧.૩૪, ડભોઈ ૧.૩૪, ખાનપુર ૧.૩૦, નડિયાદ ૧.૨૬, નસવાડી ૧.૨૨ જ્યારે ગોધરામાં ૧.૧૮ ઈંચ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં ભાર વરસાદને કારણે વહન વ્યહવાર પર મોટી અસર પડી છે. રાજ્યના ૩૫૭ રસ્તાઓ વરસાદના કારણે બંધ હાલતમાં છે. તેમજ રાજ્યમાં ૨ નેશનલ હાઈવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો છે. રાજ્યના ૨૧ સ્ટેટ હાઈવે તથા ૩૦૫ પંચાયત હસ્તકના રસ્તાઓ પણ બંધ છે.

### હડતાળ પર ઊતરેલા તબીબો સામે કાર્યવાહી થઈ શકે છે

# હડતાળ ઉપર ઊતરેલા રેસિડેન્ટ ડોક્ટરોને સરકારનું અલ્ટીમેટમ

## રેસિડેન્ટ તબીબોનો આરોપ છે કે સ્ટાઈપેન્ડમાં અપાયેલો વધારો ઓછો છે : ૫ વર્ષે ૪૦ ટકા વધારવાની જગ્યાએ ૨૦ ટકા જ વધારો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં હોસ્ટિપલોમાં કામ કરતા રેસીડેન્ટ હોક્ટરો પોતાની વિવિધ માંગ સાથે હડતાલ પર ઊતરી ગયા હતા. તબીબોની હડતાળને કારણે દર્દીઓએ મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. રેસિડેન્ટ તબીબોનો આરોપ છે કે સ્ટાઈપેન્માં અપાયેલો વધારો ઓછો છે. ૫ વર્ષે ૪૦ ટકા વધારવાની જગ્યાએ ૨૦ ટકા જ વધાર્યા હોવાની તબીબોની ફરિયાદ છે. ત્યારે ૩ વર્ષે આપવાનું સ્ટાઈપેન્ડ ૫ વર્ષે આપ્યું, અને તે પણ ઓછુ હોવાથી રેસિડન્ટ તબીબો હડતાળ પર ઊતરી ગયા છે.

રાજ્ય સરકારે હડતાળ પર ઊતરેલા રેસીડેન્ટ ડોક્ટરોને અલ્ટીમેટમ આપી દીધું છે. સરકારે કહ્યું કે સ્ટાઈપેન્ડમાં વધારા સામે અસંતોષને કારણે હડતાળ પર ઊતરેલા તબીબો સામે કાર્યવાહી થઈ શકે છે. સરકારે તબીબોને અલ્ટીમેટમ આપતા કહ્યું કે આવતીકાલે સવારે ૯ કલાક સુધી ફરજ પર ન જોડાનાર રેસીડેન્ટ ડોક્ટરો સામે નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે. હવે તે જોવાનું રહ્યું કે સરકારના અલ્ટીમેટમ બાદ રેસીડેન્ટ ડોક્ટરોની હડતાળનો અંત આવે છે કે નહીં.

સરકારે દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડમાં ગઈકાલ વધારો કરવામાં આવ્યો છે. અગાઉ મળતા સ્ટાઈપેડથી ૨૦ ટકા જેટલો વધારો કરાયો છે. જેને પગલે જૂનિયર ડોક્ટર્સ એસોસિએશન દ્વારા આવતી કાલથી ૪૦ ટકા સ્ટાઈપેંડ વધારા માટે હડતાલ કરવાની રાજ્ય સરકારને ચીમકી અપાઇ છે જે સંપૂર્ણપણે ગેરવ્યાજબી છે. દર્દીઓની સારવારના ભોગે તેમનો આ નિર્ણય અમાનવીય છે. આ ચીમકી દ્વારા દર્દીઓને બાનમાં લેવાની પ્રવૃતિ બિલકુલ સાંખી લેવાય તેમ નથી. ખરી પરિસ્થિતિ તો એ છે કે, રેસીડેન્ટ તબીબોને દેશમાં સૌથી વધુ સ્ટાઈપેંડ આપનાર રાજયોમાં ગુજરાત અન્ય રાજયોની સરખામણીમાં અગ્રેસર છે.

ગુજરાતમાં ઈન્ટર્ન અને રેસીડન્ટ તબીબોને અપાતું સ્ટાઈપેન્ડ સંપૂર્ણપણે ટેક્સ ફ્રી છે જ્યારે આ રેસીડન્ટ તબીબોને ભણાવતા પ્રોફેસરના પગાર ઉપર પણ લાગે છે ટેક્સ. રૂા.૧ લાખથી વધુની રકમનું સ્ટાઈપેન્ડ લાંબા સમયથી રેસીડેન્ટ ડોક્ટરોને આપવામાં આવે છે.તેમાં પણ સરકારે ૨૦ ટકાનો વધારો કરીને ૧,૩૦,૦૦૦ સુધીનું કર્યું છે. દેશમાં અનેક રાજયો માં ૪૦ હજારથી ૭૦ હજાર સ્ટાઈપેંડની સામે ગુજરાતમાં રેસીડેન્ટ તબીબોને અપાતું સ્ટાઈપેંડ રૂા.૧ લાખ થી વધુ છે. વધુમાં અન્ય રાજયોમાં ત્રણ વર્ષના બોન્ડ જેની સામે ગુજરાતમાં એક જ વર્ષના બોન્ડ છે. આ ઈન્ટર્ન અને રેસીડેન્ટ તબીબોને ભણાવતા કરાર આધારિત પ્રોફેસરો કરતા વધુ રકમ સ્ટાઈપેન્ડ રુપે આ રેસીડેન્ટ તબીબોને અપાય છે. રેસીડેન્સી તબીબોને ભણાવતા પ્રોફેસર કરતાં પણ વધુ સ્ટાઈપેન્ડ થાય તેવી આ રેસિડેન્ટ તબીબોની માંગણી સંપૂર્ણપણે ગેરવ્યાજબી છે.

ગુજરાતની સરખામણીએ રેસિડન્ટ ડોક્ટરોને અન્ય રાજ્યોના તબીબોને મળતું સ્ટાઈપેન્ડ ખૂબ ઓછું છે. સૌથી વધુ સ્ટાઈપેન્ડ ચૂકવનાર રાજ્યોમાં ગુજરાત મોખરે છે. છતાં રાજ્યના ૮ હજાર તબીબો વધુ સ્ટાઈપેન્ડની માંગ સાથે આજથી હડતાળ ઉપર ઉતર્યા છે. ગુજરાતમાં રેસીડેન્ટ તબીબોને ૧ લાખથી વધુ સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવે છે.

### શહેરની તારાજીને લઈ ભાજપ શાસકો સામે જનતામાં ઉગ્ર રોષ

# વડોદરાના પૂરગ્રસ્તોમાં હજુ રોષ યથાવત્ કિટ આપવા પહોંચેલ મંત્રીને રસ્તો દેખાડી દીધો

## જેને જરૂર છે તેને આપો, પાણી ભરાવાની કાયમી સમસ્યા છે તેનો નિકાલ લાવી આપો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨

વડોદરામાં આવેલા પૂરે તારાજી સર્જી દીધી છે. ૪૮ કલાક સુધી જેમને કોઇ જોવા શું પુછવા પણ નથી આવ્યું અને જેમણે બે દિવસ પૂરના પાણીમાં કાઢ્યાં છે. તેમનો રોષ ભાજપના નેતાઓ સામે નીકળે તે સ્વાભાવિક છે. હાલ તો ભાજપના નેતાઓ પ્રજાના રોષનો સામનો કરી રહ્યાં છે. ત્યારે હવે ડેમેજ કંટ્રોલ કરવા માટે સ્થાનિક નેતાઓ સાથે હવે સરકારના મંત્રીઓને શહેરની મુલાકાત લેવા માટે મોકલવામાં આવી રહ્યાં છે. ભાજપ માટે ફોટો સેશન એટલે સોશિયલ મીડિયા પરની હાજરીનો એક મજબૂત પુરાવો છે. સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓ જ્યાં નથી પહોંચી શકતા ત્યાં સુધી પહોંચી જાય છે અને તેમાં પણ આ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

નેતાઓના સમર્થકો મોટી સંખ્યામાં તેમની પોસ્ટ શેર કરતા જોવા મળે છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી વડોદરાની મુલાકાત લઇ રહ્યાં છે. આ સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પૂરગ્રસ્ત વિસ્તારો અને શહેરની સ્થિતિનો તાગ મેળવવા વડોદરા આવી પહોંચ્યાં હતા. ત્યારબાદ આજરોજ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કલેક્ટર કચેરી ખાતે અધિકારીઓ સાથે સમિક્ષા બેઠક યોજી શહેરની પરિસ્થિતિનો તાગ મેળવ્યાં હતો. ત્યારે હવે પૂર્વ વિસ્તાર વાઘોડિયા રોડની સોમનાથ સોસાયટીમાં રાજ્યના શિક્ષણમંત્રી કુબેર ડીંડોર પૂર ગ્રસ્તો માટે ભાજપે તૈયાર કરેલ કિટ વિતરણ કરવા માટે પહોંચ્યાં હતા. આ સોસાયટીના મકાનો જોતા લાગે છે કે, અહીં રહેતા રહીશોને રાહત સામગ્રીની જરૂર નથી પરંતુ કાયમી ધોરણે વરસાદી પાણી ભરાતા હોય તેના નિકાલની જરૂર છે. અને આ વાત સાચી પણ છે, કારણ કે, સોસાયટીમાં રહેતા એક મહિલાએ જણાવ્યું કે, અમારે કિટની જરૂર નથી જેને જરૂર છે તેને આપો... તમે ખાલી વરસાદી પાણી ભરાય છે, તેનો કાયમી નિકાલ કરી આપો. જોકે કેટલાક જરૂરીયાતમંદોએ ભાજપની રાહત સામગ્રીની કીટો સ્વીકારી પણ હતી. બીજી તરફ પૂર ગ્રસ્ત એક ભાઈએ તો સરકારના શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને દૂરથી જ રામ રામ કહીં રસ્તે દેખાડી દીધો હતો.

# સુરતના બિલ્ડરના રિમાન્ડ મુદ્દે સુપ્રીમના તિરસ્કાર કેસમાં પી.આઈ. રાવલને ૨૫ હજારનો દંડ ફટકારાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

શહેરના બિલ્ડર તુષાર શાહના રિમાન્ડ મુદ્દે સુપ્રીમ કોર્ટના તિરસ્કારના કેસમાં પી.આઈ આર.વાય. રાવલ અને એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને દોષિત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે સુપ્રીમ કોર્ટે બંનેને આજે હાજર રહેવા જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે પી.આઇ. રાવલને સુપ્રીમ કોર્ટનો તિરસ્કાર કરવા બદલ ૨૫૦૦૦નો દંડ ફટકાર્યો છે. જ્યારે તેની સાથે એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને માફી પત્ર લખાવી માફ કર્યા છે.

**એડિશનલ ચીફ જ્યુ. મેજિસ્ટ્રેટને માફી પત્ર લખાવી માફ કર્યા**

ઠાકોરજી ડેવલોપર્સના બિલ્ડર અભિષેક ગોસ્વામી નોંધાવેલી ૧.૬૫ કરોડના ચીટીંગની ફરિયાદમાં વેસુ પોલીસે આરોપી એવા તુષાર રજનીકાંત શાહ સામે સુપ્રીમ કોર્ટના હુકમની ઉપરવટ જઈ કાર્યવાહી કરતા મામલો ગંભીર બન્યો હતો.આ સમગ્ર પ્રકરણ સુપ્રીમ કોર્ટ પહોંચ્યું હતું. જ્યાં સુપ્રીમ કોર્ટે પોલીસ અધિકારીઓ અને મેજિસ્ટ્રેટ દીપાબેન ઠાકરને તિરસ્કારની નોટિસ જારી કરી હતી. અધિકારીઓમાં તત્કાલીન પોલીસ કમિશનર અજય તોમર, ડીસીપી વિજયસિંહ ગુર્જર સહિત કોન્સ્ટેબલ પીઆઇ રાવલને નોટિસ આપવામાં આવી હતી. જોકે આ સમગ્ર મામલે સુપ્રીમ કોર્ટે પોલીસ કમિશનર, ડીસીપી, કોન્સ્ટેબલ અને અભિષેક ગોસ્વામીને આરોપોથી ડિસ્ચાર્જ કર્યા છે. જ્યારે બીજી બાજુ પીઆઇ રાવલ અને એડી.ચીફ જ્યૂડિશિયલ મેજિસ્ટ્રેટને દોષી જાહેર કરી બીજી સપ્ટેમ્બરે હાજર રહેવા આદેશ કરાયો હતો.

સીટી લાઇટ રોડ પર સૂર્યા પેલેસમાં રહેતા અભિષેક વિનોદકુમાર ગોસ્વામી ઠાકુરજી ડેવલોપર્સના નામે કન્સ્ટ્રક્શનનો ધંધો કરે છે. અભિષેકે વેસુ વીઆઈપી રોડ પર શ્રેષ્ઠા ગૃપ દ્વારા બનાવાયેલા સોલેરિયમ બિઝનેસ સેન્ટરમાં સુમિત ગોએક્રાના માધ્યમથી પંદર દુકાન બુક કરાવી હતી. વિનોદ ગોસ્વામીએ સુમિત ગોએક્રાને સાથે રાખી શ્રેષ્ઠા ગ્રુપ ડેવલોપર્સના ભાગીદાર ભાવિન દુર્લભ પટેલ, પ્રદીપ તમાકુવાલા, વસંત પટેલ, તુષાર શાહ સાથે મિટિંગ કરી ૧.૬૫ કરોડમાં સોદો કર્યો હતો. સુમિત ગોએક્રા ઉપરાંત રાજુ સિંગ અને ઓમકાર સિંગ પણ સોદામાં તથા ફૂલ પેમેન્ટની ડાયરી બની એ સમયે હાજર હતા. ફૂલ પેમેન્ટ કર્યા બાદ દસ્તાવેજ કરી આપતા ન હોવાના આરોપ સાથે અભિષેક ગોસ્વામીએ તુષાર શાહ એન્ડ કંપની સામે ફરિયાદ આપી હતી. આ કેસમાં શ્રેષ્ઠા ગૃપના તુષાર રજનીકાંત શાહે સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી હતી. ૮ ડિસેમ્બર, ૨૦૨૩એ સુપ્રીમ કોર્ટે તુષાર શાહને શરતી જામીન આપ્યા હતા. આ જામીન મળ્યા પછી સુરત પોલીસે ઉદ્યોગપતિને કસ્ટડીમાં લઈને ટોર્ચર કર્યા અને પૈસાની માગણી કરી એવો આક્ષેપ થઈ રહ્યો છે. આ માટેની કોર્ટના તિરસ્કારની અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ હતી. ઉદ્યોગપતિ તુષારભાઈ શાહ તરફથી હાજર થયેલા વકીલોએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તુષારભાઈને સર્વોચ્ચ અદાલતે આગોતરા જામીન આપ્યાના ચાર દિવસમાં ૧૩ ડિસેમ્બરે તુષાર શાહને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તુષાર શાહને ૧૬ ડિસેમ્બર સુધી કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. તેઓએ સુપ્રીમ કોર્ટને વધુમાં જણાવ્યું કે શાહને કસ્ટડીમાં ત્રાસ આપવા સાથે ૧.૬૫ કરોડની માગણી કરાઈ હતી. ઉદ્યોગપતિના વકીલોએ સુપ્રીમ કોર્ટના આદેશના તિરસ્કારની અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટ આ અરજી બાદ લાલઘૂમ થઈ હતી. સુપ્રીમ કોર્ટે ગુજરાતના અધિક મુખ્ય સચિવ કમલ ડાયાણી, તત્કાલીન સુરત પોલીસ કમિશનર અજય તોમર, નાયબ પોલીસ કમિશનર વિજયસિંહ ગુર્જર, ઈન્સ્પેક્ટર આર.વાય. રાવલને નોટિસ પાઠવી હતી. નોટિસમાં પૂછાયું હતું કે, સુપ્રીમ કોર્ટમાંથી જ્યારે જામીન મંજૂર કરાયા છે તો પછી તપાસ અધિકારી રિમાન્ડ માટે નીચલી અદાલતમાં અરજી કરવાની હિંમત કેવી રીતે કરી શકે? જામીન હોવા છતાં તેને કસ્ટડીમાં કેવી રીતે લઈ શકાય? જસ્ટિસ બી.આર. ગવઈ અને સંદીપ મહેતાની સુપ્રીમ બેંચ પોલીસ અધિકારીઓ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ દીપાબેન ઠાકરના વર્તન પર ગુસ્સે થઈ હતી અને કહ્યું હતું કે આ જાણી જોઈને કરવામાં આવ્યું છે. આ કોર્ટના આદેશનો ઘોર તિરસ્કાર છે, જેના માટે તેમને છોડી શકાય નહીં અને ટોચથી શરૂ કરીને પોલીસ અધિકારીઓ સામે પગલાં લેવા પડશે.

સુપ્રીમ કોર્ટે તુષાર શાહને જે પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા ત્યાંના સીસીટીવી ફૂટેજ પણ માંગ્યા હતા. જો કે પોલીસ તે આપી શકી ન હતી. સુપ્રીમે કહ્યું કે, એ ચાર દિવસ દરમિયાનના જ સીસીટીવી નથી એનો અર્થ એ કે આ બધું ઈરાદાપૂર્વક જ થયું છે. સુરત ડાયમંડ હબ છે અને દેશનું સૌથી મોટું બિઝનેસ સેન્ટર છે. આવી સ્થિતિમાં સીસીટીવી કેમ કાર્યરત નથી, તેનો જવાબ સુરત પોલીસે આપવો જ પડશે. પોલીસ વતી રાજ્ય તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી.રાજુએ બિનશરતી માફીની ઓફર કરી હતી. પરંતુ ખંડપીઠે આમ કરવાનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે પોલીસ અધિકારીઓ અને મેજિસ્ટ્રેટ દીપાબેન ઠાકરને તિરસ્કારની નોટિસ જારી કરી હતી. આ રીતે સુપ્રીમ કોર્ટે આકરૂં વલણ અખત્યાર કરી કેસ ચલાવ્યો હતો. જેમાં જસ્ટિસ બી. આર. ગવઈ અને સંદીપ મહેતાએ રિમાન્ડ માંગનાર વેસુ પોલીસ મથકના ઈન્સ્પેક્ટર રાવલ અને રિમાન્ડ આપનાર એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દીપાબેન ઠાકરને સુપ્રીમ કોર્ટનો તિરસ્કાર કરવા માટે દોષી જાહેર કર્યા હતા.

### સિનિયર સિટિઝન મહિલાને વારંવાર ધક્કા ખવડાવવા પડ્યા ભારે

# પતિના ડેથ સર્ટિફિકેટમાં ભૂલ સુધારવા આનાકાની બદલ હાઈકોર્ટે અ.મ્યુ.કો.ની ઝાટકણી કાઢી

## નાયબ મ્યુ. કમિશનરને હાજર રહીને અદાલતની માંફી માંગવી પડી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨

અમદાવાદમાં રહેતા સિનિયર સિટીઝન મહિલાના પતિના ડેથ સર્ટિફિકેટમાં ભૂલ સુધારવામાં આનાકાની અને ભારે વિલંબ કરવાના કેસમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢવામાં આવી હતી. એટલું જ નહિ અમ્યુકોના નાયબ મ્યુનિસીપલ કમિશનરને હાજર રહીને અદાલતની માફી માંગવી પડી હતી. ત્યારબાદ તેઓએ મહિલાના પતિના મૃત્યુના પ્રમાણપત્રમાં ભૂલ સુધારી આપવાની ખાતરી આપી હતી. અરજદાર મહિલા તરફથી રિટ અરજીમાં જણાવાયું હતું કે, તેના પતિની સિવિલ હોસ્પિટલમાં સારવાર થઇ હતી અને તે દરમ્યાન તેમના મૃત્યુ બાદ તેણે અમ્યુકોમાંથી તેમના મરણનું પ્રમાણપત્ર કઢાવ્યું હતું જો કે, અમ્યુકોએ તેમના પતિના નામના સ્પેલીંગમાં ભૂલ કરી હતી અને હવે સુધારો કરી આપવાની ના પાડે છે અને કેટલાય મહિનાઓથી તેને ધક્કા ખવડાવી રહ્યા છે. આ બાબતે હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી અને અંતે અમ્યુકોને કડક તાકીદ કરી હતી કે, આવી અરજીઓ કિસ્સાઓમાં અમ્યુકો સત્તાધીશોએ યોગ્ય નિકાલ કરવો અને કોર્ટનું બિનજરૂરી ભારણ વધારવુ નહીં. બીજી બાજુ હાઈકોર્ટે અમ્યુકો સત્તાધીશોની આકરી ટીકા કરતાં જણાવ્યું કે, ચાર મહિનાથી સિનિયર સિટીઝન મહિલા અમ્યુકો અને સિવિલ હોસ્પિટલ વચ્ચે ધક્કા ખાઇ રહી છે. સર્ટિફિકેટમાં સુધારો કરી આપવાની જગ્યાએ અમ્યુકો કર્મચારીઓએ તેને સિવિલ હોસ્પિટલના ધક્કા ખવડાવ્યા છે. આ કેસની સુનાવણી દરમ્યાન સાઉથ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને અદાલત સમક્ષ હાજર રહેવું પડ્યું હતું અને તેમણે હાઈકોર્ટની બિનશરતી માફી માંગી હતી. તેમણે મહિલાના પતિના ડેથ સર્ટિફિકેટમાં પુરાવા રજૂ થયેથી જરૂરી સુધારો કરી આપવાની ખાતરી આપી હતી. સાથે સાથે ભવિષ્યમાં આવુ નહી થાય તેવી કોર્ટને હૈયાધારણ આપી હતી. હાઈકોર્ટે ટકોર કરી હતી કે, બધા દસ્તાવેજો ચેક કરીને યોગ્ય ખરાઇ કર્યા બાદ મૃત્યુનું પ્રમાણપત્ર સુધારી આપવાની અમ્યુકોની જવાબદારી છે અને પ્રસ્તુત કેસમાં ખુદ અમ્યુકો કર્મચારીઓની જ ભૂલ હોવા છતાં સિનિયર સિટીઝન મહિલાને ધક્કા ખવડાવાયા છે અને તેને ભૂલ સુધારી આપવામાં આવી નથી. આ પ્રકારની અરજીઓ આવે તો તેનો યોગ્ય રીતે નિકાલ કરવા હાઈકોર્ટે અમ્યુકો સત્તાધીશોને ટકોર કરી હતી અને પક્ષકારોને આવી નાની વાતોમાં કોર્ટ સુધી આવવું ના પડે અને બિનજરૂરી રીતે કોર્ટનું ભારણ નહીં વધારવા કડક તાકીદ કરી હતી.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS